ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

પ્રબુદ્ધ જીવન

(ઈ.સ. ૧૯૨૯થી)

YEAR : 7 • ISSUE : 4 • JULY : 2019 • PAGES : 52 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ – ૭ (કુલ વર્ષ ૬૭) અંક – ૪ • જુલાઈ ૨૦૧૯ • પાનાં – ૫૨ • કિંમત રૂા. ૩૦/-

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા : ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન : ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન' : ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૭.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

વિશેષ નોંધ :

- પ્રબુધ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે.જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી	(૧૯૨૯ થી ૧૯૩૨)
ચંદ્રકાંત સુતરિયા	(૧૯૩૨ થી ૧૯૩૭)
રતિલાલ સી. કોઠારી	(૧૯૩૩ થી ૧૯૩૩)
તારાચંદ કોઠારી	(૧૯૩૫ થી ૧૯૩૬)
મણિલાલ મોકમચંદ શાહ	(૧૯૩૯ થી ૧૯૫૧)
પરમાણંદ કુંવરજી કાપડિયા	(૧૯૫૧ થી ૧૯૭૧)
જટુભાઈ મહેતા	
ચીમનલાલ ચકુભાઈ શાહ	(૧૯૭૧ થી ૧૯૮૧)
ડૉ. રમણલાલ ચી. શાહ	(૧૯૮૨ થી ૨૦૦૫)
ડૉ. ધનવંત તિલકરાય શાહ	(૨૦૦૫ થી ૨૦૧૬)
ડૉ. સેજલ એમ. શાહ	(એપ્રિલ ૨૦૧૬...)

રજિસ્ટર્ડ ઑફિસ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email : shrimjys@gmail.com

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	લેખક	પૃષ્ઠ
૧.	તંત્રી સ્થાનેથી...	સેજલ શાહ	૩
૨.	સંઘના પ્રતિનિધિઓ અમેરિકાના પ્રવાસે	બકુલ ગાંધી	૬
૩.	આધુનિક મેનેજમેન્ટમાં જૈન ધર્મ !	કુમારપાળ દેસાઈ	૭
૪.	ઉપનિષદ્‌માં વૈશ્વાનર અગ્નિવિદ્યા	નરેશ વેદ	૧૦
૫.	નિર્હેતુક ભક્તિના માર્ગને સમજીએ	તત્વચિંતક વી. પટેલ	૧૨
૬.	અલૌકિકતા	ભાણદેવ	૧૪
૭.	જીવનપંથ : મારા શબ્દો ભલે નાશ પામે...!	ભદ્રાયુ વછરાજાની	૧૭
૮.	વીરચંદ ગાંધીના એકાગ્રતા (concentration) વિશેના વિચારો	રશ્મિ ભેદા	૧૮
૯.	ચાર પ્રકારના અભાવ	હેમાલી સંઘવી	૨૧
૧૦.	મનને ઓળખો ને તમારી માન્યતાને બદલો...	સુબોધી સતીશ મસાલિયા	૨૨
૧૧.	સંવેદનશીલ મહાદેવભાઈ	શાંતિલાલ ગઢિયા	૨૩
૧૨.	સમ્યગ્‌દર્શન સત્યનું દર્શન	મહેન્દ્ર પુનાતર	૨૫
૧૩.	શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ	રતનબેન ખીમજી છાડવા	૨૬
૧૪.	જૈન પરંપરાના પુનરુદ્ધારકો : મહામહિમાવંતા સાધ્વીશ્રી લાભશ્રીજી મહારાજ	આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી	૨૮
૧૫.	પંથે પંથે પાથેય	ગીતા જૈન	૨૯
૧૬.	વિચાર : મંથન : આપણે	કાકુલાલ છ. મહેતા / ડી. એમ. ગોંડલિયા / રવિલાલ વોરા / જયકાન્ત એસ. ઘેલાણી / પારસભાઈ પ્રવીણચંદ્ર મહેતા	૩૧
૧૭.	યુગદૃષ્ટા યોગનિષ્ઠનો જ્ઞાનવૈભવ	ઉત્પલા કાન્તિલાલ મોદી	૩૮
૧૮.	ગાંધી વાચનયાત્રા : મહાત્મા ગાંધી વિશે માહિતી આપતી સૌથી મોટી વૅબસાઈટ	સોનલ પરીખ	૪૦
૧૯.	'કલ્યાણ'ની આગળ વધતી કલ્યાણયાત્રા...	રમેશ બાપાલાલ શાહ	૪૧
૨૦.	Mahavira's illuminous Echo	Prachi Dhanvant Shah	૪૩
૨૧.	જૂન અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે :	રમજાન હસણીયા	૪૫
૨૨.	સર્જન-સ્વાગત	રશ્મિ ભેદા	૪૮
૨૩.	ભાવ - પ્રતિભાવ	-	૪૯
૨૪.	કૃતિ, આકૃતિ અને પ્રકૃતિ	સવજી છાયા - દ્વારકા	૫૧
૨૫.	જો હોય મારો અંતિમ પત્ર તો....	પ્રવીણ દરજી	૫૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૫ • વીર સંવત ૨૫૪૫ • અષાઢ સુદ -૧૫

માનદ્ તંત્રી : સેજલ શાહ

તંત્રી સ્થાનેથી...

જરા જુદી રીતે જોવાથી કેટલું બધું બદલી શકાય છે ...

જુલાઈ મહિનાનો તંત્રીલેખ અમેરિકાની ભૂમિ પરથી લખવાનો થયો છે. વિશાળ ભૌગોલિક ક્ષેત્ર ધરાવતા આ દેશમાં માદરે વતનથી ગયેલા લોકો પોતાના ધર્મ અને સંસ્કાર કઈ રીતે જાળવી રાખે છે, તે રસ પડે તેવો વિષય છે. એવું શું છે કે તેમને જોડી રાખે છે ? અજાણ્યા પ્રદેશમાં લોકો સામાન્ય રીતે એક હુંફભર્યું, અનુકુળ વાતાવરણ અને સમાનતા શોધતા જ હોય છે અને તેનાથી તેમને અનુકૂળ લાગણીની અનુભૂતિ થતી હોય છે. આવો માનવનિર્મિત સમૂહ દરેક દેશમાં હોય છે. આ સમૂહની શક્તિ અને સંઘભાવના એકબીજાને પોષે છે. કેટલાક લોકો એમાંથી ઉત્તમ પરિણામ લાવી શકે છે. જેના પરિણામરૂપે જોઈએ તો અમેરિકામાં ભરાતું જૈના સંમેલન. છેલ્લા ૨૦-૨૨ વર્ષથી આનું આયોજન થાય છે. અને તેની પાછળ કેટલીક ઉત્તમ વિચારણા અને કાર્યપધ્ધતિ કાર્ય કરે છે. પોતાને વિસરીને સમાજને આગળ લાવવાની ભાવના, પોતાના પછીની પેઢીને એક સંસ્કાર અને વાતાવરણ આપીને જવાની ભાવના અને સમાજના ઉત્તમ માધ્યમો-સંશાધનો-પરિબળોને ભેગા કરી સાથે લાવવાની એક વિશાળ, ઊંડી અને દીર્ઘ-દૃષ્ટિ અહી જોવા મળે છે. આ કાર્ય એક વ્યક્તિનું નહીં પણ એક instituteનું છે, એની પાછળ અનેક વ્યક્તિ હોય છે, જે બધી જ પોતાની વ્યક્તિમત્તાને ભૂલીને માત્ર અને માત્ર સંસ્થાને યાદ રાખે છે. અને આવું બને ત્યારે એ કાર્યની મહેક દેશ-વિદેશ ફેલાતી હોય છે. જૈનામાં આવી રીતિ-પધ્ધતિ જોવા મળી,એક અનુભવ સદાય યાદ રહે તેવો અને એક સંસ્થા કેવી વટવૃક્ષ બની છે, તેનો આનંદ. અને તે પણ અમેરિકામાં- તેથી વિશેષ આનંદ.

★★★

એક તરફ ભૌતિકતાના મોહમય સાધનો લોકોને સ્વભાન ભુલાવી દે છે. બીજી તરફ આજે પણ એક નવી તકની અપેક્ષાએ કેટલાય લોકો પોતાના અસ્તિત્વ, ધર્મ, સંસ્કાર વીસરીને અમેરિકામાં પ્રવેશ મેળવવા અધીર બને છે, તે જોઈને કરુણા જન્મે છે. ત્રીજી તરફ આ ભૌતિકતાથી નિર્મોહી રહીને પોતાના આ કામમાં મગ્ન અને જે ઉપસ્થિત છે તે પરિસ્થિતિની વચ્ચે ધર્મ-સંસ્કારની સુગંધ સતત જીવંત રાખતા કેટલાક અદભુત વ્યક્તિ વિશેષને મળવાનું અમેરિકામાં થયું. પરંતુ સૌથી પહેલા આ અજાણી ભૂમિ પર પોતાના કામ અને સંશોધનમાં મગ્ન એવા છેલ્લા ૪૦-૫૦ વર્ષથી મગ્ન અને ભારત અને અમેરિકા વચ્ચે એક મજબૂત કડી બની રહેનાર શ્રી દિલીપભાઈ શાહની વાત

> **આ અંકના સૌજન્યદાતા**
>
> **સ્વ. પ્રાણજીવનદાસ વનેચંદ શાહ**
> **તથા સ્વ. કાંતાબેન પ્રાણજીવનદાસ શાહની**
> **પુણ્ય સ્મૃતીમાં હસ્તે**
> **શીલ્પાબેન દિપક શાહ અને**
> **લક્ષ્મી બિમલ શાહ**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
● જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
● Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

કરવી છે. ફિલાડેલ્ફીઆમાં રહેતા અને ઇતિહાસના જીવંત પાનાં જેવી વિભૂતિના ઘરની ૩૦મેં માળની બારીમાંથી ભવિષ્યનું એજ સશક્ત ચિત્ર દેખાય છે.

પોતાના જીવનના મહત્વના વર્ષો તેમને અમેરિકામાં કાર્ય કરતા કરતા વતન ભૂમિ સાથે જોડાણ તેમને જાળવી રાખ્યું છે.

તેમને જોઈને સમજાયું કે જે શિસ્તપ્રિય છે તે પોતાના દરેક કાર્યને વધુ સજ્જડ પરિણામ આપી શકે છે. અને તે નામ એટલે દિલીપભાઈ શાહ. ફિલાડેલ્ફીઆમાં રહેતા દિલીપભાઈ અને સરલાબેન- એટલે જૈન સમાજનું એક અનેરું દંપતી. છેલ્લા ઘણા વર્ષથી તેમને મળવાનું બન્યું પરંતુ આ પ્રવાસ દરમ્યાન તેમના કાર્ય અને વિસ્તારનો પરિચય થયો.

તેમની સમૃધ્ધ લાયબ્રેરીના પુસ્તકો જોઈ મન ખીલી ઉઠે અને તે પુસ્તકો વાંચવા તેમના ઘરે બેસીએ તો વર્ષ પણ ઓછું પડે, જયારે મેળવવું હોય છે ત્યારે વ્યક્તિ ગમે ત્યાંથી, ગમે ત્યારે મેળવી શકે છે. તેમ જ તેમને દેશ-વિદેશના કોઈ સીમાડા નડતા નથી અને જે મેળવવું હોય તે મેળવીને ઝંપે છે. કાર્ય માટેની તેમની ધગશ, તેમને કોઈ અડચણનો અનુભવ કરવા દેતી નથી. તેમના લખેલા લેખની વિશેષતા એ છે કે તેઓ જાહેર સંસ્થાના કેટલાક બહુ જ મહત્વના કાર્ય પ્રત્યે સહુનું ધ્યાન ખેંચે છે અને તેને પ્રોત્સાહિત કરે છે. ઈતિહાસ-ફિલોસોફી-જૈન તત્વ અને જૈન સાહિત્ય, તેમના રસના વિષયો છે, સાથે વિકાસ અને ટેકનોલોજીથી પણ તેઓ પૂરતા પરિચિત છે. તેમના સંશોધનાત્મક સ્વભાવને લીધે તેઓ સતત નવા કાર્યો હાથમાં લેતા રહ્યા છે અને એમાં દરેકને જોડતા રહ્યા છે. આજે ભારતના અનેક વિદ્ધાનો સાથે તેઓ સંપર્કમાં રહીને તેમને અમેરિકા સાથે અને અમેરિકાના પ્રબુદ્ધોને ભારત સાથે જોડતા રહ્યા છે. દિલીપભાઈ આજે પણ નવા વિદ્યાર્થી કે સંશોધકોને ખુબ ઉત્સાહપૂર્વક પેન્સીલવેનિયા યુનિવર્સીટીમાં આવેલી હસ્તપ્રત અને અન્ય વિભાગો દેખાડવા લઇ જાય છે, અને આ સંશોધકોની જઠરાગ્નિ સંતોષે છે એમની પત્ની સરલાબેનનો વાત્સલ્યસભર સ્વભાવ. આ દંપતીની સાથે રહેવું, એમની સાથે ફિલાડેલ્ફીઆના મારગ પર ફરવું અને એમની સાથે ઈતિહાસના પાના ઉકેલવા, એ એક ઉત્સવ છે. મુંબઈ-અમદાવાદના વિદ્ધાનોએ મને કહ્યું હતું કે 'દિલીપભાઈ છે એટલે તમે નચિંત રહેજો', મને કહેવાનું મન થાય છે કે આ વિદ્યાપ્રેમી, અહિંસાપ્રેમી, જીવદયાપ્રેમી માણસ હોય ત્યાં નવી અપાર શક્યતાઓ ઉઘડી આવે છે, સ્ફૂર્તિ બરકરાર રાખજો... તમ દંપતિને એક ઉત્તમ શ્રાવક અને શ્રાવિકા કહું, તો વધુ નહીં જ ગણાય !!

★★★

સમી સાંજનો સમય છે, રાતના આઠ વાગ્યા છે, હજી સુધી અહી સુરજ આથમ્યો નથી, સોનેરી પ્રકાશથી પૃથ્વી રંગાયેલી છે. સુરજ ધીરે ધીરે પર્વતની પાછળ લપાઈ રહ્યો હોય તેમ લાગે છે. હું પર્વતની બીજી બાજુ છું, મને આથમતો સુરજ દેખાતો નથી. પણ સોનેરી આભા છવાયેલી હોવાને કારણે મને વર્તાય છે કે હજી આ દેશમાંરાત પડી નથી. પણ પર્વતની બીજી બાજુ હોવાથી મારો પડછાયો પડતો નથી, પર્વતનો પડછાયો મારા પર પડી રહ્યો છે. દૂર સુધી આભા ફેલાયેલી ધીરે ધીરે સંકોરતી જાય છે. હવે બધું ધુંધળું દેખાય તે પહેલા હજારોના વોલ્ટવાળી વીજળીના દીવા મારી આંખોને આંજી દે છે, હવે મને બધું અતિશય ઘેરું દેખાય છે અને બહુ વાર સુધી આ ઝીલી નથી શકાતું. આકાશમાં કોઈ પંખી નથી. રસ્તા પર દુર સુધી કોઈ માણસો નથી, ગાડીઓ ધમધમાટ કરતી દોડી રહી છે, પણ બધું જ હારબંધ ચાલે છે, કોઈ આવીને કાનમાં કહે છે કે જમણી બાજુએ અહીં ચાલવાનો રિવાજ છે, તરત બાજુ બદલાય છે પણ જેનું ડાબું મગજ ચાલતું હોય તે જમણી બાજુની શિસ્તતામાં કઈ રીતે બેસે ? બેસવું પડે કારણ હારબંધ જો લાઈન તૂટે તો પાછળ આવનારા બધા જ ગેરમાર્ગે દોરવાય. કારણ કોઈ પોતાની આંખે નથી ચાલતું આગળના પગને અનુસરે છે. હું રસ્તાની વચ્ચોવચ ઉભી રહી જાઉં છું, એટલે તેઓ મને પર્વતની ટોચે મૂકી જાય છે, વનમાં જવાનો રસ્તો દેખાડી દે છે, વનમાં આરંભાય છે, જીવનનો પ્રથમ અધ્યાય. વનના અધ્યાય વિષે વાત હવે પછી. બધા જ પડળો એકસાથે ઉચકાય તો જીરવવા ભારે પડે. પણ આપણે આપણી જાતને પૂછવાનું રહે કે અધરાતે-મધરાતે ઊંઘ ઉડી જાય છે, એવા પ્રસંગો જીવનમાં કરવા કેમ પડે ? અઘરું છે, સાવ સરળ અને સહજ બનવું, પણ વનનું સખ્ય અને વન પ્રવાસ તમને એવા બનાવશે, પ્રવેશ પહેલા સાવ મુક્ત કરશે, પણ તમારે શું સાચે આંચળો ખેરવવો છે કે માત્ર તત્કાલીન શો માટે? મુખોપમુખ થાઓ, અરીસા સામે જાઓ, આંખ સાથે આંખ મેળવો, જવાબ ભીતરે જ પડ્યો છે.

★★★

'૨૧મી સદીમાં જૈન ધર્મ' આ વિષય પર જૈનાએ સમારોહનું કેન્દ્ર રાખ્યું હતું અને દેશ-વિદેશથી અનેક વિદ્વાન વક્તાઓને આમંત્રણ અપાયું હતું. જૈનાનું પૂરું નામ છે : ફેડરેશન ઓફ જૈન એસોસીએશન ઈન નોર્થ અમેરિકા. જેના વિષે વિગતે વાત હવે પછી કરતા રહેશું.

જૈના કન્વેનશનની અઢળક વાતો આવનારા સમયમાં આપણે કરશું. હજી હું વતનની ભૂમિથી દુર છું.પરંતુ, વાતનો આરંભ આપણને આ કન્વેનશનની એક બહુ જ મહત્વની બાજુ પાઠશાળાથી શરૂ કરું.

આજે જૈન સમાજ સ્વીકારે કે ન સ્વીકારે, પરંતુ સૌથી મોટો પ્રશ્ન ધર્મનો આવનારા સમયનો ઈતિહાસ અને ધર્મનું આવનારા સમયનું સ્વરૂપ ક્યાં પ્રકારનું હશે, તેનો છે. આપણે ગમે તેટલી

વાતો કરીએ અને જૈન ધર્મના મર્મ અને તાત્વિક ભૂમિકાના ઊંડાણને સમજીએ પણ એક જોડાણ ક્યાંક તૂટતું વર્તાય છે. આ જોડાણને જોડવાનો અને શાશ્વત ધર્મના મૂલ્યને જાળવવાનો અથાગ પ્રયત્ન પ્રવીણભાઈ શાહ અને એમની ટીમ પાઠશાળા મારફત કરી રહ્યા છે. આજે અમેરિકમાં પાઠશાળાના ૫૦થી વધુ સેન્ટરો હશે. એમને માટે એક જ અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. જેને મૂળ ભાષા અને અંગ્રેજી ઉચ્ચાર અને સમજૂતી સાથે આ યુવાનોને શીખવાડાય છે. દરેક સેન્ટર પાસે પોતાના શિક્ષકો છે. જેઓ આ બાળકોને તૈયાર કરે છે. આ શિક્ષકો પોતાના ઓફિસ-ઘરના કાર્ય પછી આટલો સમય ફાળવે છે. મોટાભાગના સંઘમાં પાઠશાળા માટે વર્ગની ફાળવણી કરાય અથવા કોઈના ઘરે પણ શીખવાડાય પરંતુ જ્યારે આ સ્પર્ધા હોય છે ત્યારે શિક્ષકો વિશેષ સમયની ફાળવણી કરી ખૂબ જ જહેમતથી બાળકોને તૈયાર કરે છે.

પાંચ વર્ષથી લઈને સોળ-સત્તર વર્ષના બાળકો વધુ સહભાગી બને છે, આ બાળકોને જે સવાલ પુછાય છે તેમાં અર્થ અને તાર્કિકતાને આમેજ કરાઈ હોય છે. બે થી ત્રણ દિવસ સુધી એક તરફ સમારોહ સંપન્ન થતો હતો તો બીજી તરફ પાઠશાળાના બાળકોની સ્પર્ધા ચાલુ હતી. દરેક સંઘ પોતાના ભાગ લેનાર સ્પર્ધકને નક્કી કરીને મોકલાવે. પણ અહીં મોકલાવતા પહેલાં જે તે સંઘના પાઠશાળાના શિક્ષક એમને તૈયાર કરે છે તે જોવાનું અને સમજવાનું રસપ્રદ હોય છે. તૈયાર કરેલી પ્રશ્નાવલી સૌ પ્રથમ ધ્યાનમાં લેવાવી જોઈએ કારણ અહીં સ્થાનકવાસી, દેરાવાસી, દિગમબર જેવા કોઈ ફાંટા અહીં હોતા નથી. જ્ઞાન માત્ર જ્ઞાન રૂપે જ લેવાય છે. જેમાં ગાથાનો અપાયો હોય, એ પરથી ગાથા પઠન કરવાનું હોય.

અહીં જે સવાલ પુછાય તેના જવાબ માટે એ ગાથાનો અર્થ ખબર હોવા આવશ્યક છે. તીર્થંકરના લાંછન સીધા પૂછવાને બદલે, ગાણિતિક સવાલ પુછાય જેનો જવાબ ૧૬ આવે અને એ તીર્થંકરનું લાંછન કહેવાનું હોય, એ જ રીતે શત્રુંજય તીર્થ કે પછી સ્નાત્ર પૂજાનું મહત્વ અને તેને કોની સામે, ક્યારે, તેના મહત્વ વિશે પૂછાય છે. આ સવાલ અને તેના જવાબ આપતા આજના નવ યુવાન જૈન સંતાનોને જોઈ ખૂબ જ ગર્વની અનુભૂતિ થાય છે કે આજ સંતાનો જે આજ પછી ધર્મને આગળ લઈ જવાના છે તેમની આ સમજ અને શુદ્ધ ઉચ્ચારો, ધર્મ અંગેનું જ્ઞાન જોઈ ખૂબ જ આનંદ થાય છે. પ્રવીણભાઈએ પાઠશાળાને સશક્ત કરવા પોતાનું જીવન સમર્પિત કર્યું છે. કહેવાય છે કે એક ધ્યેય શુદ્ધ હોય તો અનેક લોકો સાથે જોડાય છે. તેમ જ પ્રવીણભાઈ સાથે આજે એક આખી ટીમ તૈયાર થઈ છે.

પાઠશાળાના શિક્ષકો આજે અમેરિકાના સંઘમાં છે. દરેક સંઘના બાળકોને તેઓ તૈયાર કરે છે. આજે તૈયાર કરનાર શિક્ષકો પણ એટલી જ મહેનત કરે છે. પાઠશાળાના અભ્યાસક્રમના પુસ્તકો છે અને તેને આ પ્રજાની તાર્કિકતા અને સમજ મુજબ તૈયાર કરાયા છે. જૈનાના સમારોહમાં પાઠશાળાણી સ્પર્ધા એક આગવું આકર્ષણ હોય છે, અને ખુબ જ મોટી સંખ્યામાં બાળકો તેમાં ભાગ લે છે, એના સવાલો વિશેષ રીતે તૈયાર કરાય છે અને જવાબ આપનાર બાળકની માત્ર યાદશક્તિ જ નહી પરંતુ સમજ અને સૂત્ર સમજ પણ ચકાસાય છે, આ કાર્ય કરનાર અને તેને ખુબ મોટા વિશાલ વટવૃક્ષમાં ફેલાવનાર પ્રવીણભાઈ શાહએ આ કાર્ય કઈ રીતે કાર્ય, તે વિષે વિગતે વાત આવતી રહેશે, અને આવી બીજી અનેક બાબતો છેવટે તો જીવન અને મનુષ્યત્વને વધુ સમજાવે છે, વધુ વિકસિત કરે છે, ધરતી નીચેના પેટાળને ઉકેલી શકાય પણ મનુષ્યને તો નહી જ અને છતાં એ કરતા રહેવું પડશે, જ્યાં સુધી આ શરીરપ્રવાસ ચાલુ છે, ત્યાં સુધી મન પર ણ ઈચ્છવા છતાં વાદળો બંધાતા રહેશે અને ગુરુ વાણીએ એ વરસાદ બની વહી જશે, ક્યારે એવો દીવસ આવશે કે હવે કોઈ વાદળે મન નહી બંધાય ?

જવાબ મળતો નથી

અને જે મળે છે તે જોઈતો નથી, એટલે ત્યાં સુધી અલવિદા...

★ ★ ★

મનુષ્યનું શરીર માત્ર આહાર, નિંદ્રા, ભય અને મૈથુન માટે નથી. આજે આખી દુનિયા આપણી મુઠ્ઠીમાં છે અને દિવસ-રાત આપણે લોકોના ચારિત્રને જોવામાં પડ્યા છીએ. પરંતુ હકીકતમાં તો માણસે સવાર-સાંજ પોતાનું જ ચારિત્ર જોવું જોઈએ. એમાં બે વાત જોવાની. એક - કે હું બહારથી સુંદર દેખાઉં છું પરંતુ મારી અંદર કેટલાં પશુ બેઠાં છે, કેટલી દુર્વૃત્તિઓ બેઠી છે. વેદમાં આવે છે કે આપણી અંદર ઘુવડ બેઠું છે અને તે આપણને પ્રકાશ તરફ નથી જવા દેતું. જ્ઞાનની ચર્ચા નથી કરવા દેતું. માનવી ક્યારેક કૂતરો. કોઈ વસ્તુને પથ્થરની ટીપીને બરાબર કરી દેવામાં આવે તેમજ માનવે પોતાની વૃત્તિને ટીપીને નષ્ટ કરી નાંખવાની છે. સૌથી પહેલા તું મનુજ બન. જો દીવો સ્વયં પ્રજ્વલિત થયેલો હોય તો અન્યને પ્રજ્વલિત કરી શકે. અન્યથા બન્ને કોડિયાનું ઘી નકામું જાય એમ મનુષ્યરૂપી દેહને ઉચ્ચાવર ગતિ તરફ ન વાળીએ તો આ મનુષ્યભવ શા કામનો? એક સુગંધિત બગીચામાં પ્રવેશીએ છીએ ત્યારે કોઈ પણ એક ફૂલ, જીવનને આનંદિત કરવા પુરતું છે. જો મનન અને વાંચન દ્વારા એક શબ્દ પણ જીવનને બદલાવવા પૂરતો છે. વાલિયા લૂંટારાનું ઋષિ વાલ્મીકિમાં રૂપાંતર થયું, ક્રૌંચવધ દ્વારા જીવન બદલાયું - જીવનમાં જો ઊથલપાથલ ન જન્માવે તો વાંચન કે મનન શા કામનું?

❑ **ડૉ. સેજલ શાહ**
Mobile : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

સંઘના પ્રતિનિધિઓ અમેરિકાના પ્રવાસે

બકુલ ગાંધી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ૯૦ વર્ષની સમાપ્તિના અવસરે અમેરિકાની 'જૈના' સંસ્થા દ્વારા આયોજિત દ્વિવર્ષીય સંમેલનમાં ભાગ લીધો. આ વર્ષના સંમેલનનો વિષય હતો. '૨૧મી સદીમાં જૈન ધર્મ' આ સંમેલનમાં ભાગ લેવા જઈ રહ્યા છે. આ સંમેલનમાં 'જૈના'એ આપણા યુવા તંત્રી અને વિદ્વાન લેખક ડૉ. સેજલબેન શાહને 'પ્રવાસ ભીતરનો' વિષય ઉપર પ્રવચન આપવા આમંત્રિત કર્યા છે એ આપણા સહુ માટે ગર્વની વાત છે. વધુમાં,જૈના સહયોગીઓના આમંત્રણ પર, ડૉ. સેજલ શાહ ન્યૂયોર્ક, વૉશિંગ્ટનમાં પ્રવચન આપશે.

ઈતિહાસ ઉપર નજર કરીએ તો મુંબઈ જૈન યુવક સંઘ અને જૈનાની સ્થાપનાના ઉદ્દેશમાં સમાનતા છે. મુંબઈ જૈન યુવક સંઘ ૯૦ વર્ષ પહેલાં ૧૯૨૯માં સ્થાપિત સૌથી જૂની, સંસ્થાઓમાંની એક છે જે ગુજરાતમાં તેમના માતૃભૂમિથી સ્થળાંતર કરી મુંબઈમાં સ્થાયી થવા વસ્યા હતા તેવા મોટાભાગના જૈન લોકોને મદદરૂપ થવા,જૈન ધર્મના સંસ્કારો જળવાઈ રહે અને ધર્મને અનુકૂળ રીતે અનુસરવાનું વાતાવરણ નિર્માણ કરવું અને જૈનીઓને એકતાંતણે બાંધી રાખવા સ્થપાયેલ. આવા જ ઉદ્દેશ સાથે માદરે વતન ભારતથી અમેરિકા ખાતે ઉચ્ચ અભ્યાસ અને વ્યવસાયિક નોકરી-ધંધા અર્થે સ્થાયી થયેલ જૈનધર્મીઓમાં જૈન ધર્મને અનુસરવામાં અને એકતા જાળવવા ૧૯૮૧માં જૈનાની સ્થાપના થયેલ. બન્ને સંસ્થાઓએ,સંપ્રદાય કે પેટા સંપ્રદાય કે પરંપરાઓની ગૂંચવણ વગર,સર્વ જૈનોના ઉત્થાન માટે ધ્યાન કેન્દ્રિત રાખ્યું છે.

'૨૧મી સદીમાં જૈન ધર્મ' જેવા જ ભાવાર્થવાળા વિષય 'જૈન ધર્મ- ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય' ઉપર મુંબઈ જૈન યુવક સંઘે ઑક્ટોબર ૨૦૧૮માં એક દિવસીય સંમેલન આયોજિત કરેલ. મુંબઈ જૈન યુવક સંઘનું આજનું પ્રસિદ્ધ સામયિક 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થતા લેખો ખૂબ જ વિશાળ અને ઊંડું જ્ઞાન ધરાવતાં વિદ્વાનો અને સંતોએ યોગદાન આપી સામયિકને સમૃદ્ધ બનાવી જ્ઞાન પિપાસુઓ વાચક વર્ગને ઉપયોગી થઈ રહ્યું છે. સમય અને ટેકનૉલૉજીના બદલાવને અનુરૂપ પ્રબુદ્ધ જીવનની ૯૦ વર્ષના ૧૨૦૦થી વધુ સામાયિકોના ૧૭૦૦૦ થી વધુ લેખોને ડિજિટલ ફોર્મેટમાં ટ્રાન્સફર કરી કાયમી લાઈબ્રેરી ઊભી કરી છે. વાચક જીજ્ઞાસુઓને અનુકૂળ રહે તે માટે આ લાઈબ્રેરીને ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવેલ છે. જેઓનું ભણતર અંગ્રેજી માધ્યમમાં હોય તેઓને માટે પ્રત્યેક મેગેઝિનમાં ત્રણથી ચાર લેખો અંગ્રેજી માધ્યમમાં પ્રસ્તુત થાય છે. આ રીતે સંઘ અને જૈનાના ઉદ્દેશો સમાન રહ્યા છે તેમ કહેવાય.

૨૧મી સદીમાં આતંકવાદ, પર્યાવરણ, ગરીબ અને ધનવાનના જીવનધોરણની અસમાનતા, વિકસિત અને વિકાસશીલ અથવા અવિકસિત દેશો વચ્ચેનો સંઘર્ષ એવા પ્રદૂષિત વાતાવરણમાં જૈન ધર્મના સિદ્ધાંતો અને મૂલ્યો- અહિંસા, અનેકાંતવાદ, અપરિગ્રહ, કરુણા-અનુકંપા-દયાભાવને ફેલાવવા અને પ્રોત્સાહિત કરવા જૈના કાર્યરત છે. તેમ પ્રબુદ્ધ જીવને - અહિંસા, અનેકાંતવાદ, કર્મવાદ, બારભાવના, ગાંધીજીના જીવન તથા અન્ય જૈન વિષયો ઉપર ઊંડી અને વ્યાપક સમજણ આપે તેવા ૨૨ વિશેષાંકો પ્રસ્તુત કર્યા છે અને સાથે સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ગરીબ, પછાત, પીડિત, આદિવાસી પ્રજાના ઉત્થાન માટે કામ કરતી ૩૪ સંસ્થાઓને સ્વાવલંબી બનાવવા કે તેમના પ્રકલ્પો સાધવા નાણાકીય સહાય અને સેવા છેલ્લા ૩૪ વર્ષોથી આપતો આવ્યો છે.

આવા સમાન ઉદ્દેશો ધરાવતી સંસ્થાઓ- જૈના અને મુંબઈ જૈન યુવક સંઘ એકબીજાના પૂરક અને સહકારથી જૈન ધર્મના સિદ્ધાંતો અને મૂલ્યો પ્રત્યેની જાગ્રતતા અને તેના સફળ અમલીકરણના પ્રયાસોને બળ મળે તે અર્થે મુંબઈ જૈન યુવક સંઘના પ્રતિનિધિઓ- પ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલા, મંત્રી અને પ્રબુદ્ધ જીવનના તંત્રી ડૉ. સેજલબેન શાહ અને શ્રી સુરેશભાઈ શાહ અમેરિકાના પ્રવાસે જૂન ૨૭ થી જુલાઈ ૭,૨૦૧૯ સુધી જઈ રહ્યા છે. તેમને આપણા સર્વે વતી શુભેચ્છાઓ. ❑❑❑

સંપર્ક : ૯૮૧૯૩૭૨૯૦૮

પ્રબુદ્ધ જીવન - પર્યુષણ વિશેષાંક - ૨૦૧૯

'ભારતીય ચિંતકો'

આ વિષય પર રહેશે જેનું સંપાદન શ્રી ગુણવંત બરવાળિયા કરશે. પર્યુષણ પર્વના શુભ અવસરે પ્રભાવના રૂપે સામયિક આપી ધર્મ અને વિચાર પ્રસારના સહભાગી બનો. વધારે નકલ માટે ઑફિસમાં સંપર્ક કરો.

: સંપર્ક :

૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

ફોન : ૨૩૮૨૦૨૯૬ • મો.: ૯૧૩૭૭૨૭૧૦૯

આધુનિક મેનેજમેન્ટમાં જૈન ધર્મ !

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

વિશ્વમાં આજે ધર્મ અંગે ક્રાંતિકારી વિચારધારા આકાર લઈ રહી છે. આજ સુધી ધર્મના સિદ્ધાંતો ધર્મગ્રંથો, ધર્મક્રિયાઓ અને વ્યક્તિગત વિચારઆચારમાં અભિવ્યક્ત થયા હતા. આ સિદ્ધાંતો સાથે વેપાર, વાણિજ્ય, ઉદ્યોગ કે મૅનેજમેન્ટને સ્નાન-સૂતકનોય સંબંધ નથી તેમ માનવામાં આવતું હતું. અધ્યાત્મ હોય ત્યાં અર્થશાસ્ત્ર ન હોય એવી ચુસ્ત વિચારધારા પ્રવર્તતી હતી, પરંતુ હવે ઉદ્યોગો અને મેનેજમેન્ટના ક્ષેત્રે ઝડપથી દૃષ્ટિ અને અભિગમ બદલાઈ રહ્યા છે.

ઉદ્યોગપતિ પોતાના ક્ષેત્રમાં પ્રગતિ હાંસલ કરવા ઇચ્છે છે. પોતાના ઉદ્યોગ-વ્યવસાયમાં વધુ નફો મળે તેવા અનેકવિધ ઉપાયો કરે છે, પરંતુ ધનપ્રાપ્તિ એ જ એના જીવનનો એકમાત્ર ઉદ્દેશ રહ્યો નથી. હવે માત્ર ભૌતિક સમૃદ્ધિની પ્રાપ્તિમાં જ પોતાના વ્યવસાયની ઇતિશ્રી માનતો નથી. વળી એક મોટો પ્રશ્ન એ સમૃદ્ધિ મેળવવા માટે અજમાવાતાં સાધનોનો છે. તીવ્ર સ્પર્ધાત્મક જગતમાં એમ માનવામાં આવતું હતું કે અગ્રણી ઉદ્યોગપતિ થવા માટે તમારે કોઈપણ સાધનો અજમાવવા પડે તો તેનો છોછ રાખવો જોઈએ નહીં. સાધ્ય સિદ્ધ કરવામાં સાધનશુદ્ધિનો વિચાર કરવો નહીં અને મૂલ્યોની પંચાત કે પળોજણ કરવી નહીં. આ સ્પર્ધાત્મક વિશ્વમાં તો યેન કેન પ્રકારેણ ધનપ્રાપ્તિ મેળવવી જોઈએ. કારણ કે એ જ સફળતાનો સાચો માપદંડ છે. પરંતુ સમય જતાં આ વિચારના દુષ્પરિણામો જોતાં મેનેજમેન્ટના નિષ્ણાતોને લાગ્યું કે આવી રીતે ધન મેળવવાનો ધખારો તો કૌભાંડો સર્જશે. ઉદ્યોગપતિઓ લૂંટારા બની જશે કે પ્રજા સાથે ઠગાઈ કરીને ધન લૂંટનારા ધાડપાડુ બની જશે. આવી પરિસ્થિતિમાં લોકોનો વિશ્વાસ ઊઠી જતાં અને ચોખ્ખા વ્યવહારની આચારસંહિતા નષ્ટ થતાં ઔદ્યોગિક પ્રગતિ અટકી જશે. આને પરિણામે આજે મેનેજમેન્ટ વિશ્વમાં એક એવા નેતૃત્વની માગ ઊઠી છે કે જે નેતૃત્વ પર પ્રજા ભરોસો મૂકીને એમની સાથે આર્થિક વિનિમય કરી શકે, સાચી શ્રદ્ધા સાથે એની કંપનીના શૅર લઈ શકે અને સમાજ પણ એવી વ્યક્તિ ઉપર શ્રદ્ધા ઠેરવે. આજની મેનેજમેન્ટ સંસ્થાઓએ હવે આવું નેતૃત્વ પૂરું પાડે એવા ઉદ્યોગક્ષેત્રના તજજ્ઞોને તૈયાર કરવા કમર કસી છે.

બીજી બાજુ કંપની માત્ર આર્થિક નફો કરે, એટલું જ પર્યાપ્ત નથી, કિંતુ સમાજના કલ્યાણકાર્યમાં પણ પોતાની સંપત્તિનું રોકાણ કરે એવું વાતાવરણ સર્જાઈ રહ્યું છે. આ કામ એ જ કરી શકે કે જે ઉદ્યોગપતિ આર્થિક ઉપાર્જનની સાથોસાથ સામાજિક શ્રેયની ભાવનાનું સમતુલન ધરાવતા હોય.

આજથી થોડાં વર્ષો પહેલાં ઉદ્યોગમાં એક એવા નેતૃત્વનો મહિમા હતો કે જેઓ સમૃદ્ધિની તીવ્ર દોડમાં સહુથી વધુ કુશળ હોય, જેઓ પોતાના કર્મચારીઓ પર ઇજારો અને પ્રભુત્વનો ભાવ ધરાવતા હોય, એ કર્મચારીઓને ફાવે ત્યારે રાખી શકે અને ઇચ્છે તે ઘડીએ એમને નોકરીમાંથી પાણીચું આપી શકે એવી એમની સત્તાતુમાખી હોય. કંપનીનો આગેવાન જે લક્ષ્યાંક નક્કી કરે તે કોઈપણ સંજોગોમાં સિદ્ધ કરવું જરૂરી મનાતું હતું, આથી કંપની અને કર્મચારીઓ વચ્ચે શેઠ અને નોકરનો સંબંધ હતો. કયાંય એ સંબંધ માલિક અને ગુલામના સંબંધમાં પરિવર્તિત થઈ જતો. કંપનીનું સંચાલન કરનારા અગ્રણીઆએ કંપનીનું કામ કરનારાઓને પોતાના પગારદાર, તાબેદાર કે આજ્ઞાંકિત માનવીઓ માનતા હતા. આવા ઉદ્યોગક્ષેત્રના અગ્રણીઓ મેનેજમેન્ટ સ્કૂલમાં તૈયાર થયા, પણ પછી ખ્યાલ આવ્યો કે આના તો ઘણાં માઠાં પરિણામો આવ્યાં છે. એક તો કંપનીનું ધ્યેય માત્ર ભૌતિકપ્રાપ્તિમાં સીમિત થઈ ગયું છે. બીજું એ કે આવા અગ્રણીઓ એ કોઈ જુલમી શાસકો હોય તેવું કર્મચારીઓ અનુભવે છે. વળી પોતાનું લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે આ અગ્રણીઓના તોરતરીકા એવા હતા કે જે કંપનીમાં પોતાની રકમ મૂકનારા શેરહોલ્ડરોને ઠગતા હતા. વળી આ કંપનીનું કોઈ સામાજિક ઉત્તરદાયિત્વ હોય તેવું તો રહ્યું જ ન હતું.

આ પરિસ્થિતિએ અને આ નેતૃત્વએ એક મોટો પ્રશ્ન ઊભો કર્યો અને તેને પરિણામે આજે ઉદ્યોગ કે મેનેજમેન્ટ ક્ષેત્રે નેતૃત્વ ધરાવનારાઓ માટે મૂલ્યોની માવજત જરૂરી બની છે અને તેને માટે ધર્મના વ્યાપક સિદ્ધાંતો ઉપયોગી બની શકે તેમ છે, આથી હવે સ્વયં અમેરિકામાં પણ મેનેજમેન્ટમાં ધર્મભાવનાઓ કઈ રીતે ઉપયોગી બને અને કંપનીનું નેતૃત્વ ધરાવનારાઓમાં એની શી ઉપયોગિતા છે એ અંગે ગંભીર ચિંતન ચાલે છે. એક સમયે સફળ ઉદ્યોગપતિઓ આ મેનેજમેન્ટના આદર્શ હતા. હવે શ્રીમદ્ ભગવદ્ગીતાનો કર્મયોગ કે જૈન ધર્મનો અનેકાંતવાદ અથવા તો સ્વામી વિવેકાનંદના વિચારો ઉદ્યોગો અને કંપનીઓનું નેતૃત્વ કરનારાઓને માટે કેટલા બધા મૂલ્યવાન છે તે ધીરે ધીરે સમજાઈ રહ્યું છે અને અભ્યાસક્રમમાં એને સ્થાન આપવાની જોગવાઈ થઈ રહી છે.

ગઈકાલ સુધી કંપનીના અગ્રણીઓ પોતાના જ અભિગમથી ચાલતા હતા. પોતાનો જ કક્કો ખરો કરવાની એમની આદત હતી. હવે જગત જેમ જેમ વિકસતું જાય છે, તીવ્ર સ્પર્ધાત્મક બનતું જાય છે અને વધુને વધુ સંકુલ થતું જાય છે ત્યારે અન્ય વ્યક્તિઓના અભિપ્રાયો જોવા માટેની દૃષ્ટિ મેનેજમેન્ટના અગ્રણીઓ માટે મહત્ત્વની બને છે. આનું કારણ એ છે કે બીજાની સલાહ કાને ધરવાથી આ કંપનીના મોવડીઓ માટે યોગ્ય નિર્ણયો લેવાની શક્યતાઓ

વધે છે.

આમાંથી એક સવાલ આજે જાગ્યો છે અને તે એ કે અહિંસા અને અનેકાંત જેવા સિદ્ધાંતો મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને ઉપયોગી બની શકે ખરા? ધીરે ધીરે એમ સમજાવા લાગ્યું છે કે ઉદ્યોગ અને ટેક્નૉલૉજીના ક્ષેત્રે આજે સમર્થ નેતૃત્વનો મહિમા છે. આ નેતૃત્વને જો આ સિદ્ધાંતો શીખવવામાં આવે તો તે નેતૃત્વ પોતાની કંપનીમાં અને કંપનીની બહાર એમ બંને જગાએ વધુ ઝળહળી ઊઠશે. આને પરિણામે આજે ધર્મગ્રંથોમાં રહેલા સિદ્ધાંતોને વ્યવસાય કરતાં લોકો એમના જીવનમાં અપનાવીને એમની વ્યવસાયિક કાર્યક્ષમતા વધારે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. આ પ્રયાસો કેવી રીતે વેપારી, ઉદ્યોગપતિ કે ટેક્નોલોજીના નિષ્ણાતોના જીવનમાં ઉપયોગી બની શકે છે.

વ્યાપાર, ઉદ્યોગ અને મેનેજમેન્ટમાં હવે પ્રબળ નેતૃત્વનો મહિમા છે, આ ક્ષેત્રોમાં અત્યારસુધી ધનસંપત્તિ એકઠી કરવાનો મહિમા હતો અને જે વધુને વધુ સંપત્તિવાન બને એની બોલબાલા હતી.

વેપારની પુરાણી પ્રથાએ પેઢીની પદ્ધતિએ થતો વ્યવહાર વિદાય પામ્યો છે. નવી ટેક્નૉલૉજી અને મેનેજમેન્ટના નવા સિદ્ધાંતો આવ્યા અને તેથી બીલ ગૅટ્સ, રતન તાતા, નારાયણ મૂર્તિ જેવા સમાજને નેતૃત્વ આપનાર નવીન ક્ષેત્રના અગ્રણીઓ પ્રકાશમાં આવ્યા. આવા ઉદ્યોગપતિ કે મેનેજમેન્ટ નિષ્ણાતો નફો રળીને ધન એકત્રિત કરવાને બદલે પોતાના નેતૃત્વથી ઉદ્યોગ અને વ્યવસ્થાપન દ્વારા સમાજ અને રાષ્ટ્રને નવો રાહ ચીંધવા લાગ્યા. આ નેતૃત્વ માટે કયા ગુણો ખીલવવા જોઈએ, એ માટે હવે મેનેજમેન્ટના નિષ્ણાતોએ ધર્મના મૂલ્યોનો વિચાર કરવો શરૂ કર્યો છે.

ભારતીય ધર્મોમાં ક્ષમાની વાત કરી છે. આ ક્ષમાના સિદ્ધાંતનો મેનેજમેન્ટની દુનિયામાં કઈ રીતે વિનિયોગ કરવો એનું ચિંતન ચાલે છે. નેતૃત્વને માટે ક્ષમા આપવી એ સારી છે. ભૂલી જવું એ વધુ સારું છે અને એ બધું છોડીને આગળ પ્રગતિ કરવી એ સૌથી વધુ સારી બાબત ગણાય.

મેનેજમેન્ટમાં ઘણીવાર પોતાના હાથ નીચેની વ્યક્તિઓની ભૂલોને કારણે સહન કરવું પડે છે. અત્યાર સુધી એમ મનાતું હતું કે સામાન્ય ભૂલ કરનારને કડકમાં કડક શબ્દો કહેવા, એના પર ગુસ્સો ઠાલવવો, એના વ્યક્તિત્વ કે સ્વમાનની પરવા કર્યા વિના એને તદ્દન હીન અને આવડત વિનાનો ચીતરવો. હવે મેનેજમેન્ટના ક્ષેત્રમાં ક્ષમાની ભાવનાનો મહિમા કરવાનો વિચાર ઊગ્યો છે. આનું કારણ એ છે કે આવી રીતે ક્ષમા કરવાથી નેતૃત્વ કરનાર વ્યક્તિના મનમાંથી નેગેટિવ વિચારોનો બોજ ચાલ્યો જશે. હાથ નીચેના કર્મચારીએ પૂર્વે કરેલી ભૂલોના વિચાર એના મનમાં હોય, ત્યાં સુધી એ સતત ભૂતકાળને જોતો અને વિચારતો રહે છે. ભૂલ કરનારી વ્યક્તિ જ્યારે એને મળે, ત્યારે એની શક્તિને બદલે એની અશક્તિનો જ એને પહેલો ખ્યાલ આવે છે. આથી એને બે રીતે ગેરફાયદો થાય છે.

એક તો ભૂલ કરનાર કર્મચારીની શક્તિ કુંઠિત થઈ જાય છે. એ એના ભૂતકાળની ભૂલોમાંથી બહાર આવી શકતો નથી. ભૂતકાળની દુઃખદાયી ઘટના એના કામના સમયે પણ એના મનમાંથી ખસી શકતી નથી. આથી એ વ્યક્તિની નવો વિચાર કરવાની શક્તિ કુંઠિત બની જાય છે અને એથીય વિશેષ તો એ કોઈ નવું સાહસ કરવાનું કે કોઈ નવો વિચાર અમલમાં મૂકવાની હિંમત કરતો નથી. આમ કર્મચારીને ગેરલાભ થાય છે અને એ જ રીતે નેતૃત્વ કરનારને પણ ગેરલાભ થાય છે કે એ પોતાના કર્મચારીની સુષુપ્ત શક્તિ જાગ્રત કરીને એનો ઉપયોગ કરી શકતું નથી. કોઈ નવો વિચાર કે નવું કાર્ય અમલમાં મૂકવા માટે જરૂરી ટીમભાવના જગાવી શકતો નથી.

આમ હવે મેનેજમેન્ટના ક્ષેત્રમાં ક્ષમાનો મહિમા જરૂરી બન્યો છે. જો આમ થાય તો વ્યક્તિની એક ભૂલ માફ કરવામાં આવે અને સાથોસાથ એની શક્તિ મર્યાદિત ન થઈ જાય એની સંભાળ લેવામાં આવે. મેનેજમેન્ટ એ કર્મચારીને માત્ર સાધન તરીકે જોતું નથી, પરંતુ પોતાનાં સ્વપ્નનાં માધ્યમ તરીકે નિહાળે છે. પરિણામે અત્યાર સુધી જેના પ્રત્યે માત્ર પગારદાર નોકર તરીકેની દૃષ્ટિ હતી, તેને બદલે હવે પોતાનાં સ્વપ્નો સાકાર કરનાર વ્યક્તિ તરીકેની દૃષ્ટિ જાગી છે.

અમેરિકાની કૅલોગ સ્કૂલ ઑફ મેનેજમેન્ટના ડીન અને વિશ્વખ્યાત સ્કોલર તથા અધ્યાપક પ્રો. દીપક સી. જૈન માને છે કે આ ક્ષમાની ભાવના આજના મેનેજમેન્ટ ક્ષેત્રના નેતૃત્વ-ધારકો માટે પોતાના કાર્યના વિકાસને કાજે અત્યંત જરૂરી છે. એ જ માણસો સમાજ કે રાષ્ટ્રને પ્રેરનારા મહાન નેતા બની શકે છે જેઓ પોતાની સંસ્થાના ધ્યેયો સિદ્ધ કરવાની સાથોસાથ વ્યાપક જનકલ્યાણ અર્થે કાર્ય કરતા હોય છે. એમનો હેતુ પોતાની સંસ્થાના વિકાસની સાથોસાથ રાષ્ટ્ર કે સમાજમાં યોગદાન આપવાનો હોય છે.

પ્રો. દીપક જૈનના કહેવા પ્રમાણે જૈન ધર્મના આચરણથી આજનું નેતૃત્વ પોતાની સંસ્થાના દરેક સભ્યોમાં એક નવું મૂલ્યમાળખું ઊભું કરશે, જેના પર સંસ્થાની પ્રગતિની ઈમારત રચી શકાય. આ સંદર્ભમાં કેટલાક પ્રસિદ્ધ જૈન શ્રેષ્ઠિઓની ધન પ્રત્યેની ધર્મમય દૃષ્ટિનો વિચાર કરીએ. એમણે સંપત્તિ જરૂર પ્રાપ્ત કરી છે પરંતુ સંપત્તિ અને સમાજ કલ્યાણની વાત આવે ત્યારે એમણે કલ્યાણને પ્રાધાન્ય આપ્યું છે. ધનની પ્રાપ્તિ અને ધર્મના મૂલ્યો વચ્ચે સંઘર્ષ જાગે ત્યારે ધનની પ્રાપ્તિનો વિચાર છોડીને ધર્મના મૂલ્યોની જાળવણી કરી છે. પોતાનો ધર્મ, કર્તવ્ય કે સચ્ચાઈ જાળવવા જતાં ગમે તેટલું સહન કરવું પડે, તો પણ એમણે પાછીપાની કરી નથી.

આચાર્ય દેવેન્દ્રસૂરિ પાસેથી શ્રેષ્ઠિ અને સંઘપતિ ભીમજીએ 'ક્યારેય અસત્ય નહીં બોલું' એવી પ્રતિજ્ઞા લીધી હતી અને થોડા જ

સમયમાં એની સમક્ષ પ્રતિજ્ઞાની આકરી અગ્નિપરીક્ષા ઊભી થઈ. મહી નદીના કાંઠે વસતા અને લૂંટારા એક પલ્લીપતિ ભીલે ભીમજીને આંતરીને પકડી લીધા અને પછી પૂછ્યું, ''બોલ, તારા ઘરમાં કેટલું ધન છે?'' સત્યવક્તા ભીમજીએ કહ્યું, ''ઘરમાં ઘરખર્ચ માટે ચાર હજાર રૂપિયા રાખેલા છે.''

પલ્લીપતિ ભીલે ભીમજીને ગુપ્ત સ્થાનમાં સંતાડી દીધા અને એમના પુત્રને સંદેશો મોકલ્યો કે તમારા પિતાને અમે કેદ કર્યા છે. છોડાવવા હોય તો ચાર હજાર રૂપિયા આપી જાવ.

ભીમજીના પુત્રએ બનાવટી સિક્કા લાવીને ભીલને આપ્યા. આ સિક્કા જોઈને ભીલને શંકા ગઈ, એ સાચા છે કે ખોટા તેનું પારખું કરવાનો વિચાર કર્યો. ભીલ જાણતો હતો કે ભીમજી સોની હંમેશાં સાચું બોલે છે, તો એની પાસે જ ખાતરી કરાવું. ભીમજી સોનીએ પુત્રએ આપેલા સિક્કા જોતાં જ કહ્યું, ''આ સિક્કા તો તદ્દન બનાવટી અને નકલી છે. સાવ ખોટા છે.''

ભીમજીની આ વાત સાંભળીને ભીલ વિચારમાં પડી ગયો. એને થયું કે આ તે કેવો સત્યવક્તા! પોતે બાનમાં છે અને એમનો પુત્ર રૂપિયા આપે તો જ જીવતો પાછો જઈ શકે તેમ છે, તેમ છતાં સચ્ચાઈ એટલી કે પોતાના દીકરાને જૂઠો કહ્યો ! રૂપિયાને નકલી કહ્યા! લૂંટારા પલ્લીપતિ ભીલને થયું કે ભીમજી ખરો સત્યવાદી છે. એના ક્રૂર હૃદયને ભીમજીના સત્યની આંચ અડી. આવા ધર્મનિષ્ઠ સત્યપ્રિય માનવીને સતાવવાથી તો પ્રભુ ખૂબ નારાજ થાય.

આમ વિચારી ભીલે ભીમજીને છોડી મૂક્યા, એટલું જ નહીં પણ તેને પોતાના ગામમાં કામદાર બનાવ્યા.

આ રીતે ધર્મ ધર્મપુરુષોમાં અને ધનના સંઘર્ષ સમયે ધર્મના પડખે રહેવાનો દૃઢ નિર્ધાર જોવા મળે છે. આજના મેનેજમેન્ટના નિષ્ણાતો ધર્મના મૂલ્યો વ્યક્તિમાં રોપીને જગતને એક નવું નેતૃત્વ આપના માગે છે.

એક સમયે ઋષિઓ નેતૃત્વ કરતા હતા. રાજા-મહારાજાઓએ નેતૃત્વ કર્યું. સંતોએ સમાજને માર્ગદર્શન આપ્યું. આજે હવે નેતૃત્વની નવી એક પેઢી બહાર આવી રહી છે અને તે છે ટેક્નૉલૉજી અને મેનેજમેન્ટ ક્ષેત્રે કામ કરનારી પ્રતિભાશાળી વ્યક્તિઓ.

આ વ્યક્તિઓ માત્ર એમના વિષયના સંકુચિત વર્તુળમાં રહેવાને બદલે પ્રગતિની સાથોસાથ વ્યાપક સમાજકલ્યાણનો વિચાર કરે છે, આથી આજે મેનેજમેન્ટ ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાનોએ કામ કરનાર વ્યક્તિએ એ મૂલ્યોનું મહત્ત્વ લાગ્યા છે. હવે આંધળી ભૌતિક પ્રગતિ કે જંગી નફાના આંકડાઓની જાળ સુધી જ મર્યાદિત નથી, કિંતુ એ પ્રગતિની સાથોસાથ સમાજ, રાષ્ટ્ર કે પ્રજાને વધુ ઉપયોગી, લાભદાયી અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવાનું વિચારે છે. આને પરિણામે જ હવે મેનેજમેન્ટના નિષ્ણાતો મેનેજમેન્ટમાં ગીતાનો કર્મયોગ કઈ રીતે ઉપયોગી બને, તે વિશે ચિંતન કરે છે.

કૅલૉસ સ્કૂલ ઑફ મેનેજમેન્ટના ડીન અને વિદ્વાન-સ્કોલર દીપક સી. જૈનના કહેવા પ્રમાણે તો ધર્મનાં મૂલ્યો જેમ એમના વ્યક્તિગત જીવનમાં લાભદાયી બન્યા છે, એ જ રીતે એમના મેનેજમેન્ટ સ્કૂલના ડીન તરીકેના કાર્યમાં તથા એના અભ્યાસક્રમોને એક નિશ્ચિત દિશા આપવામાં પણ ઉપયોગી બન્યા છે. ઉદાહરણરૂપે તેઓ દર્શાવે છે કે અહિંસાનો સિદ્ધાંત એ એક પ્રકારનો ભાઈચારો સર્જે છે. એક એવી સંસ્થાકીય સંસ્કૃતિનું સર્જન થાય છે કે જેને પરિણામે એક કર્મચારી બીજા કર્મચારીને દુઃખ પહોંચાડતા નથી. એના મનને સમજવા પ્રયાસ કરે છે. એક એવું વાતાવરણ સર્જાય છે કે જેમાં બધા એકબીજાની સાથે સ્નેહ અને સંભાળપૂર્વક વર્તીને સંસ્થા માટે એમની પૂરી ક્ષમતા પ્રયોજે છે. મહાત્મા ગાંધીજીએ જેમ અહિંસાને પ્રતિકારના એક શસ્ત્ર તરીકે યોજીને રાષ્ટ્રને મુક્તિ અપાવી, એ જ રીતે એ અહિંસાના મૂલ્ય દ્વારા કોઈપણ ઉદ્યોગ કે વ્યાપારની સંસ્થા એકતા અને બંધુતાનું વાતાવરણ સર્જી શકે છે. આનું પરિણામ એ આવે છે કે આમાં કામ કરતી વ્યક્તિઓ પૂરા જોશ અને લગનથી સંસ્થામાં જીવ રેડીને ઓતપ્રોત બની જાય છે.

અહિંસાનો સિદ્ધાંત જેમ સામૂહિક ભ્રાતૃભાવ જગાડે છે, તો અનેકાંતનો સિદ્ધાંત કોઈપણ મેનેજમેન્ટને એક નવી દૃષ્ટિ આપે છે. અનેકાંત દ્વારા એક એવી સંસ્કૃતિ ઊભી થાય છે કે જ્યાં અનેક વિચારો અને અનેક મતો મુક્તપણે પ્રગટ થાય છે, એને આદરપૂર્વક જોવામાં આવે છે અને પછી કાર્યની દિશા નક્કી કરવામાં આવે છે. સામાન્ય રીતે જુદી જુદી સંસ્થાઓમાં માત્ર એક જ અભિગમ કે વલણથી કાર્ય કરવાનું હોય છે. આવે સમયે એક વ્યક્તિના એક નિશ્ચિત અભિગમથી ચાલવામાં વિશેષ જોખમ રહેલું છે. જો મેનેજમેન્ટનો વડો અનેકાંત દૃષ્ટિને અપનાવે તો એને પોતાના સાથી અને સહયોગીઓનાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ અને અભિપ્રાયો જાણવાની તક મળે છે.એ જુદા જુદા સંદર્ભોનો વિચાર કરી શકે છે અને વાસ્તવિક પરિસ્થિતિની વધારે નજીક પહોંચે છે. આ રીતે અનેકાંત દૃષ્ટિ એ મેનેજમેન્ટમાં પણ લાભદાયી બને છે. જુદા જુદા સંદર્ભો અને સંજોગોમાં શું કરવું જોઈએ અને શું થઈ શકે? એનો ખ્યાલ કરે છે.

વ્યક્તિ જ્યારે એક જ ખ્યાલથી ચાલે ત્યારે ખત્તા ખાવાનો સંભવ છે. પછી એને માટે પોતાનો એ ખ્યાલ અન્ય ઉપર લાદવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી. આને પરિણામે એ ઘણા સંદર્ભો ગુમાવે છે અને બીજા માનવીઓની બુદ્ધિશક્તિ કે વિચારશક્તિનો એને લાભ સાંપડતો નથી. વળી અનેકાંત દૃષ્ટિએ બધાં જ તારણો મેળવીને એ સહુના મતોની સમીક્ષા કરે છે. બધાની વાત કાને ધરતો હોવાથી દરેક વ્યક્તિ પોતાની કંપની વિશે ગંભીરતાથી વિચારતી થાય છે અને એને પણ એમ લાગે છે કે કંપનીમાં લેવાતા નિર્ણયોમાં એના અભિપ્રાયને પણ લક્ષમાં લેવામાં આવ્યો છે, આથી કંપનીની પ્રગતિ સાથે એ પ્રકારની આત્મીયતા સાધી શકે છે.

આવી જ રીતે અપરિગ્રહનો સિદ્ધાંત વ્યક્તિને સામાજિક રીતે

જવાબદારીભર્યું નેતૃત્વ આપે છે. અત્યાર સુધી પોતાના પરિવાર માટે અને પોતાને માટે વધુને વધુ ભૌતિક સંપત્તિ એકત્રિત કરવી, એ જ એનું અંતિમ ધ્યેય છે, પરંતુ જો એનામાં અપરિગ્રહ હશે તો એ પોતે સમાજનો વિચાર કરશે. આસપાસની પરિસ્થિતિને જોશે. એમાં કશુંક ઉપયોગી કરવાનું મનોમન નક્કી કરશે અને બીજા લોકોના જીવનમાં પોતે મદદરૂપ કઈ રીતે થઈ શકે તે વિચારશે અને તે મુજબ કાર્ય કરશે. જેમ કે તેરમી સદીમાં જગડૂશા દરિયાપારના દેશોમાં વેપાર કરતા હતા. આ જગડુશાએ વિ.સં. ૧૩૧૩, ૧૩૧૪, ૧૩૧૫ના વર્ષમાં ઉપરાઉપરી આવેલા ત્રણ દુષ્કાળ વખતે પોતાની સંપત્તિથી ધાન્ય ખરીદીને અનેક લોકોને બચાવ્યા હતા. એમણે ખોલેલી ૧૧૫ જેટલી દાનશાળાઓમાં રોજ પાંચ લાખ લોકોને ભોજન આપવામાં આવતું હતું. વેપારમાં પુષ્કળ ધન મેળવનાર જગડુશાએ આ દુષ્કાળમાં ચાર કરોડ નવ્વાણુ લાખ અને ૫૦ હજાર મણ અનાજ ગરીબોને વિનામૂલ્યે વહેંચ્યું અને સાડા ચાર કરોડ રૂપિયા ખર્ચ્યા.

આ રીતે લક્ષ્મીની પ્રાપ્તિ એ એક વાત છે અને એનું અંતિમ તો લક્ષ્મીના સદ્વ્યયમાં હોય છે એમ માનવામાં આવતું. કચ્છના આંતરરાષ્ટ્રીય વેપારી સુંદરજી શિવજી સોદાગરની એશિયાના જુદા જુદા દેશોમાં પેઢીઓ હતી અને ૧૮૧૩ના દુષ્કાળ સમયે એ રોજ આઠ હજાર માણસોને ભોજન આપતો હતો. મેઘજી પેથરાજ શાહ કે નાનજી કાળિદાસ મહેતા જેવા પૂર્વ આફ્રિકામાં ઉદ્યોગો ચલાવતા ઉદ્યોગપતિઓએ પણ પોતાની સંપત્તિનો અન્ય ક્ષેત્રોમાં સદ્વ્યય કર્યો. બીલ ગેટ્સ પણ પોતાની સંપત્તિનો મોટો ભાગ જનકલ્યાણમાં વાપરે છે. આ સંપત્તિના સદ્વ્યયની ભાવના એ આજના મેનેજમેન્ટનું નેતૃત્વ લેનાર વ્યક્તિને માટે આવશ્યક છે.

જૈન ધર્મના સિદ્ધાંતો વ્યક્તિગત જીવનને ઉન્નત બનાવનારા તો છે જ, પરંતુ એને હવે મેનેજમેન્ટ ક્ષેત્રે પ્રયોજીને વેપાર - ઉદ્યોગમાં પણ વધુ કારગત બનાવવાનો પ્રયાસ થવો જોઈએ.

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
સંપર્ક : ૦૭૯-૨૬૬૦૨૬૭૫ / ૦૯૮૨૪૦૧૯૯૨૫

ઉપનિષદ્‌માં વૈશ્વાનર અગ્નિવિદ્યા

ડૉ. નરેશ વેદ

આ વિદ્યા 'બૃહદારણ્યક ઉપનિષદ'ના પાંચમા અધ્યાયના નવમા ખંડમાં રજૂ કરવામાં આવી છે. 'છાંદોગ્ય ઉપનિષદ'માં વૈશ્વાનરવિદ્યા રજૂ થઈ છે, જ્યારે આ ઉપનિષદમાં વૈશ્વાનર અગ્નિવિદ્યા રજૂ થઈ છે. પહેલાં આપણે ઋષિએ જે શબ્દોમાં આ વિદ્યા રજૂ કરી છે, એ જોઈએ. પછી એને સમજવાનો પ્રયત્ન કરીએ. મૂળ શ્લોક આમ છે :

अयम् अग्निवैश्वानरो योऽयमन्तः पुरुषे, येनेदमन्नं पच्यते यदिदमद्यते तस्यैव घोषो भवति यमेतत्कर्णाव पिषाय श्रृणोति स यदोत्क्रमिष्यन्भवति नैनं घोषम् श्रृणोति।

ગુજરાતી ભાષામાં સમજીએ :

આ વૈશ્વાનર અગ્નિ જ છે, જે બધા પુરુષોના શરીરમાં રહેલ છે. જે અન્ન ખાવામાં આવે છે, એનું પાચન, શરીરમાં રહેલ, આ વૈશ્વાનર અગ્નિ જ કરે છે. એનો જ ઘોષ (અવાજ) થાય છે, જેને વ્યક્તિ, બંને કાન બંધ કરીને, અનાહત નાદની જેમ સાંભળી શકે છે. જે સમયે આ પ્રાણ (પુરુષ) શરીરમાંથી બહાર નિકળનાર થાય છે, એ સમયે, આ નાદને, સાંભળી શકાતો નથી.

અંગ્રેજી ભાષામાં સમજીએ :

This Fire that is within a man and digests the food which is eaten, is called Vaishvanara. It emits this sound which one hears by closing ears thus. When a man is about to leave the body, he no more hears this sound.

અહીં વૈશ્વાનર અગ્નિનું વર્ણન છે. આ અગ્નિ મનુષ્યના શરીરની અંદર રહે છે. આ અગ્નિ જ મનુષ્યે મુખ વાટે લીધેલા ખોરાકને પચાવવાનું કામ કરે છે. આ અગ્નિ જઠરમાં પ્રજળે છે. એટલે શૌનકઋષિએ જઠરે જઠરે જ્વલન્ એવી વ્યુત્પત્તિને કારણે જઠરાગ્નિ કહીને ઓળખાવ્યો છે.

આનો અર્થ એ થયો કે પિંડ અને બ્રહ્માંડની રચના જેના વડે થયેલી છે એ પૃથ્વિ, જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પાંચ મહાભૂતો પૈકીના અગ્નિની આ વાત નથી, પરંતુ પેટની અંદર નાભિની આસપાસ રહેલ પ્રાણાગ્નિ, જે ચયાપચયની ક્રિયા કરી આપે છે, એ અગ્નિની અહીં વાત છે.

મનુષ્ય શરીર એક સ્વયંચાલિત યંત્ર જેવું છે. એમાં નિરંતર શ્વાસોચ્છવાસ, રૂધિરાભિસરણ, ચયાપચય, મળોત્સર્ગ વગેરે અનેક ક્રિયાઓ થતી રહે છે. પરંતુ મનમાં પ્રશ્ન એ ઊઠે કે આ બધી પ્રક્રિયાઓ કેવી રીતે, કોના વડે થાય છે? શરીરની આ બધી પ્રક્રિયાઓ નિયમિત રીતે ચાલ્યા કરે એ માટે કોણ વ્યવસ્થા કરે છે? ઉપનિષદના ઋષિઓએ એની વિચારણા કરીને 'કઠોપનિષદ' અને 'છાંદોગ્ય ઉપનિષદ'માં એની સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે આ બધી વ્યવસ્થાનો વહીવટકર્તા મનુષ્યના શરીરમાં જ છે. એ છે વૈશ્વાનર ઉર્ફે મનુષ્યના શરીરમાં રહેલ ચૈત્યપુરુષ એને અંતર આત્મા કહો કે ચૈતન્યશક્તિ કહો, જે કહો તે, આ બધી પ્રક્રિયાઓનું સંચાલન અને વ્યવસ્થાપન કરે છે. મતલબ કે ટોચમાં, ઓટોમાં કે

કારમાં બેટરી, ક્લોક અને કેલેન્ડરમાં બટનરોલ જે રીતે જે તે સાધનને ઊર્જાશક્તિ પૂરી પાડે છે, એમ આપણા શરીરમાં બધી પ્રક્રિયાઓનું પ્રવર્તન આપણી અંદર રહેલા ચૈત્યપુરુષ ઊર્ફે આત્માની ઊર્જાશક્તિ દ્વારા થતું રહે છે.

પરંતુ મોં વડે ખાધેલા ખોરાકનું યથાયોગ્ય પાચન કરી, એમાંથી જરૂરી સત્ત્વો-તત્ત્વોના રસકસ શોષી લઈ, બિનજરૂરી કચરાને ઉત્સર્ગ ક્રિયા દ્વારા શરીરની બહાર ફેંકી દેવાની આખી પ્રક્રિયા કેવી રીતે થાય છે, એવો સવાલ આપણા મનમાં ઊઠયા કરે છે. મોં વડે શરીરમાં ગયેલ ખોરાકનું અન્નનળી મારફત યકૃતમાં, પિત્તાશયમાં, ત્યાંથી નાના અને મોટા આંતરડા વડે ગુદા સુધી વહન કેવી રીતે થાય છે? એ આખી પ્રક્રિયા દ્વારા કઈ ઊર્જાશક્તિ ખોરાકમાંના પૌષ્ટિક અને ઉપયોગી તત્ત્વોને સારવી લે છે, કઈ ઊર્જા વડે એને પકવે છે અને એમાંથી રસ, રક્ત, શુક્ર, મેદ, માંસ, અસ્થિ અને મજ્જા જેવી સાત ધાતુઓ નીપજાવી એને પોષે છે? એનો ઉત્તર આ વિદ્યા આપે છે. આ બધી પ્રક્રિયા જઠરાગ્નિ દ્વારા થાય છે. ખાધેલા અન્નના વહન અને ગમનનું કાર્ય શરીરમાં રહેલ પ્રાણશક્તિ કરે છે.

આ પ્રાણ શ્વાસ દ્વારા શરીરમાં પ્રવેશ કરી પ્રાણ, ધ્યાન, ઉદાન, સમાન અને અપાન - એમ પાંચ મુખ્યરૂપે અને નાગ, કૂર્મ, કૂકર, દેવદત્ત અને ધનંજય - એમ પાંચ ઉપપ્રાણરૂપે શરીરની તમામ પ્રક્રિયાઓનું સંચાલન અને વ્યવસ્થાપન કરે છે. ખોરાકને પકવવા માટે જઠરમાં અગ્નિ પ્રાણ અને અપાન વાયુના ઘર્ષણ વડે પેદા થાય છે. આ જઠરાગ્નિને જ જુદાં જુદાં શાસ્ત્રો ભૂતાગ્નિ, પ્રાણાગ્નિ, અંતરાગ્નિ રૂપે ઓળખાવે છે. શ્રીમદ ભગવત ગીતામાં આ વાત સ્પષ્ટ રૂપે વ્યક્ત કરવામાં આવી છે. શ્રીમદ ભગવત ગીતાના પંદરમા અધ્યાયના ચૌદમા શ્લોકમાં શ્રીકૃષ્ણ અર્જુનને આ વાત સમજાવતાં કહે છે :

अहं वैश्वानरो भूत्या प्राणिनां देहम् आश्रितः।
प्राणअपान समायुक्तः पचामिअन्नं चतुर्विधम् ।।

મતલબ કે જીવધારી પ્રત્યેક પ્રાણીને અન્નની જરૂર પડે છે, એ અન્નને પચાવી, પોષક તત્ત્વો વડે શરીર ટકાવવું અને વિકસાવવું પડે છે. એ કામ પ્રત્યેક અન્ન ખાનાર પ્રાણીના શરીરમાં આ પ્રાણ અને અપાન વાયુના ઘર્ષણથી ઉત્પન્ન થતાં અગ્નિવડે થાય છે. એ ઘર્ષણની ક્રિયા ચૈત્યપુરુષ વડે થાય છે, માટે એને વૈશ્વાનર કહ્યો છે. આ વૈશ્વાગ્નિ ખાવામાં આવેલ ખોરાકને પચાવવાનું કામ કરે છે. ગીતામાં શ્રીકૃષ્ણે 'હું પોતે જ કાળસ્વરૂપ છું' એમ કહ્યું છે, એ જ રીતે 'હું વૈશ્વાનર છું' એમ પણ કહ્યું છે. મતલબ કે જેને પરમાત્મા કહીએ છીએ તે સમષ્ટિમાં વિસ્તરેલો આત્મા છે અને જેને આત્મા કહીએ છીએ તે વ્યષ્ટિ (વ્યક્તિ)માં રહેલ ચૈત્યપુરુષ છે. આ ચૈત્યપુરુષ વડે જ, શરીરની અન્ય પ્રક્રિયાઓની માફક, અન્ન પચાવવાની ક્રિયા પણ થાય છે.

હવે આ પ્રક્રિયા ચાલુ હોય છે ત્યારે તદ્દન નિઃશબ્દરૂપે નથી થતી. શરીરમાં વાયુની ગતિ વડે થાય છે. એટલે જેમ હૃદયની ધમણ દ્વારા લોહીના પરિભ્રમણની પ્રક્રિયા થાય છે, ત્યારે હૃદયના થડકાર અને નાડીના ધબકારનો નાનો પણ સ્ટેથોસ્કોપથી પકડી શકાય તેવો અવાજ થાય છે, તેમ અન્નના વહન, ગમન અને પાચનની પ્રક્રિયા દરમ્યાન પણ આછોપાતળો ઘોષ થાય છે. આ વિદ્યાના નિરૂપકઋષિ કહે છે આ ઘોષ (અવાજ) આપણા કાન વડે આપણે સાંભળી શકતા નથી. પણ જો આપણે આપણા બે કાન, બે આંખ, નાકના બે ફોયણાં, અને બે હોઠને ક્રમશઃ બે અંગૂઠા વડે, બે અનામિકા (પહેલી આંગળીઓ) વડે, બે વચલી આંગળીઓ વડે, બે અંગૂઠી (વીંટી) ધારણ કરીએ છીએ એ આંગળીઓ વડે અને બે ટચલી આંગળીઓ વડે બંધ કરીને શાંભવી મુદ્રા ધારણ કરીને આંતરધ્યાન કરીએ તો વૈશ્વાગ્નિ દ્વારા થતો ઘોષ (અવાજ) સાંભળી શકાય છે. આ અવાજ પેટમાં વાયુના ગોળાની હલચલથી થતો અવાજ, અપચાથી કે કબજિયાતથી થતો વાયુનો અવાજ નથી, પરંતુ એક વિશિષ્ટ પ્રકારનો નાદ છે. એને જ શાસ્ત્રોની ભાષામાં અનાહત નાદ કહે છે.

આવો અવાજ એટલા માટે થાય છે કે કોઈપણ પ્રક્રિયામાં જ્યારે બે વસ્તુઓ વચ્ચે ઘર્ષણ થાય ત્યારે અવાજ ઉત્પન્ન થાય. વૈશ્વાવીરાગ્નિ દ્વારા થતી આ આખી પ્રક્રિયા શરીરની અંદર થતી પ્રક્રિયા છે. એટલે શરીરના બાહ્યાંગ એવા કાન દ્વારા એને સાંભળી શકાય નહીં. એને સાંભળવા માટે બાહ્ય ઘોંઘાટ અને કોલાહલથી અસ્પૃષ્ટ રહી, શરીરની અંદર ઊતરીએ ત્યારે એ સંભળાય.

ઋષિએ કહેલી છેલ્લી વાત પણ ધ્યાનપાત્ર છે. ઋષિ કહે છે કે આ પ્રાણપુરુષ શરીરમાંથી બહાર નીકળનાર હોય છે, ત્યારે એના નાદને સાંભળી શકાતો નથી. આ વાત તદ્દન સાચી છે, કેમકે મરણાસન્ન વ્યક્તિનું સૂક્ષ્મ શરીર પ્રથમ છૂટે છે. પછી જે ભૂતોથી એનું શરીર બનેલું હોય છે, એ ભૂતો છૂટા પડી જે તે મહાભૂતમાં ભળી જાય છે. જેમ કે મનુષ્યના કામ, ક્રોધ, શોક, મોહ, ભય વગેરે આકાશમાં ભળી જાય છે. જેના વડે એનું ચલન, વલન, ધાયન, પ્રસરણ અને આકુંચન થતું હતું તે બધું વાયુમાં ભળી જાય છે. એને ક્ષુધા, તૃષા, આળસ, નિદ્રા અને કાંતિ મળતાં હતાં તે અગ્નિમાં ભળી જાય છે. એના શોણિત, શુક્ર, લાળ, મૂત્ર અને સ્વેદ સૂકાઈને જળતત્ત્વમાં ભળી જાય છે અને અસ્થિ, માંસ, નાડી, ત્વચા અને રોગથી બનેલો આનો દેહ પૃથ્વીમાં ભળી જાય છે.

મતલબ કે જઠરાગ્નિ મનુષ્યની જીવનશક્તિ છે. એ મંદ પડતાં મનુષ્ય માંદો પડે છે, આ બંધ પડતાં મનુષ્ય મૃત્યુ પામે છે. આધુનિક વિજ્ઞાનમાં આને જ જીવનશક્તિ (lifeforce) કહે છે. ઋગ્વેદના દસમા મંડળના ૧૮૨માં શ્લોકમાં કહ્યું છે;

अन्तर्चरित रोचनाऽस्य प्राणादपानती। (ऋ.१०-१८९-२)

वैश्वानरो यतते सूर्येण (ऋ. १-९८-२)

એટલે કે પ્રાણથી અપાન સુધી અને અપાનથી પ્રાણ સુધી ચમકનારી એક જ્યોતિ છે. તે વિરાટ બ્રહ્માંડમાં પ્રકાશતા સૂર્યનું કિરણ છે. દ્યુલોકમાં સૂર્ય અને મનુષ્ય દેહમાં વૈશ્વાનર એ એક જ શક્તિનાં બે બિંદુ છે. તેઓ એકબીજાની સાથે મળેલાં છે અને પરસ્પર સ્પર્ધા કરી રહ્યાં છે.

મનુષ્ય પૃથ્વીલોકનું પ્રાણી છે. પૃથ્વીનો સાર અગ્નિ છે. અંતરિક્ષલોકનો સાર વાયુ છે અને સ્વર્ગલોકનો સાર સૂર્ય છે. આમ અગ્નિ, વાયુ અને સૂર્ય એ ત્રણ ત્રણેય લોકના સૌથી અગત્યનાં તત્ત્વો છે. ભૂતાગ્નિ, પ્રાણાગ્નિ અને બ્રહ્માગ્નિ એ ત્રણેય અગ્નિઓ પરસ્પર એકબીજાથી અભિન્ન છે. આ ત્રણ અગ્નિઓ રૂપ એક અગ્નિ એક બાજુ આખા વિશ્વનું અને બીજી બાજુ પ્રત્યેક વ્યક્તિનું સંચાલન કરી રહ્યો છે. આ અગ્નિને જ મનોમય, પ્રાણમય અને વાઙ્મય કહેવામાં આવ્યો છે.

આ અગ્નિમાં કેટલાં બધાં રૂપો છે : કામાગ્નિ, ક્રોધાગ્નિ, જઠરાગ્નિ, દાવાનળ, પ્રાણાગ્નિ, બ્રહ્માગ્નિ, વિરહાગ્નિ વગેરે. બધાં અગ્નિઓનો ઉત્પાદક છે સૂર્ય. તેથી એ જ મુખ્ય ઉપાસ્ય દેવતા છે. એને સવિતાનારાયણ, યજ્ઞનારાયણ વગેરે અભિધાનોથી એટલે જ ઓળખાવાયો છે. સૂર્ય જ પ્રાણદાયિની ઊર્જાનો ઉત્સેક છે. તેજસ્વિતા, પાવકતા, દાહકતા અને પાચકતા એની શક્તિઓ છે. એનાં કિરણો જ બાષ્પીભવનની, ફોટોસિન્થેસીસની, ઓગાળવાની, પીગાળવાની ક્રિયા કરે છે. માટે એને સ્વર્ગનું મધુ કહેવામાં આવ્યું છે. માટે જ એની પૂજા કરવામાં આવે છે. આજે એક બાજુ સૂર્યશક્તિ (સૌર ઊર્જા)નો વિકાસ કરવાની પહેલ થઈ રહી છે અને બીજી બાજુ ગ્લોબલ વોર્મિંગથી ઉત્પન્ન થતી સમસ્યાઓનો ઉકેલ કેવી રીતે કરવો એની મથામણ થઈ રહી છે.

આ વિદ્યા પણ જીવનવિજ્ઞાનનો એક સિદ્ધાન્ત આ રીતે, સ્પષ્ટ કરી આપે છે, માટે એ જાણવી અને સમજવી જરૂરી છે. આપણા પૂર્વજ ઋષિઓનું જેમ અંતરજ્ઞાન ઘણું હતું, તેમ વિજ્ઞાન ભાન પણ ઘણું હતું. હજારો વર્ષો પૂર્વે એમણે આ બધી વાતો વિચારી છે અને પ્રબોધી છે. તેથી આ ઉપનિષદો જીવનવિજ્ઞાનના ગ્રંથો છે અને શાસ્ત્રગ્રંથો કહીને આપણે એને ઉવેખી શકીએ નહીં. ભલે આ ઉપનિષદસૃષ્ટીઓ પાસે સાબિતી (proof) નથી, પણ પ્રતીતિ (conviction) છે. વિજ્ઞાન પાસે સાબિતી છે, પણ પ્રતીતિ નથી, અધ્યાત્મ પાસે પ્રતીતિ છે, પણ સાબિતી નથી. એટલે એકલું અધ્યાત્મ કે એકલું વિજ્ઞાન આપણને યથાયોગ્ય અને પૂર્ણ જ્ઞાન નહીં આપી શકે. આપણે, આ કારણે, અધ્યાત્મ (spirituality) અને વિજ્ઞાન (science) નો સમન્વય કરવો પડશે. આપણે વિજ્ઞાનની સાબિતી અને અધ્યાત્મની પ્રતીતિનો યોગ રચીશું ત્યારે આપણે અદલ અને પૂર્ણ જ્ઞાન પામીશું. કારણ કે જેમ ઈલેક્ટ્રીસિટીમાં એકલો પોઝીટીવ કે એકલો નેગેટીવ તાર કામ આપી શકતો નથી. બંને મળે ત્યારે સર્કીટ પૂરી થાય છે, તેમ આપણે અધ્યાત્મ અને વિજ્ઞાનનો સુમેળ રચી સર્કીટ પૂરી કરવી જરૂરી છે. આ એકવીસમી સદીનો પુરુષાર્થ આ દિશામાં થાય એવી અપેક્ષા છે.

❑❑❑

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર,વલ્લભ વિદ્યાનગર -૩૮૮૧૨૦
સંપર્ક : ૦૨૬૯૨ - ૨૩૩૭૫૦
૦૯૭૨૭૩૩૩૦૦૦

નિર્હેતુક ભક્તિના માર્ગને સમજીએ

તત્વચિંતક વી. પટેલ

નિર્હેતુક એવો જે આત્માનો સત્યસ્વરૂપ અંતરની ભાવનાથી ભરપૂર પ્રેમ અને અનુરાગ પરમતત્વ પરમાત્મા પ્રત્યે હોવો તેનું નામ ભક્તિ છે. આમ ભક્તિ એ અંતરના પ્રેમ સ્વરૂપા છે. એટલે જ્યાં માણસના આત્માનું જોડાણ અંતરના પ્રેમપૂર્વક, પોતાના સ્વભાવમાં સ્થિર નથી અને મનમાં જ્યાં સુધી વિચાર અને વાસના હયાત છે ત્યાં સુધી ભક્તિ નથી, એમ એનો સ્પષ્ટ અર્થ થયો. મહાવીર ભગવાને સ્પષ્ટ કહ્યું છે, કે માણસે પોતાના સ્વભાવમાં સ્થિર થવું એ જ ધર્મ છે અને એ જ ભક્તિ છે.

ભક્તિ માર્ગની વિશેષતા એ છે કે નીરક્ષર અને અજ્ઞાન માટે ભક્તિનો માર્ગ ખુલ્લો છે, અને ભક્તિ સાવ જ સુલભ છે, તેમાં કોઈ સાધનની જરૂર જ પડતી નથી, વળી આચરવી સાવ જ સહેલી છે, કારણકે તેમાં માત્રને માત્ર પોતાના અંતરને શુદ્ધ કરી અંતરને શુદ્ધ કરવું એટલે મનમાંથી વાસના અને વિચારને તિલાંજલિ આપી પરમતત્વ સાથે અંતરને જોડી જ રાખવાનું છે, એટલે ભક્તિ થઇ ગઈ.

ભક્તિ માટે કોઈ નિયમો કે વિધિવિધાનોની કે સાધનની પણ જરૂર પડતી નથી, માત્રને માત્ર સત્યસ્વરૂપ થઈને, પોતાના જ સ્વભાવમાં, સ્વસ્વરૂપમાં સ્થિર થઈને, વિચાર અને વાસનાથી મુક્ત થઇને પરમતત્વ સાથે અંતરની જાગૃતિપૂર્વકના જોડાણની જ જરૂર પડે છે. વિચાર અને વાસનાથી મુક્ત થઇને અંતરનું જોડાણ પરમતત્વ સાથે થવું એ જ ભક્તિ ની સફળતા છે અને ભક્તિનું ફળ માત્રને માત્ર આનંદ છે, બીજું કોઈ ફળ નથી.

ભક્તિમાં કોઈ પણ જાતના ક્રિયાકાંડોની કે કર્મકાંડોની પણ જરૂર પડતી નથી, માત્રને માત્ર અંતરને શુદ્ધ કરી, એટલે કે

મનમાંથી વાસના અને વિચારને તિલાંજલી આપીને આત્માના સત્યસ્વરૂપ, સ્વસ્વરૂપમાં સ્થિર થઈને, પરમતત્વ પરમાત્મા પ્રત્યે અંતરનો પ્રેમ જ અંતરથી વ્યક્ત કરવાનો છે. અને એ રીતે વાસના અને વિચારથી નિવૃત્ત થઇને પરમતત્વ સાથે જાગૃતિપૂર્વક જોડાઈ રહેવાનું છે. આમ વાસનાથી મુક્ત થઇ પરમાત્મામય બની રહેવાનું છે, એટલે કે પૂરેપૂરા પરમાત્માને સમર્પિત અને શરણાગત થઈને જીવન જીવવાનું છે. આ થઇ પ્રેમસ્વરૂપા ભક્તિ.

આ જગતમાં આપણું કશું જ નથી, બધું જ પરમાત્માનું છે, તેવા અંતરના શુદ્ધ ભાવ સાથે, વાસના અને વિચારથી મુક્ત પરમ ચેતનામાં સ્થિર થઈને જાગૃતિપૂર્વક જીવન જીવવાનું છે. જેને કહેવાય છે ટોટલી અસંગ અલિપ્ત અને અહંકારશૂન્ય અને સમતા, સમત્વ અને સાક્ષીભાવનો અંતરથી સ્વીકાર કરીને અનાસક્ત ભાવમાં સ્થિર થઈને પોતાના સ્વભાવમાં સ્થિર થઈને જીવન જીવવું એનું નામ સત્યસ્વરૂપા ભક્તિ.

માણસે ભક્તિ સત્યસ્વરૂપ થઈને, વાસના અને વિચારથી મુક્ત થઇને, આત્મસ્વરૂપ, આત્મસ્થ અને હૃદયસ્થ થઈને સ્વ-સ્વભાવમાં સ્થિર થઈને ભક્તિ કરવાની હોય છે અને પોતાના સ્વભાવને જાણી તેમાં સ્થિર થવાનું હોય છે.તેનું નામ જ ભક્તિ છે,

ભક્તિ ટોટલી નિર્હેતુક હોવી જોઈએ, એનો અર્થ છે વાસના અને વિચારથી મુક્ત થઇ, અંતરથી આત્મસ્થ અને હૃદયસ્થ થઈને પોતાની પરમચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિર થઈને ભક્તિ થવી જોઈએ, તે ભક્તિની પ્રથમ શરત છે.

જ્યાં પણ કોઈપણ જાતનો હેતુ છૂપો કે જાહેર મનમાં હોય ત્યાં ભક્તિ નથી, એટલું આજના કહેવાતા ભક્તોએ બરાબર જાણી અને સમજી લેવા જેવી પરમ સત્ય હકીકત છે. જ્યાં કોઈપણ પ્રકારનો હેતુ છે, વાસના છે, વિચાર છે, માગ છે, ત્યાં ભક્તિ નથી.

જેમને સત્યસ્વરૂપ થઈને આત્મસ્થ થઈને, હૃદયસ્થ થઈને ભક્તિ કરવી છે, તેનું ફળ પરમ આનંદમાં સ્થિર થવું છે, તેમણે પોતાના સ્વભાવમાં સ્થિર થઈને જીવન જીવવું છે, આવા જીવન નું નામ ભક્તિરૂપ જીવન છે.

જેમને સત્યસ્વરૂપા ભક્તિ કરવી છે, તેમનાં મનમાં અત્યંત નમ્રતા, વિવેકનો, સત્યતાનો, અનાસક્ત ભાવ સાક્ષીભાવમાં સ્થિરતા, વિચાર અને વાસનાથી નિવૃતિ અને કર્તૃત્વ રહિતતાનો ભાવ અંતરમાં હોવો જોઈએ, એટલેકે અહંકાર ઓગાળી નાખવો જ જોઈએ, તે ભક્તિની બીજી શરત છે.

માણસ હું પણા સાથે કદી ભક્તિ કરી શકે જ નહીં, જ્યાં હું, વાસના, વિચાર વગેરે મનમાં હાજર છે, ત્યાં પરમાત્માની હાજરી જ નથી એટલું બરાબર જાણી લેવું સમજી લેવું જરૂરી છે.

માણસ જ્યારે 'હું' થી, વાસનાથી વિચારથી મુક્તિ પ્રાપ્ત કરે છે, એટલેકે અહંકારથી નિવૃત થાય છે ત્યારે જ સાચો અંતરનો આત્મિક સત્યસ્વરૂપ પ્રેમ પરમાત્માને વ્યક્ત કરી શકે છે અને પરમાત્મા સ્વરૂપ થઇ શકે છે, આ શાશ્વત સિદ્ધાંત છે, ત્યારે જ અંતરમાં પરમાત્મા હાજર હોય છે, ત્યારે જ માણસ પોતાના સ્વભાવમાં સ્થિર હોય છે. એનું નામ જ સત્ય ધર્મ છે અને સત્યસ્વરૂપા ભક્તિ છે.

ભક્તિ માર્ગ એટલો સાંકડો છે કે તેમાં બે સમાઈ શકતા જ નથી, માટે પ્રથમ તો હું પણાથી, વાસનાથી અને વિચારથી મુક્ત થવું જ પડે છે, એટલે કે સત્યસ્વરૂપ થઈને પરમાત્માસ્વરૂપ થઇ જ જવું પડે છે, પરમચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિર થઈને જેને અદ્વૈતતા કહે છે તે સ્થિતિ પ્રાપ્ત કરવાની હોય છે.

આમ પોતાના સ્વભાવમાં, આત્મામાં સ્થિર થવું જ પડે છે, અને વાસના અને વિચારથી મુક્ત હોય તો જ પરમાત્મા હાથ ઝાલે છે આ હકીકત બરાબર મનમાં ઠસવી જોઈએ અને અંતરથી જાણી લેવી જરૂરી છે અને આત્મામાં સ્વસ્વરૂપમાં સ્થિર થવું જ જોઈએ.

ભક્તિમાં બાહ્યાચારો કોઈ કામમાં આવતાં જ નથી એ સત્ય હકીકત છે, એટલે આજે થતી પૂજા, આરતી-માળા, જપ વગેરે પ્રકારની ભક્તિમાં વાસના અને વિચારથી મુક્તિ હોતી નથી અને આત્માનું જોડાણ હોતું જ નથી. અંતરનું જોડાણ આ બધી જ વિધિ વિધાનો, વાસના વિચારમુક્ત થઇને અંતરને સાથે રાખીને, પોતાના સ્વભાવમાં સ્થિર કે પરમચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિર થઈને વિધિવિધાનો થતાં જ નથી એટલે તે ભક્તિ નથી. જેથી આનંદ ઉપલબ્ધ થતો જ નથી અને માણસનું આંતરિક પરિવર્તન શક્ય બનતું જ નથી.

આજની ભક્તિ મોટે ભાગે અહંકારને પોષણ આપે છે, અને દંભમાં વધારો કરે છે. જ્યાં અહંકારને પોષણ મળતું હોય, દંભમાં વધારો થતો હોય, વાસના વિચારને બળ મળતું હોય ત્યાં ભક્તિ કે પરમાત્મા હાજર હોઈ શકે જ નહીં એટલું અંતરથી જાણો અને સમજો, હું પણું છે, વાસના છે, વિચાર છે, ત્યાં સમર્પણ નથી, ત્યાં શરણાગતિ પણ નથી, એટલે ત્યાં ભક્તિ નથી.

જીવનમાં શું ખાવું અને શું નહીં ખાવું તેને ને ભક્તિને કશું પણ લાગતું વળગતું જ નથી, જે કાંઈ ખાવ, જે કાંઈ વર્તન, વ્યવહાર, આચરણ કરો તે શુદ્ધ મનથી જાણી, સમજી ને અનુભવીને પરમચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિર થઈને આચરણ કરો, અને ટીલાં ટપકા કરો તો તે બરાબર જાણી સમજીને કરો, માનીને કાંઈ પણ કરો જ નહીં, પણ અંતરથી જાણી અનુભવીને આચરણ કરો, એટલે કે પરમચેતનામાં જાગૃતિપૂર્વક, વર્તમાનમાં જીવો તે જ સાચી ભક્તિ છે.

કોઈપણની કોઈપણ પ્રકારની વાત કે વિચાર માનીને ચાલો જ નહી, પણ શુદ્ધ અંતરથી એટલે કે વાસના અને વિચારથી મુક્ત થઇને આત્મસ્થ અને હૃદયસ્થ થઈને શુદ્ધ મનથી અને શુદ્ધ બુદ્ધિથી પરમચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિર થઈને કસીને જાણીને અનુભવીને

અનુસરો એ ભક્તિની ત્રીજી શરત છે.

આજની બાહ્યાચારો દ્વારા થતી ભક્તિથી કોઈ લાભ થતો નથી, માત્રને માત્ર અહંકાર અને દંભને પોષણ મળે છે. કારણ કે વાસના સાથે ભક્તિ થાય છે તે આજની હકીકત છે, એટલે બધી જ મહેનત પાણીમાં વહી જાય છે. કોઈ આંતરિક લાભ થતો નથી. આંતરિક પરિવર્તન થતું નથી, એટલે તે ભક્તિ નથી, એટલું જાણો.

આજના ધાર્મિક સ્થળે આંટા મારતા કહેવાતા ભક્તનું આંતરિક પરિવર્તન થતું નથી, તેઓ આત્માના સત્યમાં અને પ્રમાણિકતામાં હોતા જ નથી, લાભ લોભ અને સ્વાર્થગ્રસ્ત માનસ ધરાવતા હોય છે, અને સત્ય, અહિંસા, પરહિત અને પવિત્રતાના ભાવમાં કે પરમચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિર પણ હોતા નથી. વાસનાગ્રસ્ત મન હોય છે, તે આજની સત્ય હકીકત છે. જે ભક્તિ ભક્તનું આંતરિક પરિવર્તન ન કરી શકે તે ભક્તિ નથી એટલું જાણો અને સમજો.

ભક્તિ માટે ક્યાંય પણ ભટકવાની જરૂર નથી, ઘરનાં એક ખૂણામાં ચિત્તની પરમ શાંતિ અને સ્થિરતા ધારણ કરી, પ્રસન્ન ચિત્તે સ્વસ્થતાપૂર્વક આત્મસ્થ અને હૃદયપૂર્વક અંતરથી પરમાત્મા સાથે પરમચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિર થઈને અંતરનું જોડાણ કરવાનું છે, આનું નામ સાચી સત્યસ્વરૂપા ભક્તિ છે અને આવી ભક્તિ, માણસનું આંતરિક પરિવર્તન કરવાની શક્તિ ધરાવે છે, તે જ સાચી ભક્તિ છે.

પરમાત્માના સાંનિધ્યમાં આપણને એમ અંતરથી લાગવું જ જોઈએ કે હું પોતે સાવ જ શૂન્ય છું, વાસના અને વિચારરહિત છું, આ પ્રકારના આત્મવિલોપન કે આત્મવિસ્મરણ જો ન હોય અને પરમચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિરતા ન હોય તો અંતરમાં સાચી સત્યસ્વરૂપ ભક્તિનો ઉદય થવા જ માગતો નથી અને થતો પણ નથી તે સમજી લેવા અને જાણી લેવા જેવી સત્ય બિના છે.

આમ સાચી સત્યસ્વરૂપ ભક્તિનો અર્થ એ છે કે પરમાત્મા પ્રત્યે અંતકરણની પાકી શ્રદ્ધા અને અંતરનો સત્યસ્વરૂપ પાકો વિશ્વાસ હોવો જોઈએ, અંતરની સત્યસ્વરૂપ શ્રદ્ધા અને વિચાર અને વાસનારહિતતા એ જ આત્માની આંખ છે અને પોતાની પરમચેતનામાં જાગૃતિપૂર્વકની સ્થિરતા અને પરમ જાગૃતતા હોવી આવશ્યક છે, જાગૃત અને શુદ્ધ બુદ્ધિવાળો માણસ જ સાચી ભક્તિ કરી શકે છે. શુદ્ધ બુદ્ધિનો અર્થ છે, મનમાં વાસના અને વિચારની શૂન્યતા.

આમ સર્વભાવે સર્વ રીતે સંપૂર્ણપણે પરમાત્મા પ્રત્યે અંતરનો પ્રેમ રાખવો અને આત્મિક જોડાણ અને સર્વ ભાવે, સર્વ રીતે સંપૂર્ણપણે પરમતત્વને શરણે જવું અને સર્વ ભાવે સંપૂર્ણપણે, સર્વ રીતે પરમતત્વને સમર્પિત થવું તેનું નામ ભક્તિ છે, આવી ભક્તિમાં સ્થિર થઈને પોતાના સ્વભાવમાં સ્થિર થઈને પરમ ચેતનામાં જાગૃતિપૂર્વક જીવન જીવે જવું તે ભક્તિનું આચરણ છે, અને પરમ આનંદ એ પરમભક્તિનું પરમ ફળ છે. ❑❑❑

sarujivan39@gmail.com

અલૌકિકતા

ભાણદેવ

એક મોટા સરોવરને કિનારે એક નાનો આશ્રમ છે. આશ્રમમાં એક સાધુ રહે. એકવાર તે આશ્રમમાં જવાનું થયું. સાધુ મહારાજના દર્શન પણ થયા. સાધુમહારાજ યુવાન હતા. તેમની પાસે બે-ત્રણ ભક્તો પણ બેઠા હતા. સાધુ મહારાજ સાથે થોડી વાર બેસવાનું પણ બન્યું. જોવામાં આવ્યું કે સાધુ મહારાજે જમણા હાથમાં પિત્તળનો એક નાગ પહેરેલો છે. કોણી અને ખભ્ભાની વચ્ચે જે સ્થાનમાં બાજુબંધ પહેરવામાં આવે છે, ત્યાં તેમણે આ નાગ ગોઠવેલો છે. પિત્તળનો આ નાગ પ્રમાણમાં મોટો છે અને મહારાજે તે લગભગ પાંચ આંટા મારીને દૃઢતાપૂર્વક ગોઠવેલો છે.

સાધુઓનો અને સાધુસમાજનો મને સારો પરિચય છે. ભારતના લગભગ બધા સંપ્રદાયના સાધુઓને મળવાનું, તેમની સાથે બેસવાનું, સત્સંગ કરવાનું બન્યું છે, પરંતુ મેં કોઈ સંપ્રદાયના સાધુના હાથે આ રીતે નાગ પહેરેલો જોયો નથી. મને થોડી નવાઈ લાગી.

થોડી પ્રારંભિક વાત થયા પછી મેં સાધુ મહારાજને વિનયપૂર્વક પૂછ્યું.

''મહારાજ! હાથમાં આ નાગમહારાજ પહેરેલા છે, તેનું રહસ્ય સમજાવવાની કૃપા કરો.''

બાજુમાં બેઠેલા ભક્તો પણ આ રહસ્ય સાંભળવા માટે કાન સરવા કરીને તૈયાર થયા. થોડીવાર તો સાધુ મહારાજ કાંઈક ગૂંચવાઈ ગયા, કાંઈક મૂંઝાઈ ગયા હોય તેમ લાગ્યું. પણ તેમને લાગ્યું કે હવે કાંઈક ઉત્તર આપ્યા વિના છૂટકો જ નથી. મનમાં ને મનમાં ઉત્તર ઘડતા હોય તેમ લાગ્યું. અમે સૌ તેમના ઉત્તરને સાંભળવા આતુર બન્યા.

જાણે કોઈ ગહન રહસ્ય અભિવ્યક્ત કરતાં હોય તેવો દેખાવ ધારણ કરીને તેઓ બોલ્યા.

''આમાં જાણે એવું છે કે નાગ તો શિવજી પણ ધારણ કરે છે. ત્યારથી આ નાગ ધારણ કરવાની પરંપરા ચાલી આવે છે. અમારી પણ એ જ પરંપરા છે.''

સાધુ મહારાજનો આ ખુલાસો મને જરા પણ પ્રતીતિકર જણાયો નહિ. પરંતુ તે સ્થાનમાં અમારી સાથે તે સાધુ મહારાજના

જે સેવકભક્તો બેઠા હતા તેઓ સાધુના આ વચનોથી ખૂબ પ્રભાવિત થઈ ગયા, તેમ લાગ્યું. સંભવતઃ તેમના મનમાં આવો ભાવ ઉત્પન્ન થયો હશે કે જેમ શિવજીના હાથ પર નાગ છે, તેમ અમારા ગુરુમહારાજના હાથમાં નાગ છે. તેમને કોણ સમજાવે કે શિવજીના હાથમાં જો નાગ હોય તો તે પિત્તળનો નથી, સાચો છે અને શિવજીનું અનુકરણ કરવું જ હોય તો તો ઝેર પણ પીવું પડે. હાથમાં નાગ ધારણ કરવાની કોઈ સાંપ્રદાયિક પરંપરા હોવાનું પણ જાણમાં નથી. આપણા આ સાધુ મહારાજે આ એક નવો નુસખો અપનાવ્યો છે અને આ નુસખાથી તેમના અભણ અને ભોળા શિષ્યો-સેવકો પ્રભાવિત પણ થયા છે.

હવે આપણી સમક્ષ પ્રશ્ન એ છે કે આ સાધુ મહારાજે આવો નુસખો અપનાવ્યો શા માટે?

પોતે બીજા કરતાં કાંઈક જુદા છે, કાંઈક અસામાન્ય છે, તેમ બતાવવા માટે? બધા લોકો તો લૌકિક છે, પોતે લૌકિક નથી, અલૌકિક છે, તેમ દર્શાવવા માટે.

પોતે સામાન્ય નથી, સામાન્ય કરતાં કાંઈક ભિન્ન છે, અસામાન્ય છે, અલૌકિક છે, આવું સિદ્ધ કરવાની, આવો દેખાવ કરવાની અને આવું અનુભવવાની ઈચ્છા જેમનામાં ન હોય તેવા માનવો શોધવા મુશ્કેલ છે!

મને નાનપણનો એક સાવ નાનો પણ નોંધવાલાયક પ્રસંગ યાદ આવે છે. અમારા પાડોશમાં એક બહેન રહે. અમે એમને માસીબા કહીએ. અમારા સૌના ઘરમાં દેશી ચોખા વપરાય, અને માસીબાના ઘરમાં બાસમતી ચોખા વપરાય. માસીબા આ હકીકતની વારંવાર જાહેરાત કરે, સૌને ગાઈ વગાડીને કહે.

''તમે બધાં લોકિયા ચોખા ખાઓ છો. અમે એવા લોકિયા ચોખા ન ખાઈએ. અમે તો બાસમતી ખાઈએ, બાસમતી!''

માસીબા બાસમતી ચોખા ખાય તો ભલે ખાય, પણ તેમને આ હકીકતની આટલી બધી, ગાઈવગાડીને જાહેરાત કરવાની શી જરૂર પડી? તેઓ આ જાહેરાત દ્વારા એમ સિદ્ધ કરવા માગતાં હતાં અને તેથી પણ વિશેષ તો તેઓ એમ અનુભવવા ઈચ્છતાં હતાં કે પોતે બધા જેવા સામાન્ય નથી, પોતે કોઈક સ્વરૂપે અસામાન્ય છે.

અસામાન્ય હોવાનું સિદ્ધ કરવાની અને તેવો દેખાવ કરવાની તથા તેવો અનુભવ લેવાની વૃત્તિ કેવા કેવા સ્વરૂપો ધારણ કરે છે!

સિકંદરને જગત જીતવાની જરૂર કેમ પડી? પોતે અસામાન્ય છે, તેમ સિદ્ધ કરવા માટે જ ને! સિકંદર પોતાને અસામાન્ય, અલૌકિક માનતો, પોતાને દેવોના રાજા ઝ્યુસનો પુત્ર માનતો. સિકંદર એમ પણ માનતો કે પોતાનું શરીર પણ અલૌકિક છે, સૌને હોય છે તેવું લૌકિક શરીર પોતાનું નથી. સિકંદર એમ પણ માનતો કે સામાન્ય લોકોના શરીરને ઈજા થાય તો તેમાંથી લોહી નીકળે, પરંતુ પોતાના શરીરમાં આવું કોઈ લોહી નથી. પોતાના અલૌકિક શરીરમાં આવું કોઈ લોહી હોઈ શકે જ નહિ. તેથી જ્યારે એક યુદ્ધમાં સિકંદરના શરીરને ઈજા થઈ, અને તેમાંથી લોહી નીકળ્યું ત્યારે તેને ભારે આઘાત લાગ્યો હતો.

જગત જીતવા માટે નીકળતાં પહેલાં પોતાના ગુરુ એરિસ્ટોટલની સૂચનાથી સિકંદર તે સમયના ગ્રીસના એક મહાન સંત ડાયોઝિનીસના આશીર્વાદ લેવા ગયો. ડાયોઝિનીસ પોતાના સામાન્ય ક્રમ પ્રમાણે એક વૃક્ષ નીચે દિગંબર અવસ્થામાં પડયા હતા. સિકંદરે તેમને આશીર્વાદ માટે પ્રાર્થના કરતાં કહ્યું -

''સમગ્ર જગતને જીતવા માટે નીકળું છું. આપના આશીર્વાદ ઈચ્છું છું.''

ડાયોઝિનીસે સિંકદરને પૂછયું.

''જગતને જીતીને પછી શું કરીશ?''

સિકંદર કહે છે -

''પછી શાંતિથી જીવીશ.''

ડાયોઝિનીસે મૂલ્યવાન સૂચના આપી - ''અત્યારથી જ શાંતિથી જીવને! શાંતિથી જીવવા માટે જગત જીતવાની શું જરૂર છે?''

સિકંદર આ ડાહી વાત સમજી ન શક્યો. જગત જીતવા નીકળ્યો. જગત તો જીતી ન શક્યો, પરંતુ શાંતિથી જીવવા માટે પોતાને દેશ પાછો પહોંચ્યો જ નહિ. રસ્તામાં બેબિલોનમાં મૃત્યુ પામ્યો.

જર્મન પ્રજા વિશ્વની સર્વ પ્રજાઓથી ચડિયાતી છે, શ્રેષ્ઠ છે, અસામાન્ય છે, તેમ સિદ્ધ કરવા માટે હિટલરે કેટલી ખાનાખરાબી કરી?

આપણે બીજા કરતાં ચડિયાતા છીએ, આપણે આ અસામાન્ય છીએ, અલૌકિક છીએ - આમ સાબિત કરવાની, આમ અનુભવવાની જરૂર શા માટે પડે છે? શા માટે આપણે અસામાન્ય બનવું છે?

અહીં કોઈ સામાન્ય માનવી બની રહેવા તૈયાર નથી. અહીં લગભગ સૌ અસામાન્ય બની જવાની તક મેળવવા માટે ટાંપીને જ બેઠા છે. સામાન્ય માનવી તરીકે જીવતો માનવ પણ તક મળે ત્યારે તુરત જ અસામાન્યતાના ટાવર પર ચડી જવા માટે તૈયાર જ હોય છે.

હું સામાન્ય માનવી છું, હું સામાન્ય માનવી તરીકે રહેવા અને જીવવા માટે તૈયાર છું, મારે અસામાન્ય બનવાની કોઈ જરૂર નથી મને અસામાન્ય બનવાનો કોઈ અભરખો નથી. આમ સચ્ચાઈપૂર્વક માનનાર અને સાદ્યંત તે પ્રમાણે જીવનાર માનવી ગોત્યો મળે તેમ નથી.

શ્રી જે. કૃષ્ણમૂર્તિએ બહુ મૂલ્યવાન વિધાન કર્યું છે -

To live like an ordinary person is an extra-ordinary thing.

''સામાન્ય માનવીની જેમ જીવવું તે એક અસામાન્ય ઘટના છે.''

જેઓ અંદરથી પરિતૃપ્ત હોય તેઓ જ સાદ્યંત સામાન્ય માનવી બની રહેવાનું સ્વીકારી શકે છે, બીજાનું આટલું ગજું નહિ.

આ જ વાત આપણા જ્ઞાનેશ્વર મહારાજ પણ કહે છે.

लोकाशी आपण नह्वे अलौकिक।

''લોકો સાથેના વ્યવહારમાં આપણે અલૌકિકતા દાખવવી નહિ.''

જ્ઞાનેશ્વર મહારાજ આ સલાહ અધ્યાત્મપથના પથિકોને ઉદ્દેશીને કહે છે, પરંતુ આ સલાહ સૌને ઉદ્દેશીને આપવામાં પણ કોઈ જોખમ નથી.

જ્ઞાનેશ્વર મહારાજ સાધકોને ઉદ્દેશીને કહે છે કે અધ્યાત્મયાત્રા દરમિયાન આંતરચેતનામાં અલૌકિકતા જન્મે તોપણ સામાન્ય માનવો સાથેના વ્યવહારમાં આપણે અલૌકિકતા પ્રગટ થવા દેવી નહિ. સામાન્ય લોકો સાથેના વ્યવહારમાં આપણે સામાન્ય માનવીની જેમ વર્તવું. આપણે બીજાથી ચડિયાતા છીએ, આપણે હવે અસામાન્ય બની ગયા તેવો મનોભાવ ધારણ કરવો નહિ. આંતરજીવનમાં અલૌકિક તત્ત્વ જન્મે અને વિકસે તોપણ આપણે લોકો સાથે તો અલૌકિકતા પ્રગટ કરવી નહિ. સોળ વર્ષનો એક બાળક કેટલા મોટા ગજાની વાત કરે છે!

જાણ્યે કે અજાણ્યે આપણે સૌ અસામાન્ય કે અલૌકિક બનવા, દેખાવા કે અનુભવવા માટે ધમપછાડા મારી રહ્યા છીએ. આ ધમપછાડાને કારણે આ પૃથ્વી પર કેટલા ઉપદ્રવો ઊભા થઈ રહ્યા છે તેનો હિસાબ માંડી શકાય તેમ નથી. અરે! આ ધમપછાડાને કારણે આપણે કેટલા દુ:ખી અને રુગ્ણ બની ગયા છીએ, તેનો હિસાબ પણ માંડી શકાય તેમ નથી.

તો હવે આપણી પાસે લાખ રૂપિયાનો એક પ્રશ્ન છે - આ અસામાન્ય બનવાના ધમપછાડા શા માટે ? આપણે બીજા કરતાં કાંઈ વિશિષ્ટ કે ચડિયાતા થવું જ શા માટે ? આપણને સામાન્ય લોકોથી કાંઈ જુદાં અર્થાત અલૌકિક બનવાની જરૂર શા માટે પડી છે?

માનવી એક અધૂરપની લાગણીથી પીડાય છે, માનવી એક આંતરિક અભાવ અનુભવે છે, એક ખાલીપાની લાગણી અનુભવે છે. જીવનમાં કાંઈક ખૂટે છે તેવી લાગણી (Sense of Incompletness) માનવના મનને કોરી ખાય છે.

આ અભાવ ગ્રંથિમાંથી મુક્ત થવા માટે માનવી પ્રયત્ન કરે છે. હું ઊતરતો છું, નિમ્ન કોટિનો છું, મારામાં કાંઈક ખૂટે છે - આ બધા અભાવ ગ્રંથિના સ્વરૂપો છે.

આ લઘુત્વની ભાવનામાંથી છુટકારો મેળવવા માટે, તેની પૂર્તિ માટે આપણામાં અસામાન્ય બનવાનો ધખારો પેદા થાય છે. આમ અસામાન્યતા કે અલૌકિકતાની ઝંખના પેલી ચાંડાલી અભાવગ્રંથિમાંથી મુક્ત થવા માટેની એક પૂરક પ્રવૃત્તિ છે. જ્યાં ખાલીપાની વેદના છે, ત્યાં ખાલીપાને ભરવા માટેના ધમપછાડા છે અને અસામાન્ય બનવાના ધમપછાડા આ ખાલીપામાંથી મુક્ત થવાના ધમપછાડા જ છે, પણ પ્રશ્ન એ છે કે આ અસામાન્ય બનવાના ધમપછાડા દ્વારા ખાલીપાની લાગણી કે અભાવગ્રંથિમાંથી મુક્તિ મળી શકે? કદી ન મળે, કોઈ કાળે ન મળે. કારણ કે અંદરનો ખાલીપો બહારની અસામાન્યતા દ્વારા ન જ ભરી શકાય. ખાલી જગ્યા જે સ્થાન પર હોય તે સ્થાન પર જ તેની પૂર્તિ થઈ શકે. ખાડો ઓરડામાં હોય અને માટી ખેતરમાં નાખીએ તો ઓરડાનો ખાડો પૂરી શકાય? અભાવની લાગણી ચિત્તમાં છે અને આપણા અસામાન્ય બનવાના ધમપછાડા બહાર છે. અંદરનો ખાડો બહારના ધમપછાડાથી ભરાય કેવી રીતે?

તો ઉપાય શો છે?

આપણે સમજી લઈએ કે આ અસામાન્ય કે અલૌકિક બનવાના ધમપછાડા ખોટી દિશામાં અને ખોટી રીતે મારેલા ફાંફા છે અને તેનાથી જીવનમાં કોઈ હેતુ સિદ્ધ થઈ શકે તેમ નથી. અસામાન્ય બનવાના ધમપછાડાની નિરર્થકતા સમજી લઈએ - આ તેમાંથી મુક્ત થવાનું પ્રથમ સોપાન છે.

તો પછી આ અભાવગ્રંથિમાંથી મુક્તિનો ઉપાય શો છે? તેનો કોઈ ઉપાય નથી. કારણકે અભાવ કાલ્પનિક છે, વાસ્તવિક નથી. જે સમસ્યા જ કાલ્પનિક છે તેમાંથી મુક્ત થવાનો ઉપાય શો? આપણે એટલું જ સમજી લેવાની જરૂર છે કે હું આત્મા છું; આત્મા પૂર્ણ છે અને પૂર્ણને વસ્તુતઃ કોઈ અભાવ હોઈ જ ન શકે.

આત્માનો અનુભવ તે પૂર્ણતાનો અનુભવ છે અને આ પૂર્ણતાનો અનુભવ જ અભાવના વિસર્જનનો એકમાત્ર ઉપાય છે. અંધકારના વિસર્જન માટે પ્રકાશના પ્રાગટ્ય સિવાય કોઈ ઉપાય હોઈ શકે?

આંતરચેતનામાં આત્મપ્રાપ્તિની અલૌકિક ઘટના ઘટે પછી પણ જ્ઞાનેશ્વર મહારાજ તો એમ જ કહે છે -

लोकाशी आपण नह्वे अलौकिक।

આધ્યાત્મિક તળ પર આવી પરમ અલૌકિક ઘટના ઘટી હોય તોપણ લોકો સાથેના વ્યવહારમાં લૌકિક રહેવું, તે સાચી અલૌકિકતા છે. સાચી અલૌકિકતાનું આ જ પારખું છે કે તેને હવે અલૌકિક દેખાવાનો, અલૌકિક સિદ્ધ થવાનો ધખારો મટી ગયો છે. આંતર ચેતનામાં પરમચૈતન્ય પ્રગટ્યું હોય તોપણ સામાન્ય માનવીની જેમ જીવવું તે જ સાચી અસામાન્યતા છે, એક અસાધારણ ઘટના છે. અંદરથી અસામાન્ય બન્યા છતાં બહાર અસામાન્ય બનવાની વૃત્તિ આટોપાઈ જાય તે સાચી અસામાન્યતાની સુવર્ણ કસોટી છે. આ રહસ્ય આત્મસાત કરીને આ સોળ વર્ષના બાળક જ્ઞાનેશ્વર - જ્ઞાનીઓના રાજા કહે છે - लोकाशी आपण नह्वे अलौकिक।

❑❑❑

સંપર્ક : ૦૨૮ ૨૨-૨૯૨૬૮૮

જીવનપંથ : ૨૧

મારા શબ્દો ભલે નાશ પામે...!

ડૉ. ભદ્રાયુ વછરાજાની

'સંપૂર્ણતા હું થી પરિ રહો સદા, આનંદ માગું' હું અપૂર્ણતાનો..
દમે દમે કંઈક થવા મથી રહું, મથામણોની ન મણા હજો મને..'

આવું તે કદિ કોઈ ઈચ્છે? અપૂર્ણ રહેવાનું ? પૂર્ણતા માટે જન્મેલો જીવ સંપૂર્ણતાને એમ કહે કે જરા આઘી રહેજે!! ચોતરફ સુખ-શાંતિ-નિરાંત માગીએ કે જથ્થાબંધ મથામણો મળે તેવી પ્રાર્થના કરીએ?.. આ કાવ્યપંક્તિના કવિ મારા માટે વિસ્મયની સંદૂક ખોલે છે. કોણ છે આ કવિ? સુખ-સગવડને વેઠી લેવા પણ તૈયાર નથી, એ છે કોણ? આજથી ત્રીસેક વર્ષો પહેલાં 'સેક્સ એજ્યુકેશન' પર ડૉક્ટરેટ સંશોધન કરતો હતો, તેનું સાહિત્ય ખોળતાં ખોળતાં ફરી આ કવિનું ગદ્ય હાથ લાગ્યું. વાત કહેલી સ્ત્રી-પુરુષની, પણ રસિકતા સ્પર્શતી હતી જાતીયતાને, સ્ત્રી-પુરુષનાં સાહજિક આકર્ષણને..એમનું એક રોમાંચક વિધાન વાંચી મારી ડૉક્ટરેટ-ડાયરીમાં લખી લીધું; તે વિધાનનો સારભાવ આવો હતો : 'ઈશ્વર કેટલો સમજુ છે! એમણે માણસની વસતિમાં અર્ધી સ્ત્રીઓ બનાવી, એ બહાને પણ પુરુષ સ્ત્રીઓ તરફ આકર્ષાતો તો થયો! સ્ત્રી સામે જોવાના કારણે પણ પુરુષ અર્ધી પૃથ્વી તરફ તો આકર્ષાયો! અને એ કારણે પ્રકૃતિનો પ્રશંસક અને સૌંદર્યનો ચાહક તો થયો!'...મને ફરી આ વ્યક્તિવિશેષે મોહિત કર્યો.. સ્ત્રીઓને કોઈ જરા બુરી નજરે જુએ તો? એવા સહજ સંશયના જવાબમાં આ કવિએ બે પંક્તિઓ ટાંકીને મને તેમનો પ્રેમી બનાવી દીધો. કવિશ્રીએ લખ્યું :

'દેનાર તો દે નયનો જ માત્ર,
શું દેખવું તે કથવા ન પાત્ર..'

સાહેબ, નાનપણથી ગમી ગયેલા આ કવિ મારાં તારુણ્યમાં મારું પ્રિય પાત્ર બની રહ્યા. કવિવર રવીન્દ્રનાથ ટાગોરને ન જોઈ શકયાનો વસવસો ભાંગવા, આ આપણા કવિવરને આંગણે નોતરવા તેવી મનોમન ગાંઠ બાંધી. ઘણીવાર ગાંઠથી ઈચ્છાઓ પૂરી થાય છે!

બરાબર તારીખ કે વર્ષ યાદ નથી, પણ આજથી તેંત્રીસેક વર્ષ પહેલાં આ સ્વપ્ન સાકાર થયું. નાનપણથી મોટાં આયોજનો કરવાનો અભરખો ખરો. એ ઉત્સાહ અને અભરખાને લઈને આપણા કવિવરને ઘરઆંગણે આમંત્ર્યા.. ઘણી મીઠડી સ્મૃતિઓ છે, પણ તેને લંબાવીને ક્લાઈમેક્સ માટે જાતને નથી રિબાવવી !

રાજકોટની વિરાણી હાઈસ્કૂલનો મધ્યસ્થ ખંડ.ધોતિયું-ઝભ્ભો ને ઝીણી ફ્રેમનાં ચશ્માધારી આપણા ગુર્જર વિશ્વકવિ ઉમાશંકર જોશી મંચ પર. કાર્યક્રમનું સંચાલન કરવાનો લહાવો મળેલો. હૉલ પેકમ્ પેક. ઉજો ટૂંકું છતાં સહજ બોલ્યા. એક કવિના મુખમાંથી ખળખળ વહેતું ઝરણું જાણે પૃથ્વી પર અવતરતું હોય તેવું લાગ્યું. આકાશવાણી, રાજકોટના તોખાર સ્વરકાર અને આપણને સૌને બહુ બહુ બહુ વહેલા છોડીને જતા રહેલા પરેશ ભટ્ટે તખતા પર કદમ માંડયાં. મોટાં છાંટણાવાળો ઝભ્ભો પેન્ટ પર પહેરેલો પરેશે...જીગરી મિત્ર હોવાના નાતે પરેશ ભટ્ટે કહી રાખેલું ખાનગીમાં મને કે : 'હું એક ખાસ હાર કવિવરને પહેરાવી તેઓની અછાંદસ રચનાનું ગાન કરીશ અને તે સાથે કાર્યક્રમ પૂર્ણ કરીશું..' પરેશે એમ જ કર્યું. કવિ ઉમાશંકર હાર પહેરવા ઊભા થયા ને સ્નેહાદર દાખવી એ સૌમ્યતમ કવિત્વ સ્થાન પર સ્થાયી થયું..એ સ્થાન લે ત્યાં જ તો પરેશે તેની નખરાળી આંગળીઓને હાર્મોનિયમ પર વહેતી કરી અને મક્કમ છતાં હળવા કંઠે ગાયું :

'મારું જીવન એ જ મારી વાણી'
બીજુ એ તો ઝાકળ પાણી...

ડાબી બાજુ ફરી બેસી ગયા. હું તો રંગમંચ પરથી બે પેઢીને નિહાળતો જ રહી ગયો. કોણ કોને પ્રભાવિત કરી રહ્યું છે તે વિચાર જ ન આવ્યો !. પરેશે જ્યારે ગાયું : 'મારા શબ્દો ભલે નાશ પામો, કાળ ઉદર માંહી વિરામો..' અને પરેશે અંતરો દોહરાવ્યો ત્યારે ઉમાશંકરની બન્ને આંખો બંધ થઈ ગઈ. ધ્યાનસ્થ કવિ જાણે સમાધિમાં ઊતરી ગયા. હું મારા પ્રિયતમ કવિની આ દિવ્ય મુદ્રા મારા સ્મરણ પટારામાં સંઘરી લેવા સતર્ક થઈ ગયો, પણ ઉજો અવિચળ હતા!... અને અંતિમ ચરણમાં જ્યારે પરેશ ભટ્ટે કવિના સદાસ્મરણીય શબ્દોને તાર સપ્તકમાં ઊંચક્યા ત્યારે પરેશની આંખો બંધ થઈ અને કવિશ્રીની આંખો ખૂલી ગઈ. તેઓ પરેશ ગીત પૂરું કરે ત્યાં તો તેનાં સુધી પહોંચી ગયા અને પોતાના ગળામાં પહેરી રાખેલો હાર ઉતારી પરેશ ભટ્ટનાં ગળામાં પહેરાવી, બાળકની જેમ પરેશને ભેટી પડયા. હું સાક્ષી ભાવે ત્રીજો પુરુષ એકવચનમાં આ દૃશ્ય જોઈ ગળગળો થઈ ગયો. ઉમાશંકરે મને માઈક આપવા ઈશારો કર્યો. તેઓ પરેશના ખભ્ભે હાથ રાખી બોલ્યા : 'મારી સાવ અછાંદસ રચનાનું આટલું ઉત્તમ સ્વરાંકન!? શું કહું? પરેશે પહેરાવેલો હાર પરેશને અર્પણ કરું છું અને શબ્દને સ્વરમાં ઓગાળું છું.'

આ દૃશ્યના સાક્ષી બનેલા સૌ શબ્દ-સ્વર પ્રેમીઓ કોઈના કહ્યા વગર પોતાનાં સ્થાન પર ઊભા થયા ને તાળીઓના અવિરત ધ્વનિથી સભાખંડ ગાજતો રહ્યો...મારા દિલમાં વસેલા ઉમાશંકરની સાથે અમે મંચ પરથી નીચે આવ્યા. ઉમાશંકરના એક પડખે હું

અને બીજા ખભે પરેશ ભટ્ટ. અમે બન્નેને કવિશ્રીએ એવી રીતે બન્ને બાજુ પોતાનાથી નજદીક રાખેલા કે ઘણાંને ગાંધીજી યાદ આવી ગયા, એક બાજુ મનુબેન અને બીજી બાજુ આભાબેન!!

સંપૂર્ણતાને દૂર રાખતો, અપૂર્ણતા માગતો મારો પ્રિય કવિ આજે મને સમજાયો. કશું સીધું કહ્યા વગર તેઓ મને શીખવી ગયા તેથી તો આજે પણ દમે દમે કંઈક થવા હું મથું છું અને મથામણોને સામે ચાલી નોતરું છું.!

❑❑❑

પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.
સંપર્ક : ૦૯૮૯૮૯૨૦૩૩૩, (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com

વીરચંદ ગાંધીના એકાગ્રતા (concentration) વિશેના વિચારો

ડૉ. રશ્મિ ભેદા

લગભગ સવાસો વર્ષ પહેલાં આજનું ભારત અને ત્યારનું હિંદુસ્તાન બ્રિટિશ હુકુમત હેઠળ ગુલામીમાં હતું. માથું નીચું રાખીને હિંદુસ્તાનની પ્રજા જીવતી હતી. અજ્ઞાન અને અંધશ્રદ્ધામાં સામાજિક રૂઢિઓ ફૂલતી-ફાલતી હતી. એના લીધે હિંદુસ્તાનની બહાર પણ ભારતીય સમાજને પછાત, રૂઢીગ્રસ્ત, વહેમી અને નિર્માલ્ય દર્શાવાતો હતો. ભારત દેશ વિશે એવી માન્યતા પ્રવર્તતી હતી કે એ રાજા મહારાજાઓનો અને મદારીઓનો દેશ છે. એ સમયે વીરચંદ રાઘવજી ગાંધીએ અમેરિકામાં જઈ અમેરિકાના લોકોને જૈન ધર્મ વિશે જાણકારી આપી. ઈ.સ. ૧૮૯૩ ની ૧૧મી સપ્ટેમ્બરે અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વધર્મ પરિષદ યોજાઈ. અહીં હિંદુસ્તાનમાંથી જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે વીરચંદ ગાંધી હતા. ત્રણ હજાર શ્રોતાજનોની પરિષદમાં એમની વિદ્વત્તા અને વાગ્ધારાએ સહુને પ્રભાવિત કર્યા હતા. એમની અભ્યાસશીલતા, તાટસ્થ્યવૃત્તિ, અનેકાન્તદૃષ્ટિ, ભારતીય ઈતિહાસ અને સમાજ વિશેનું ઊંડુ જ્ઞાન તથા જૈન ધાર્મિક સિદ્ધાંતોને વિદેશીઓ પણ સમજી શકે એ રીતે રજૂ કરવાના કૌશલ પર આયોજકો તથા શ્રોતાજનો મુગ્ધ થઈ ગયા. જૈન દર્શનને સરળતાથી સમજાવવાની અનેરી કુશળતા એમની પાસે હતી. વસ્તુને એ તાર્કિક માંડણીથી સ્પષ્ટ કરતા. ૧૮૯૩ સપ્ટેમ્બરથી ૧૮૯૫ માર્ચ સુધી અમેરિકાના વિવિધ શહેરોમાં એમના પ્રવચનો યોજાતા રહ્યા. પછી એ ઈંગ્લેંડ ગયા. ત્યાંપણ વિવિધ વિષયો પર એમણે પ્રવચનો આપ્યા. વીરચંદ ગાંધી જૈન ધર્મ વિશે વ્યાખ્યાન આપે એ સ્વાભાવિક હતું કારણ એ જૈન ધર્મના મોટા વ્યાખ્યાતા હતા, પણ આ વ્યક્તિ પાસે બહુમુખી પ્રતિભા હતી એટલે અનેક વિષયોમાં જેવા કે માનસશાસ્ત્ર, Hypnotism, ગૂઢ વિદ્યા (occult power), science of breathing, એવી જ રીતે ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પ્રજાની નૈતિકતા, જૈન ધર્મ અને હિંદુ ધર્મનો ઈતિહાસ જેવા વિષયો પર પ્રવચનો આપ્યા. આપણને આશ્ચર્ય થાય કે કાઠિયાવાડના ખૂણામાં આવેલા મહુઆ ગામના ઓગણત્રીસ વર્ષના આ યુવાને આટલા બધા વિવિધ વિષયોનું ઊંડું અવગાહન ક્યારે કર્યું હશે? તેઓ વિદેશી શ્રોતાઓ સમક્ષ અંગ્રેજી ભાષામાં પોતાના એ વિષય અંગેના વિચારો પ્રમાણભૂત રીતે વ્યક્ત કરી શકે છે એવી એમની જ્ઞાન સજ્જતા આજે પણ આપણને આશ્ચર્યચકિત કરે છે. વિદેશમાં એમણે જે પ્રવચનો આપ્યા એની નોંધ હર્બર્ટ વૉરને કરી. એમણે વીરચંદ ગાંધી પાસેથી જૈન ધર્મનું પદ્ધતિસરનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. ભારત જ્યારે ઈંગ્લેંડનું ગુલામ હતું. એવા સમયે લંડનમાં જઈ એક ભારતીય આવા પ્રવચનો આપે એ એક ઐતિહાસિક ઘટના હતી.

ઈ.સ.૧૯૦૦ માં એમણે Concentration એટલે કે 'એકાગ્રતા' પર ૧૨ પ્રવચનો કર્યા. એકાગ્રતા વિશે એમના આગવા વિચારો છે. આપણે જોઈએ તો 'ધ્યાન' પર ઘણું લખાયું છે પણ 'એકાગ્રતા' પર કોઈએ વિચાર નથી કર્યો. એ વર્તમાન સમયનો વિષય છે. ૧૨૦ વર્ષ પહેલાં પરાધીન ભારતમાંથી આવેલો એક વિચારપુરુષ 'એકાગ્રતા' વિશે પોતાના વિચારો દર્શાવે અને એ વિચારોનો સાર કે હાર્દ એ Herbert Waran પોતાની અવગત નોંધરૂપે લખે એ આખી ઘટનાની આપણે કલ્પના કરીએ તો અદ્ભુત લાગશે.

એકાગ્રતા એટલે મનની સ્થિર પ્રવૃત્તિ. એટલે વચનની કે કાયાની પ્રવૃત્તિ એ એકાગ્રતા નથી. જેમ મનની અસ્થિર પ્રવૃત્તિ એ એકાગ્રતા નથી તેમ મનની નિષ્ક્રિયતા એ પણ એકાગ્રતા નથી. અસ્થિર અથવા ચંચળ મન એક વિષય પરથી બીજા વિષય પર કૂદકા મારે છે અને વ્યક્તિના વશમાં મન રહેતું નથી છતાં એવી ઘણી વસ્તુઓ છે જેના પર વ્યક્તિ મનની એકાગ્રતા સાધી શકે છે તો પ્રશ્ન ઊભો થાય છે, કઈ એકાગ્રતા યોગ્ય છે અને કઈ અયોગ્ય છે? અથવા તો કઈ એકાગ્રતા ઈચ્છિત છે અને કઈ અનિશ્ચિત છે? પોતાના વ્યક્તિત્વના વિકાસ માટે ચાર પ્રકારની એકાગ્રતા કેળવી શકાય છે, જેમાંથી બે ઈચ્છિત અને બે અનિશ્ચિત એકાગ્રતા છે.

અનિશ્ચિત એકાગ્રતા -

(૧) પોતાની ઈંદ્રિયોને સુખદાયક થાય અને જે પોતાની ઈંદ્રિયો માટે સુખદાયક ન હોય એનાથી દૂર થવાય એ દિશામાં મનની એકાગ્રતા રહે અથવા કોઈ શારીરિક પીડામાં મન સતત રહેતું હોય.

(૨) એકાગ્રતા જેમાં પોતાને તો નુકસાન થાય પરંતુ ક્યારેક બીજાને પણ હાનિકારક થાય, જેમકે ગુનાહિત માનસિક પ્રવૃત્તિ જે

બીજાના જીવને અથવા મિલકતને હાનિ પહોંચાડે.

યોગ્ય / ઈચ્છિત એકાગ્રતા -

(૧) દર્શન વિષયક - જેમાં આપણે બ્રહ્માંડ અને માનવીય પ્રકૃતિ વિશેનો એકાગ્ર બનીને અભ્યાસ કરીએ છીએ.

(૨) અંતરંગ અર્થાત્ ભીતર તરફ વળીને 'સ્વ'ને ઓળખવા માટેની એકાગ્રતા જે સૌથી ઉત્તમ પ્રકારની એકાગ્રતા છે.

આ એકાગ્રતા સ્વેચ્છાથી થવી જોઈએ. એટલે દિવાસ્વપ્ન, સ્વપ્ન, મૂર્ચ્છા કે તંદ્રાવસ્થામાં મનની પ્રવૃત્તિ એક જ દિશામાં જતી હોવા છતાં એ સ્વેચ્છાથી થતી નથી. માનસિક પ્રવૃત્તિની દિશા અને હેતુ એ પ્રવૃત્તિ કરનાર વ્યક્તિએ પોતે જ નક્કી કરવાનું હોય છે. મનની પ્રવૃત્તિ અર્થાત્ એકાગ્રતા એક જ દિશામાં રહે એના માટે બહારના વિચારો આવતા અટકવા જોઈએ.

વીરચંદ ગાંધી આધ્યાત્મિક એકાગ્રતા સાધવા માટે ૪ ચીજોની જરૂરત બતાવે છે -

(૧)સાચી (સમ્યક) શ્રદ્ધા (૨) સાચું જ્ઞાન (૩) યોગ્ય આચરણ (૪) સ્વ-નિયંત્રણ

(૧) સાચી શ્રદ્ધાને અટકાવતી ચાર ચીજો છે - ક્રોધ, માન, માયા, લોભ.

ક્રોધ અને માન દ્વેષથી થાય છે. માયા અને લોભ મિથ્યા રાગથી થાય છે. ક્રોધ કોઈ વિષય કે વસ્તુ વિશેની સાચી, યોગ્ય જાણકારી થતાં અટકાવે છે. સામેની વ્યક્તિના સારા ગુણ દેખાતા નથી. જેનાથી એ વિશેની સાચી શ્રદ્ધા થતી નથી. એવી જ રીતે માનનું પણ છે.

(૨) **સાચું જ્ઞાન** - માત્ર અભ્યાસ કે શિક્ષણ એ સમ્યક્ જ્ઞાન નથી તેમ જ કોઈ વસ્તુને જાણવી કે અનુભવવી એ પણ સાચું જ્ઞાન નથી. સમ્યક્ જ્ઞાનથી વ્યક્તિના નૈતિક આચરણમાં ફેર પડે. એના નૈતિક અને સામાજિક આચરણમાં સુધારો થાય.

(૩) **યોગ્ય આચરણ** - જેનાથી વ્યક્તિનું પરમાર્થ સાધી શકાય અને એનું આચરણ કોઈને પણ નુકસાનકારક ન હોવું જોઈએ.

(૪) **સ્વનિયંત્રણ** -આદતોનું ગુલામ ન થવું. પોતાની ભૌતિક ઈચ્છાઓ પૂર્ણ થાય એવી આદત ન પાડવી.

એકાગ્રતા સાધવા માટે શરૂઆતમાં નીચેની વસ્તુઓનો ખ્યાલ રાખવો જરૂરી છે -

(૧) **સમય** - વહેલી સવાર અથવા સૂર્યોદય પહેલાનો સમય એકાગ્રતા કેળવવા માટેનો ઉત્તમ સમય છે. જ્યારે હજુ બીજી સાંસારિક પ્રવૃત્તિઓનો પ્રારંભ ન થયો હોય.

(૨) **સ્થાન** - જ્યાં નકારાત્મક vibrations ન હોય, જ્યાં કોઈની હિંસા થઈ હોય કે જ્યાં શરાબ પીવાતો હોય જેનાથી પવિત્ર વિચારોને બાધા પહોંચે. શાંત અને પવિત્ર વાતાવરણવાળી ભૂમિ એકાગ્રતા સાધવા માટે ઉત્તમ છે.

(૩) **આસન** - ઉત્તર અથવા પૂર્વ દિશામાં મુખ રાખી લાંબો સમય સ્વસ્થતાથી બેસી શકાય એવું સ્થાન અને આસન ગ્રહણ કરવું.

આટલી પ્રાથમિક તૈયારી પછી એકાગ્રતા કેવી રીતે સાધી શકાય એના માટે વીરચંદ ગાંધી બે રીત બતાવે છે -

(૧) વિશ્લેષણ પદ્ધતિ - જે વસ્તુને સમજાવવા માટે છે. વિષય/ વસ્તુનો ઉદ્ભવ કેવી રીતે થયો, એના કયા વિભાગ છે. અને એનો ઉપયોગ શું છે એની જાણકારી મેળવીને કરાય છે.

(૨) સંયોગીકરણ - આ પદ્ધતિ વસ્તુના નવા સ્વરૂપનું જ્ઞાન મેળવવા માટે છે તેમ જ આ વિશ્વમાં એનો બીજી વસ્તુઓ સાથે સંબંધ શોધાય છે.

વસ્તુ વિશે જ્ઞાન મેળવતા ત્રણ તબક્કા બતાવ્યા છે -

(૧) પ્રથમ તબક્કામાં વસ્તુની પ્રાથમિક જાણકારી મળે છે. તેના વિશે અસ્પષ્ટ જાગૃતિ હોય છે. દાખલા તરીકે Orange જોઈએ ત્યારે પ્રથમ કંઈક ગોળાકાર અને પીળા કલરનું છે એટલું જ દેખાય છે.

(૨) બીજા તબક્કામાં એ વસ્તુનું પૃથ્થક્કરણ કરાય છે. એ વસ્તુ કઈ કઈ વસ્તુઓમાંથી બની છે એનો વિચાર કરાય છે, એના વિશે જાણકારી મેળવાય છે.

(૩) ત્રીજા તબક્કામાં જે વસ્તુઓ જણાઈ છે એ સાથે કરીને એક એકમ તરીકે જોવાય છે.

અને છેલ્લે વસ્તુનો વિશ્વની બીજી વસ્તુઓ સાથેના સંબંધની શોધ કરાય છે. આપણે જ્યારે કહીએ છીએ કે હું વસ્તુને સંપૂર્ણપણે જાણું છું ત્યારે વિશ્વની બીજી બધી વસ્તુઓ સાથેના સંબંધની એને જાણ હોય છે અને એ જ સર્વજ્ઞતા છે.

એકાગ્રતા એ માનસિક પ્રવૃત્તિ છે, કાર્ય છે. એના માટે સાચું જ્ઞાન અને યોગ્ય આચરણ જરૂરી છે. એકાગ્રતા સાધવાના બે હેતુ છે અને બેઉની પ્રક્રિયા અલગ અલગ છે. પહેલો હેતુ આપણા જ્ઞાનની વૃદ્ધિનો છે જ્યારે બીજામાં પોતાનું જીવન સુધારવાનો હેતુ છે. એકાગ્રતા નથી સધાતી કારણ આપણું મન ચંચળ છે, એક દિશામાંથી બીજી દિશામાં દોડતું હોય છે, ભટકતું હોય છે એનું કારણ છે - વ્યક્તિની અનેક વિષયોમાં આસક્તિ, એકાગ્રતા સાધવા માટે જાપ મદદરૂપ થાય છે. એ જાપ શુદ્ધિપૂર્વક થવો જોઈએ. એકાગ્રતાનો હેતુ અનિષ્ટ તત્ત્વોને દૂર કરી શુભ તત્ત્વોને એકઠા કરી પ્રગતિ સાધવાનો છે.

એકાગ્રતા માટેના પ્રવચનોમાં આગળ વીરચંદ ગાંધી કહે છે - સમ્યગ્ અથવા સાચા જ્ઞાનના ત્રણ તબક્કા છે. પ્રથમ તબક્કામાં વસ્તુનો ખ્યાલ આવે છે. અહીં મહત્ત્વની વાત એ છે કે એ આપણા વર્તમાન કે ભવિષ્યકાળ પર કેવી રીતે પ્રભાવ પાડશે? બીજા તબક્કામાં એ વિષયની શાશ્વત બાબતનો વ્યક્તિ વિચાર કરે છે અને

પોતાના પર આ કઈ રીતે અસર કરશે એ વિચારીને પછી નક્કી કરે છે કે એનો સ્વીકાર કરવો કે અસ્વીકાર કરવો. ત્રીજા અને છેલ્લા તબક્કામાં વ્યક્તિ નક્કી કરે છે કે એ વસ્તુ માટે એ કયા માર્ગે ચાલશે જેથી એને અંતિમ ધ્યેયની પ્રાપ્તિ થાય.

કોઈ વસ્તુની સમજણ મેળવવામાં વ્યક્તિની નૈતિકતા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. વ્યક્તિને કોઈ વસ્તુ પ્રત્યે ખોટો ખ્યાલ હોય કે કોઈ વસ્તુ પ્રત્યે અણગમો હોય તો એ વસ્તુ વિશે એ સાચી સમજણ મેળવી શકતો નથી.

એટલે સમ્યક્ (સાચુ) જ્ઞાન મેળવવા માટે સદાચાર જરૂરી છે. જ્ઞાન એટલે કેવળ સમજણ નહીં પરંતુ સમજણ સાથે ક્રિયા કરવાની ઈચ્છા અને ક્રિયા કરવાનો નિશ્ચય હોવો જરૂરી છે. આ ત્રણ બાબતોની હાજરી કે ગેરહાજરી વ્યક્તિનો સ્વભાવ નક્કી કરે છે.

આગળના પ્રવચનમાં વીરચંદ ગાંધી અવધિજ્ઞાન વિશે કહે છે - માણસનું જે શાશ્વત તત્ત્વ છે એનું પ્રાગટ્ય અવધિજ્ઞાન દ્વારા થાય છે જેને આપણે અતિંદ્રિય જ્ઞાન કહીએ છીએ. ઈંદ્રિય જ્ઞાન અને અતિંદ્રિય જ્ઞાનમાં એ ફરક છે. ઈંદ્રિયજ્ઞાન આપણને આંખ, કાન વગેરે ઈંદ્રિયોના સહાયથી થાય છે. જ્યારે અવધિજ્ઞાનમાં આપણને રૂપી પદાર્થોનું જ્ઞાન ઈંદ્રિયોની સહાય વગર કેવળ આત્મશક્તિથી થાય છે. અહીં કર્મનો સિદ્ધાંત સમજવો જરૂરી છે. કારણ અવધિજ્ઞાનાવરણીય કર્મ જ અવધિજ્ઞાનને પ્રગટ થતા અટકાવે છે. એટલે એ કર્મનો ક્ષય કરવો જરૂરી છે.

આગળ વીરચંદ ગાંધી કહે છે કે એકાગ્રતાથી સ્મરણશક્તિ વધારી શકાય છે જેનાથી વ્યક્તિનું નૈતિક આચરણ સુધારી શકાય. સ્મરણશક્તિ વધારવામાં એકાગ્રતાની પ્રક્રિયા બૌદ્ધિક છે. ભૂતકાળમાં જે ઘટનાઓની અસર તમારા પર પડી છે એને ફરીથી તાજી કરવાની છે. વ્યક્તિનું નામ યાદ રાખતી વખતે એ નામનો સંબંધ એના વ્યક્તિત્વ સાથે જોડાણ થાય એવો પ્રયત્ન કરો. બીજી બાબતો ઓળખવા માટે એ જાણવાનો પ્રયત્ન કરો કે તમે જોયેલ એ જ વ્યક્તિ છે કે કેમ? કોઈ વિષય અથવા વ્યક્તિ પ્રત્યે જાણકારી મેળવતી વખતે જેટલી વધારે બાબતો જાણવાનો પ્રયત્ન કરો. આ બધું એકાગ્રતાથી થઈ શકે. એકાગ્રતાની પ્રક્રિયા જ્યારે વ્યક્તિનું નૈતિક આચરણ સુધારવા માટે વપરાય છે ત્યારે આચરણ કેવળ બૌદ્ધિક હોતુ નથી. એ બૌદ્ધિક તેમ જ નૈતિક હોય છે. જેમ એકાગ્રતાથી વસ્તુવિષયક જ્ઞાનમાં વૃદ્ધિ થઈ શકે છે તેવી જ રીતે એકાગ્રતા એ ચારિત્રના ઘડતરનું સાધન છે. એકાગ્રતા કેળવવા માટે અમુક અવરોધ આવે છે જેને દૂર કરવા જરૂરી છે અથવા એના પર નિયંત્રણ રાખવું જરૂરી છે. એ અવરોધ આ પ્રમાણે છે -

(૧) આવેશ - આવેશ આવવાથી અથવા ઉત્તેજિત થવાથી મનની એકાગ્રતાનો ભંગ થાય છે.

(૨) અહંકાર - હું બીજા કરતાં ચડિયાતો છું આવી વિચારણા એ અહંકાર છે. આપણાથી ઘણી ઉચ્ચ કક્ષાની વ્યક્તિઓ છે જેની તુલનામાં આપણું અસ્તિત્વ ઘણું નાનું છે એટલે આપણા જીવન વ્યવહારમાં નમ્રતા હોવી જરૂરી છે.

(૩) દંભ અથવા છેતરવું - પોતે જે નથી એ બતાવવાની વૃત્તિ એ દંભ છે. આપણા વિચાર અને વર્તણૂકમાં સંવાદિતા, મેળ હોવો જરૂરી છે.

(૪) લોભ

એકાગ્રતા સાધતી વખતે આ ચારેય વૃત્તિઓ પર નિયંત્રણ રાખવું જોઈએ. વીરચંદ ગાંધી કહે છે કે જ્યારે કોઈ પણ વિષય કે વસ્તુ પર એકાગ્રતા કેળવવી હોય ત્યારે મન શાંત હોવું બહુ જરૂરી છે. દાખલા તરીકે તમને પરોપકારની ભાવના પર એકાગ્રતા કેળવવી છે, તો તમારા મનમાં કોઈ પર બદલો લેવાના વિચાર ચાલતા હોય તો એના પછી તરત જ તમે પરોપકારની ભાવના પર એકાગ્રતા ન સાધી શકો. એને માટે હૃદયમાં ઉત્સાહ, ઉમંગ, નિષ્ઠા, તીવ્રતા જગાડવાની જરૂર છે.

આગળના પ્રવચનમાં વીરચંદ ગાંધી એકાગ્રતા અને ધ્યાન વિશેના એમના વિચાર પ્રગટ કરે છે. એ કહે છે, એકાગ્રતા અને ધ્યાન એ સિક્કાની બે બાજુ છે. એકાગ્રતા એટલે કોઈ પણ એક વિષય પર મનને સ્થિર કરવું. જ્યારે ધ્યાન એટલે એ જ વિષય પર એકાગ્ર રહેવું. ધ્યાનની પ્રક્રિયા ત્રણ તબક્કામાં વિભાજિત કરી શકાય છે. (૧) શરૂઆત (૨) મધ્ય (૩) અંત.

(૧) **શરૂઆત** - સૌ પ્રથમ અલગ અલગ દોડતા મનને રોકી મનની બધી શક્તિઓને એક જગ્યાએ સ્થિર કરો અને જે વિષય પર ધ્યાન કરવું છે એના વિષયમાં ચિંતન કરો. એ ધ્યાન અવસ્થામાં ૧૫ થી ૨૦ મિનિટ બેસી શકાશે? એ વખતે બીજા કોઈ વિચાર તમારી ધ્યાનની એકાગ્રતામાં ભંગ પાડશે? એવું હોય તો એ વિચારોને તિલાંજલિ આપો જેથી તમે સારી રીતે ધ્યાન કરી શકો.

(૨) **મધ્ય** - અહીં ત્રણ બાબતો કામ કરે છે - અહીં આપણે પરોપકારનો દાખલો લઈએ.

(a) સ્મૃતિ - ઉપકારી બાબતોનો, કલ્યાણદાયી બાબતોનો, સારાં કાર્યો કર્યા હોય એનું સ્મરણ કરવું.

(b) સમજણ - પરોપકારની જે વ્યાખ્યા આપી છે એનાથી મને શું સમજ પડે છે? પરોપકાર એટલે સારા થવાની ઈચ્છા અને એ અંગેની દૃઢતા કેળવવી. બીજા લોકોની નિઃસ્વાર્થ ભાવે સેવા કરવી.

(c) પરોપકાર કરવાની દૃઢ ઈચ્છાશક્તિ.

એકાગ્રતાનો મૂળ હેતુ જીવન પરિવર્તન કરવાનો, જીવનને સારું બનાવવાનો છે.

(૩) **અંત** - જુદા જુદા મુદ્દાઓ પર નિર્ણય લઈ અપનાવ્યા તેનો એક સંગ્રહ કરી કોઈ નવીન વિચારસરણી ઊભી કરી શકાય

કે કેમ તે તપાસી લ્યો અને તેને વ્યાપક દુન્યવી પાસા સાથે સંકળાવી શકાય કે નહિ તે તપાસી લ્યો.

એકાગ્રતા ઉપર પ્રવચનોની આ series માં છેલ્લા પ્રવચનમાં વીરચંદ ગાંધી કહે છે, સર્જનાત્મક પરિબળો અને વિશ્વ એકબીજા સાથે જોડાયેલા છે, એકબીજાથી જુદા નથી. વિશ્વની પરિસ્થિતિને અનુરૂપ બનીને જ સાચી પ્રગતિ થઈ શકે અને તો જ અનિષ્ટ પરિબળોને દૂર રાખી શકાય અને આથી જ જૈન પદ્ધતિમાં તીર્થંકર અને એવી પવિત્ર વિભૂતિઓ, ઉચ્ચ ગુણો, અને નૈતિકતા પર એકાગ્રતા સાધવામાં આવે છે. કુદરતના કોઈ તત્ત્વ પર નહીં.

એકાગ્રતા વિશેના એમના વિચારોમાં એમની વિચારપદ્ધતિ જૈન દર્શનની વિચારપદ્ધતિ છે. એ પહેલાં અવરોધરૂપ દૂષિત બળો અને પરિબળોનો ખ્યાલ આપે છે અને પછી કયું આચરવા જેવું છે એની વાત કરે છે જેમ કે આપણે ધ્યાનના પ્રકાર સમજીએ ત્યારે પ્રથમ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની વાત કરી. પછી ધર્મધ્યાન અને શુક્લધ્યાન સમજીએ છીએ. અર્થાત્ negative ને ઓળખી positive કેવી રીતે આચરી શકાય એ બતાવ્યું છે. પહેલાં ત્યાગ કરો એમ નહીં, પહેલાં આસક્તિ છોડીને પછી ત્યાગ કરો. એમણે ક્યાંય જૈન પરિભાષા નથી વાપરી. જૈન પરિભાષા વિના જૈન ધર્મની ચિંતનપ્રણાલી, દર્શનપ્રણાલી અને વિચારપ્રણાલી કઈ રીતે મૂકી શકાય એનું વીરચંદ ગાંધીના એકાગ્રતા વિશેના પ્રવચનો જ્વલંત ઉદાહરણ છે.

❑❑❑

૬૦૨, રિવર હેવન, ઈકોલ મોન્ડિયલ સ્કૂલ,
ગુલમહોર ક્રોસ રોડ નં.૬,
જુહુ સ્કીમ, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ - ૪૯.
સંપર્ક : ૯૮૬૭૧ ૮૬૪૪૦

ચાર પ્રકારના અભાવ

ડૉ. હેમાલી સંઘવી

જાણીતા વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન અમેરિકામાં હતા ત્યારે એમને વોશિંગ્ટનના ઍરપોર્ટથી વ્હાઇટ હાઉસ સુધી ખુલ્લી કારમાં લઇ જવામાં આવતા હતા ત્યારે. હજારો લોકો રસ્તા ઉપર અને મકાનની અગાસીમાંથી આઈન્સ્ટાઈનને જોઈ રહ્યા હતા. જે ઓફિસર આઈન્સ્ટાઈનની બાજુમાં બેઠો હતો એણે કહ્યું, ''સર, આવું સન્માન આજ સુધી કોઈને મળ્યું નથી.'' આઈન્સ્ટાઈન એને જવાબ આપે છે, ''આ જ રસ્તા પરથી એક જિરાફ કે હાથી પસાર થાય તો આનાથી વધુ માણસો એને જોવા આવે.'' ક્યારે આવે આવો સાક્ષીક્ષાવ? ચાર પ્રકારના અભાવની સમજણમાંથી આવો સાક્ષીભાવ જાગે.

જૈન તર્કવિશારદ સામંતભદ્રના આપ્તમીમાંસા ગ્રંથમાં ૯-૧૧ ગાથામાં મળી આવે છે. કોઈ પણ વસ્તુની ઉત્પતિ પહેલાં એનો અભાવ હોય છે. એ છે પ્રાગભાવ. જેમ કે એક ઘડો બન્યો એના પહેલા એનો અભાવ હતો. એક પદાર્થના નાશ પછીનો એનો અભાવ એટલે પ્રદવંસાભાવ. એક કાચનો ગ્લાસ તૂટી ગયો પછી એનો અભાવ હોય છે. દરેક વસ્તુનો સ્વતંત્ર સ્વભાવ હોય છે એ સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સત્ હોય છે અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસત્ હોય છે. એક વસ્તુમાં બીજી વસ્તુનો અભાવ હોવો એ અન્યોન્યાભાવ છે. દાખલા તરીકે ખુરશી એ ટેબલ નથી. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળમાં જે અભાવ હોય છે તેને અત્યંતાભાવ કહે છે. ઉદાહરણ તરીકે વાયુમાં રૂપનો અભાવ છે.

આ અભાવોની સમજણ આપણને એકાંતવાદી અભિગમથી બચાવે છે. જો આપણે પ્રાગભાવને ન સ્વીકારીએ તો દુનિયાની બધી વસ્તુઓ અનાદિ બની જાય. પ્રધ્વંસાભાવને ન માનીએ તો આપણી આજુબાજુ જે કાંઈ છે એ બધું અંતહીન બની જાય. બે અલગ અલગ પદાર્થોની ભિન્નતા અન્યોન્યાભાવથી તો સમજાય છે. જીવ-અજીવ વચ્ચેનો અત્યંતાભાવ પલ્લે પડી જાય તો આપણી જિંદગીની સફર મોક્ષની યાત્રા બની જાય.

ખરું જોતા તો આ ચાર પ્રકારના અભાવ કાળના ત્રણ પાસાના સંબંધની વાત છે. જેનો કાલે અભાવ હતો, એ આજે છે. જે કાલે હતું એનો આજે અભાવ છે. એ પછી એક સંતના ભૂતકાળની વાત હોય કે પાપીનું ભવિષ્ય હોય. જૈન દર્શનના ગૌરવશાળી સિદ્ધાંત સ્યાદવાદનો પાયો આ ચાર પ્રકારના અભાવોમાં છુપાયેલો છે. સમયની સ્કેલ પર બધું ક્ષણિક છે, નાશવંત છે. જ્યારે આ અભાવોની ચોટ લાગે છે ત્યારે એમાંથી સાચેસાચી અનિત્ય, અશરણ અને અન્યત્વ ભાવના ફૂટે છે, પણ આ બધા સાથે આજની અનમોલ ક્ષણને નકારવાની નથી. આજે આપણી આંખ સામે જે છે, સત્ છે, જે અસ્તિત્ત્વમાં છે એની વિશેષતાને ઊજવવાની છે. પછી તો જિંદગીની પરિસ્થિતિ સામેના આપણા પ્રતિભાવ બદલાઈ જાય છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાંથી જિંદગી ધર્મધ્યાન તરફ વળવા લાગી જાય છે. વ્યાકુળતાનો અંત આવે છે. બહારની દોડ બંધ થઇ જાય છે. એક મીઠડો આશાવાદ મનમાં ઝળહળતો રહે છે.

અંત હું ચાર્લ્સ પ્લમ્બ નામના જાણીતા મોટિવેશનલ વક્તાના જીવનના હૃદયસ્પર્શી પ્રસંગથી કરવા માગું છું. ચાર્લ્સ પ્લમ્બ અમેરિકાના સૈન્યના પાઈલટ હતા. વિયેતનામ યુદ્ધની એક ભયંકર લડાઈમાં એમને પેરેશૂટથી જમીન પર ઊતરવું પડે છે. એમની બહાદુરીની વાતો અમેરિકાના ઘરે ઘરે જાણીતી થઈ જાય છે. એક

દિવસ ચાર્લ્સ અને એની પત્ની હોટેલમાં બેઠાં હોય છે. એક માણસ આવીને ચાર્લ્સને કહે છે તમે પેરેશૂટથી જમીન પર લૅન્ડ કરનારા ચાર્લ્સ પ્લમ્બ છો ને? મેં તમારું પેરેશૂટ પેક કર્યું હતું, એ બરાબર ખૂલ્યું હતું ને? એક જ પ્રશ્ન અને ચાર્લ્સની ઊંઘ ઊડી જાય છે. એની આખી બહાદુરીની વાર્તામાં આ પેરેશૂટ પેક કરનારાનું નામોનિશાન ન હતું. આપણી જિંદગીમાં પણ ઘણી બધી વાતો આપણા ધ્યાન બહાર નીકળી જાય છે. આ અભાવોની સમજણ અને ધર્મનું પેરેશૂટ આપણને વિભાવમાંથી સ્વભાવ તરફ લઈ જાય.

❑❑❑

૧૯૬, પંતનગર, ઘાટકોપર,
મુંબઈ
સંપર્ક : ૦૨૨-૨૫૦૧૪૮૫૯

મનને ઓળખો ને તમારી માન્યતાને બદલો...

સુબોધી સતીશ મસાલિયા

મનનું અસ્તિત્વ આત્મા સાથે સંકળાયેલું છે. મન જ મુક્તિની સાધના માટેની મુખ્ય કડી છે. મનના બે વિભાગ-ઉપયોગ મન અને લબ્ધિમન. મનની સપાટી પરના નાના-મોટા આવેગો જે વ્યક્ત રીતે વિચાર રૂપે સ્પષ્ટ અનુભવાય છે તે તો ઉપયોગ મન (concious mind) છે. જેમ કોમ્પ્યુટરના પડદા પર જેટલું દેખાય તેના કરતાં અંદર ઘણું સ્ટોરેજ છે. તેમ મનમાં પણ દુનિયાભરના ભાવો-પ્રતિભાવો સ્ટોરેજ છે તે છે લબ્ધિમન (subconcious mind). ધારો કે ''અમેરિકામાં ઘણાં ફરવાલાયક સ્થળો છે, મોજમજાની સામગ્રી છે.'' આ બધાનો આપણે અત્યારે વિચાર પણ નથી કરતા છતાં પણ તેના પ્રત્યેના કોઈક ભાવો કાં તો રાગ, કાં તો દ્વેષ, કાં તો ઉપેક્ષાભાવ મનમાં પડ્યો જ છે. તે લબ્ધિમનમાં છે જ. ઉપયોગ મનમાં ચોવીસે કલાક ચેતના પ્રવર્તમાન છે, જ્યારે લબ્ધિમનમાં પ્રવર્તમાન નથી. દુનિયામાં ઘણી વસ્તુઓ છે, તેના પ્રત્યે રાગ, દ્વેષ, ઈર્ષ્યાનો પ્રતિભાવ અંદર ધરબાયેલો પડયો છે. દા.ત. રસ્તે જતાં સારું મકાન, બંગલો, સારો ડ્રેસ, ફર્નિચર વગેરે જુઓ તો શું થાય? ભલે બંગાલામાં કોઈ પેસવા દેવાનું નથી છતાં પણ રાગ ઊભો થાયને? એનો તમે લબ્ધિમનમાં (subconcious mind) સંગ્રહ કર્યો. જૂના અંદર નાખેલા ઉભરાઈને બહાર આવે છે ને નવા અંદર સંગ્રહ કરતા જાઓ છો. ઉપયોગ મન કરતાં કરોડગણું વિશાળ લબ્ધિમન છે. મનનું ગોડાઉન લબ્ધિમન છે. ''સ્વાર્થી ભાઈ ભટકાઈ ગયો છે તો ગુસ્સો આવે જ ને? આવા દશ્યો જોયા માટે વિકાર થયો.'' આ બધી મિથ્યા વાત છે. આવું નિમિત્ત મળ્યું માટે આવા ભાવ થયા તેવું નથી, હકીકતમાં અંદર હતું તે બહાર આવ્યું છે. બહારના નિમિત્તો ભાવ પેદા કરતા નથી, પરંતુ બહારના નિમિત્તોથી અંદરમાં જે મેલ હતો તે સપાટી પર આવ્યો છે. જો લોભ ન હોય તો પૈસા મળે તો આનંદ થાય? પૈસાના વિચાર કરવા માત્રથી કર્મબંધ નથી થતો, પણ મનમાં રહેલી પૈસાની આસક્તિથી વગર વિચારે પણ ચોક્કસ કર્મબંધ થાય છે.

લબ્ધિમનમાં એવી શું માન્યતાઓ છે ને તેનાથી શું થાય છે તે ઉદાહરણ સાથે સમજીએ.

ધારો કે એક વ્યક્તિ બહુ સરળ સ્વભાવની છે, પણ મનમાં માનતી હોય કે ''અવસરે થોડી લુચ્ચાઈ તો કરવી જ જોઈએ, અને જો કાયમ સરળ રહેવા જઈએ તો આપણને બધા ઠગી જાય'' આવું મનમાં ઊંડે ઊંડે પણ પડયું હોય તો તે માણસના મનમાં લુચ્ચાઈ માટેનું સમર્થન છે. એની માન્યતામાં તેને એકાંતે દોષ માનતો નથી. પરંતુ લુચ્ચાઈને કર્તવ્ય માને છે. આને લીધે તેને સતત લુચ્ચાઈની અનુમોદનાનું પાપ લાગ્યા જ કરે છે. તમારા લબ્ધિમનમાં માન્યતા શું છે? તેની સાથે સમકિત ને સંબંધ છે. દા.ત. વિજ્ઞાનની શોધખોળ લોકોના ભલા માટે છે - વિજ્ઞાન માટે સારાપણાની માન્યતા, ધર્મ તો નવરા લોકોનું કામ, ધર્મ માટે ખોટાપણાની માન્યતા, પૈસાથી આમોદ-પ્રમોદ પ્રાપ્ત થાય છે. માખી-મચ્છર દ્વારા રોગ ફેલાતો હોય તો તેને મારી નાખવા તે માનવતાનું કાર્ય છે. દુનિયામાં બધા શાકાહારી થઈ જાય તો અનાજની કેટલી તંગી પડશે, તમને પણ પૂરું ખાવા નહિ મળે...આવું બોલનારા બધાની અહિંસા વિષે માન્યતા શું? આનંદપ્રમોદ વિષેની માન્યતા શું? તેઓ આડકતરી રીતે હિંસાને સારી માને છે. જડ વસ્તુમાં આનંદ માને છે. આ બધી ખોટી માન્યતાઓની અનુમોદનાનું પાપ જે લબ્ધિમનમાં ઊંડે ઊંડે ભર્યું છે તે ચોવીસે કલાક ગાઢ પાપ બંધાવે છે. પછી ભલે તે વ્યક્તિ તે પાપ ક્રિયા કરતો હોય કે ન કરતો હોય, આ માન્યતા તેને પાપ બંધાવે છે. ભગવાને જેને સારું કહ્યું છે, તેને જ સારું માનવું તો જ માન્યતા શુદ્ધ થાય, જીનેશ્વરના વચનને અનુરૂપ માન્યતા તે સમકિત છે નહિ તો મિથ્યાત્વ છે. આપણી માન્યતા જીનેશ્વરનાં વચનો સાથે ૧૦૦% ટેલી થવી જોઈએ. માન્યતા શુદ્ધિ એટલે જ મિથ્યાત્વનો નાશ.

સ. ૨૫૦ આપણી માન્યતા ને મિથ્યાત્વને શું સંબંધ છે ?

જ. ૨૫૦ દરેક વ્યક્તિ પોતાની આગવી માન્યતા લઈને ફરતી હોય છે. આપણામાં એવી કેટકેટલી ખોટી માન્યતા ભરેલી છે જે વિતરાગવાળી સાથે ભલે બહુ થોડા અંશે પણ વિરુદ્ધ છે. તે આંશિક રૂપે પણ મિથ્યાત્વ જ છે. ધર્મના ક્ષેત્રમાં પહેલાં જ માન્યતાનું પરિવર્તન કરવાનું છે. ઘણા લોકો પાપ-પુણ્ય-આત્મા-કર્મ-મોક્ષ વગેરે માને પરંતુ મોક્ષમાં અનંત સુખ છે અને સંસારનું સુખ આભાસિક છે તેવું અંદરથી માનતો ન હોય. જે મનની માન્યતા

બદલી ન શકે તે ધર્મમાં ડૂબી શકે નહીં. સંસારમાં તમામ ઉગ્ર પાપ અને પાપના બંધ અશુદ્ધ માન્યતાને જ આભારી છે. ધારો કે તમે માંદા પડો ત્યારે કોઈ સાચવે નહિ તો લાગે કે બધા લુચ્ચા છે, સ્વાર્થી છે અને બધા ખડાપગે ઊભા રહે તો લાગે કે બધા મારી ચિંતા કરવાવાળા છે, હું એકલો અટૂલો નથી. હવે વિચારજો... અંદરની માન્યતા શું? લોકો પડયો બોલ ઝીલે ત્યારે પણ અનાથતા લાગે ખરી? અશરણ છું એમ લાગે? ભગવાને આપેલી એકત્વ-અશરણ ભાવના સાથે તમારી માન્યતા ટેલી થઈ? તમે સમકીતી છો કે મિથ્યાત્વી એ જાણવા માટે તમારી માન્યતા શું છે તે જોવાનું છે. તમે શું કરો છો તે જોવાનું નથી. તમે માનવામાં ૯૯ ટકા માનતા હોય તોપણ મિથ્યાત્વ છે. સમકિત એકેક અશુદ્ધ માન્યતાને શુદ્ધમાં પલટાવવાની તાકાત ધરાવે છે. જેમ કોઈને ''બીડી ખરાબ છે'' આ વાત ૨૪ કલાક લબ્ધિમનમાં પડી છે. જ્યારે બીજાને બીડી પીવી કાંઈ ખરાબ વાત નથી. ગમે તો મોજ શું કામ ન કરીએ?'' એટલે બીડી પીવી તે સારી છે, એવી માન્યતા અંદર પડી છે. એટલે કે બીડી પીવાની અનુમોદના અંદર સતત પડી છે. તેથી એ બીડી પીવાની પ્રવૃત્તિ કરે કે ન કરે પણ સતત એને પાપ લાગી રહ્યું છે. બાળક કે નોકરને ટૈડકાવ્યા પછી લાગે કે ''એને તો ટૈડકાવવા જેવો જ હતો.'' તેથી આંશિક રૂપે પણ તમે ક્રોધને સારો માનો છો. ને ત્યાં સુધી ક્રોધને અંદરથી બળ મળે છે, પરંતુ ક્રોધ ખરાબ છે, પીડા છે, એવું માનતા હો (અંતરથી) અને કદાચ ક્યારેક ક્રોધ કરી પણ બેસો તો પણ તેને અંદરથી બળ નથી મળતું. જેટલી તમે માન્યતાને પલટી તેટલું મનનું સંશોધન થયું. આ રીતે તમામ સાચી માન્યતાનું ઘડતર કરી જગતનું વાસ્તવિક સ્વરૂપ સ્વીકારવું તેનું જ નામ સમકિત છે. યાદ રાખો : તીર્થંકરો જીવમાત્રના ભાવમન રૂપ અધ્યવસાયને જાણે છે. તેથી તેઓ આખા જગતને અધ્યવસાયના રહસ્યોને સમજાવવા જ ઉપદેશ આપે છે.

અધ્યાત્મ એટલે શું? અધ્યાત્મની સાધનામાં મનની સાધનાનું રહસ્ય સમજવું જરૂરી છે. તમારી ચેતના ચેતન સ્વરૂપે આત્મામાં, આત્મા દ્વારા, આત્મા માટે, આત્માને જુએ, જાણે, અનુભવે એનું જ નામ અધ્યાત્મ. જ્યારે અધ્યાત્મ શૂન્ય દશામાં, તમારી ચેતના જડ સ્વરૂપે, જડમાં, જડ દ્વારા, જડ માટે, જડને જાણવા-અનુભવવા સક્રિય બને છે. તેનું જ નામ અધ્યાત્મ શૂન્ય દશા છે. ટૂંકમાં ચેતનાનું કર્તૃત્વ જે બહાર પુદ્ગલમાં જડમાં છે તેને અંદર આત્મામાં લઈ જવું તે અધ્યાત્મ છે. આત્માને ઉપયોગી જ વિચારવું, બોલવું અને વર્તન કરવું તે જ ધર્મ છે. તેનાથી ઊલટું તે અધર્મ છે. **અધ્યાત્મની સાધના દ્વારા આ લબ્ધિમનનું જ મૂળમાંથી પરિવર્તન કરવાનું છે. તેમાં ઘર કરી ગયેલી માન્યતાનું સમજીને, ઓળખીને, વિચારીને પરિવર્તન કરવાનું છે. તો જ અધ્યાત્મની દિશામાં એક પગલું ભરાશે.** (મન અને 'માન્યતા' વિષે વધુ જાણો આવતા અંકે)

❑❑❑

૧૯, ધર્મપ્રતાપ, અશોક નગર, દામોદર વાડી,
કાંદિવલી (ઈસ્ટ), ૪૦૦૧૦૧.
સંપર્ક : ૮૮૫૦૦૮૮૫૬૭

સંવેદનશીલ મહાદેવભાઈ

શાંતિલાલ ગઢિયા

નવ પ્રકારની ભક્તિ છે - શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, સખ્ય, દાસ્ય અને આત્મનિવેદન. તેમાં આત્મનિવેદનનો અર્થ છે પોતાની જાતને સર્વથા ઈશ્વરનાં ચરણોમાં સમર્પી દેવી. મહાદેવભાઈનું બાપુ પ્રત્યેનું સમર્પણ આ જ કોટિનું હતું. જાણે તેઓ બાપુમાં સંપૂર્ણપણે સમાઈ ગયા હતા.

સમર્પિત વ્યક્તિ લાગણીભીની હોય છે. મહાદેવભાઈ લાગણીશીલ હતા, નિતાંત સંવેદનશીલ હતા. પારિવારિક સંબંધોમાં પણ મહાદેવભાઈની સંવેદનશીલતાનો પરિચય થાય છે. તેમણે ૧૯૧૫થી મનોમન નક્કી કરી લીધું હતું કે બાપુ સાથે હંમેશ માટે જોડાઈ જવું. ૧૯૧૭ સુધીમાં આ ઈચ્છા બળવત્તર બની ચૂકી હતી. દરમિયાન બાપુએ એમને રચનાત્મક કાર્યો અર્થે ચંપારણ (બિહાર) મોકલ્યા હતા. પાછા ફરતાં મહાદેવભાઈ પોતાને ગામ દિહેણ આવ્યા. પિતાજીને પોતાનો નિર્ણય જણાવ્યો. પિતાજીને એ મંજૂર નહોતો. મહાદેવભાઈ પિતાજીની ઉપરવટ જવા માગતા નહોતા. પિતાનું દિલ દુભાય એ સંવેદનશીલ પુત્ર કઈ રીતે સહન કરી શકે? મહાદેવભાઈએ બાપુને તારથી જણાવ્યું કે તેઓ તેમની સાથે જોડાઈ નહિ શકે. બીજી બાજુ પિતા પણ એટલા જ પુત્રવત્સલ હતા. પુત્રની બેચેની પામી ગયા અને સહર્ષ આશીર્વાદ આપ્યા.

પિતા પુત્રની પ્રેમકહાનીનો બીજો પ્રસંગ. પ્રતિબંધિત રાષ્ટ્રીય દૈનિક 'ઈન્ડિપેન્ડન્ટ'નો હસ્તલિખિત અંક પ્રગટ કરવા બદલ મહાદેવભાઈને ડિસેમ્બર ૧૯૨૧માં એક વર્ષની કેદ થઈ હતી. પિતાજીને ખબર મળતાં આંચકો લાગ્યો. અલ્લાહાબાદની નૈની જેલમાં પુત્રને વેઠવા પડેલાં દુઃખો વિષે 'નવજીવન'માં વાંચ્યું ત્યારે પિતાની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. એમને પુત્રને મળવા જવાની અદમ્ય ઈચ્છા થઈ. આ માટે કાયદેસર પરવાનગી લેવી પડે. ૧૯૨૨ની ૧૬મી જાન્યુઆરીનો દિવસ નક્કી થયો. મહાદેવભાઈના પિતરાઈ ભાઈ છોટુભાઈ સાથે પિતાજી આવવાના હતા. મહાદેવભાઈએ બાપુને પત્ર લખ્યો હતો કે પિતાજી મને મળવા આવવાના છે. કદાચ રડી પડશે. મનેય દુઃખ થાય છે. મેં લખ્યું છે કે હું મજામાં છું અને તમારે આવવાની જરૂર નથી. પિતાજી ન આવે એની પાછળ મહાદેવભાઈ પાસે એક કારણ એ પણ હતું કે ઘરમાં બહેનની સગાઈ નક્કી થઈ હતી. સતત પિતાજીની

હાજરી જરૂરી હોય. આર્થિક મુશ્કેલીનો પણ વિચાર કરવો પડે. મહાદેવભાઈએ છોટુભાઈને પણ લખ્યું કે તમે એકલા જ આવજો. બાપુજીને ન આવવા સમજાવશો. કહેજો કે અહીં ઠંડી બહુ પડે છે. અંતે છોટુભાઈ એકલા જ ગયા હતા. લાગણીપ્રધાન વ્યક્તિના સ્વભાવનું એક લક્ષણ હોય છે કે પોતાને દુઃખ થાય તો વ્યક્ત ન કરે. અંદરને અંદર સહી લે. વળી બીજાને દુઃખ ન થાય તેની કાળજી રાખે.

કહેવાય છે, મજનૂને ફટકા મરાતા ત્યારે લૈલાના શરીરે સોળ ઊઠતા. ૧૯૨૨માં બાપુ યરવડા જેલમાં હતા. મહાદેવભાઈને જ્યારે સમાચાર મળ્યા કે જેલમાં બાપુને ફટકા મારવામાં આવ્યા છે, ત્યારે એમને (મહાદેવભાઈને) બહુ વેદના થઈ. જોકે સમાચાર અફવા હતી અને સરકારે એ મુજબનું નિવેદન પણ બહાર પાડયું હતું. બાપુને દુઃખ પહોંચવાની કલ્પના સુધ્ધાં મહાદેવભાઈને આઘાત પહોંચાડતી.

સંવેદનશીલ વ્યક્તિ સ્વ-આલોચક હોય છે. સામી વ્યક્તિ કોઈ કારણસર અમુક નિર્ણય કરે તો આ વ્યક્તિને એમ જ લાગે કે મારી ભૂલ થઈ હશે અથવા મારાથી તેઓ નારાજ હશે. એટલે જ આવો નિર્ણય કરવો પડયો. ૧૯૧૮ની વાત છે. બાપુએ જોયું કે સાબરમતી આશ્રમની શાળા પ્રગતિ કરી રહી છે. નરહરિભાઈની જરૂર હતી. એમને બિહારથી તેડાવી લીધા અને મહાદેવભાઈ તથા દુર્ગાબહેનને (એમનાં પત્ની) બિહારનું કામ સંભાળી લેવા કહ્યું. મહાદેવભાઈને લાગ્યું કે હું બાપુની નજરમાં ઊણો ઊતર્યો છું. અહીં મારું કામ બરાબર નહિ હોય. તેથી જ બાપુ મને દૂર મોકલવા તૈયાર થયા છે. બાપુ નડિયાદ હતા. વલ્લભભાઈ એમને મળવા અમદાવાદથી નીકળ્યા ત્યારે મહાદેવભાઈએ મનની વાત રજૂ કરતો પત્ર એમની સાથે મોકલ્યો. બાપુને દુઃખ થયું. એમણે વળતો જવાબ લખ્યો કે મને તમારા પર અતિશય શ્રદ્ધા છે. તમે ઊંધો અર્થ કરશો એ મારા સ્વપ્નમાંય નહોતું. તમે જ મારી આશા પૂરી કરી શકો એવા મેં તમને માન્યા છે અને તેથી જ તમને ને દુર્ગાને ચંપારણ (બિહાર)જવાનું સૂચવ્યું છે.

સંવેદનશીલ વ્યક્તિનું બૌદ્ધિક પાસું ગમે તેટલું તીક્ષ્ણ હોય, અંતે તો ફૂલથીય મૃદુ એમનું અંતર જ એમને દોરે છે. બાપુને ઝાડા થયા હતા. વારેવારે સંડાસ જવું પડે. મહાદેવભાઈએ નરહરિભાઈને પત્ર (સાબરમતી આશ્રમ) લખ્યો કે આશ્રમનું કમોડ આપી જવું. બાપુ આ વાત જાણતા નહોતા. નરહરિભાઈ કમોડ લઈને આવ્યા. બાપુ ગુસ્સે થઈ ગયા.

'કોણે મગાવ્યું હતું?'

'મહાદેવભાઈનો પત્ર હતો,' નરહરિભાઈએ કહ્યું. હવે વારો આવ્યો મહાદેવભાઈનો.

'કઈ જરૂર હતી આશ્રમમાંથી કમોડ મગાવવાની?

આશ્રમમાં જે વસ્તુ છે, એ ત્યાંના માણસોના ઉપયોગની છે. અહીં લાવવા કેમ કહ્યું?'

મહાદેવભાઈએ બહુ સમજાવ્યા કે ત્યાં એનો કોઈ જ ઉપયોગ નહોતો અને અહીં આપને અગવડ પડતી હતી. તોય બાપુની દલીલો ચાલુ જ હતી. મહાદેવભાઈની આંખોમાંથી ગંગાજમના.... વલ્લભભાઈ આવ્યા. એમણે દરમિયાનગીરી કરી. નરહરિભાઈ અને મહાદેવભાઈનો પક્ષ લઈ એમણે બાપુને શાંત કર્યા. જોકે કમોડની સ્થાનિક વ્યવસ્થા થઈ ગઈ હતી. એટલે બીજે દિવસે સવારે નરહરિભાઈ કમોડ લઈ પરત રવાના થયા.

મહાદેવભાઈની સંવેદનશીલતાનું એક ઓર ઉદાહરણ બાપુના ઉપવાસ સમયે એમની (મહાદેવભાઈની) મનઃસ્થિતિનું છે. મહાદેવભાઈ એટલા બાપુમય હતા કે બાપુના ઉપવાસની કલ્પનામાત્રથી એમને સંતાપ થતો. સત્યાગ્રહના સિદ્ધાંતમાં ઉપવાસ શું આવશ્યક હોય છે? એમણે બાપુ સાથે આ અંગે ચર્ચા કરવાનો પ્રયત્ન કર્યો, પણ બાપુએ કહ્યું, 'મારા ઉપવાસ પાછળ ઈશ્વરનો આદેશ હશે.' મહાદેવભાઈ શું બોલે? જોકે ચિંતા એ એમના આળા મનનો કબજો નહોતો.

૧૯૩૮ની ઘટના છે. કસ્તુરબા અને દુર્ગાબહેન ડેલાંગ (ઓરિસા)થી નજીક આવેલા જગન્નાથપુરી જવાનાં હતાં. આ પ્રવાસની જવાબદારી મહાદેવભાઈને સોંપવામાં આવી હતી. કસ્તુરબા અને દુર્ગાબહેન જગન્નાથનાં દર્શન કરવા ગયાં. બાપુનો દૃઢ સિદ્ધાંત હતો કે જે મંદિરમાં હરિજનોને પ્રવેશ ન મળતો હોય એ મંદિરોમાં જવું નહિ અથવા જવું જ હોય તો જે જગા સુધી હરિજનોને જવાની છૂટ હોય એટલે સુધી જવું અને ત્યાંથી દર્શન કરી પાછા ફરવું. બાપુને જ્યારે જાણ થઈ કે બા, દુર્ગાબહેન વગેરે મહિલાઓ જગન્નાથ મંદિરે છેક સુધી જઈ દર્શન કરી આવ્યાં છે, તો તેમને દુઃખ થયું, એમણે મહાદેવભાઈ પર નારાજગી ઠાલવી. મહાદેવભાઈને લાગી આવ્યું. હરિજનોના ઉદ્ધારનો પ્રશ્ન, જે બાપુને મન બહુ મહત્ત્વનો હતો, એ પ્રશ્ન પાછળની ભાવના સાથે પોતે એકરસ થઈ શક્યા નથી એનું દુઃખ મનને ડંખી રહ્યું. સરસામાન બાંધીને બાપુને છોડી જતા રહેવા તૈયાર થયા. મહાદેવભાઈએ એક વખત ડૉ. સુશીલાબહેનને કહ્યું હતું, 'જીવનમાં મારી એકમાત્ર પ્રાર્થના રહી છે કે બાપુની સેવા કરતાં કરતાં મરું,' ઈશ્વરે જાણે એમની પ્રાર્થના સાંભળી અને પ્રાણના અંત સુધી (૧૯૪૨ની ૧૫મી ઑગસ્ટ સુધી) એમણે બાપુની સેવા કરી, દેશની સેવા કરી.

એક સુકુમાર લાગણીતંત્ર કેવી કેવી કસોટીમાંથી પાર ઊતર્યું!

(સંદર્ભ ગ્રંથ : શુક્રતારક સમા મહાદેવભાઈ - આવૃત્તિ ૧૯૯૧)

❑❑❑

૧૦૩, સિરીન એલિગન્સ,
૧૨ બી પ્રતાપગંજ, પ્રોફેસર કામદાર માર્ગ,
વડોદરા - ૩૯૦ ૦૦૨.
સંપર્ક : ૦૨૬૫ - ૨૭૫૦૨૭૫

સમ્યગ્દર્શન સત્યનું દર્શન

મહેન્દ્ર પુનાતર

સત્ય વિજ્ઞાન ફાઉન્ડેશન દ્વારા કાંદિવલીમાં તેરાપંથ ભવન ખાતે યોજાયેલી સમ્યગ્દર્શનની ત્રણ દિવસની શિબિર ખૂબજ સફળ રહી. લોકોને ઘણું બધુ જાણવાનું સમજવાનું મળ્યું. આદરણીય ભાઈ શ્રી જિતેન્દ્રભાઈ શાહ અને આદરણીય ભાઈશ્રી વલ્લભભાઈ ભણશાલીએ આ ગહન વિષયને બહુ સરળતાથી રજૂ કરીને શ્રોતાઓના દિલ જીતી લીધા. રજૂઆત અને સંકલન ખૂબજ સુંદર, હૃદયસ્પર્શી અને સપ્રમાણ. કશુ વધુ નહી, કશું ઓછું નહી, કશું કંટાળાજનક પણ નહીં બંને મહાનુભાવોએ ઉંડો, તલસ્પર્શી અભ્યાસ અને જહેમત પછી પોતાને જે કાંઈ પ્રાપ્ત થયું તે જિજ્ઞાસુઓ સુધી પહોંચાડયું છે અને જ્ઞાનની ગંગાને વહાવી છે બંને વિદ્વાનોને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

શ્રી જિતેન્દ્રભાઈએ સમ્યગ્દર્શનના જુદાજુદા પાસાઓની શાસ્ત્રો, મુનિ-મહર્ષિઓ, આચાર્ય મહારાજાઓના પુસ્તકો, ગ્રંથો અને સૂત્રોને ટાંકીને પ્રણાણભૂત રીતે દાખલા-દ્રષ્ટાંતો દ્વારા સમજી શકાય અને જલ્દીથી ગળે ઉતરી જાય એવી વિદ્વતાપૂર્ણ રજૂઆત કરીને ધર્મનું યથાર્થ દર્શન કરાવ્યું જ્યારે શ્રી વલ્લભભાઈએ સમ્યગ્દર્શનને થોડું જીવન સાથે જોડીને આ ગહન જ્ઞાનને હળવું બનાવ્યું બંને મહાનુભાવોએ સમ્યગ્દર્શનના જૂદાજુદા પાસાઓની ખૂબ ઝીણવટથી મૂળતત્ત્વને મધ્યમાં રાખીને સરળ ભાષામાં છણાવટ કરી અને લોકોના મનમાં ઉઠતા પ્રશ્નોનું સચોટ સમાધાન કર્યું.

શ્રી જિતેન્દ્રભાઈએ સમ્યગ્દર્શનના આઠ અંગો નિઃશંકા, નિષ્કાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપગૂહન, સ્થિરતા, વાત્સલ્ય અને પ્રભાવના તેમજ તેના ગર્ભિત અર્થો અંગે સાચી સમજણ આપી જ્યારે વલ્લભભાઈએ બાહ્યતપ અને અંતરતપ અંગેનો સાચો ખ્યાલ આપ્યો. સાચી સમજણ, જ્ઞાન અને ભાવ વગરની ક્રિયાઓથી કોઈ અર્થ સરે નહીં તે બે ખૂબીથી સમજાવ્યું. અમૂઢ દૃષ્ટિ શું છે તે અંગે વિસ્તૃત સમજ આપી બંને વિદ્વાનોએ ઘણ બધા પાસાઓને આવરી લીધા અને સમ્યગ્જ્ઞાન એટલે કાંઈ વધુ નહીં કાંઈ ઓછું નહીં પણ પર્યાપ્ત એવો સંદેશો લોકો સુધી પહોંચાડયો.

સમ્યગ્દર્શન એટલે સત્યનું દર્શન, વિવેકદષ્ટિ, આત્મદર્શન અને અંતરમાં ઉતરવાની પ્રક્રિયા. 'તત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ' અંગે આ શિબિરમાં સાચી સમજ ઊભી થઈ. આમ ત્રણ દિવસનો આ કાર્યક્રમ જ્ઞાનની પરબ બની ગયો. સૌએ શક્તિ અને સમજ મુજબ ગ્રહણ કર્યું. સમ્યગ્દર્શનનું મહા અભિયાન ખૂબ સફળ બનશે એમાં કોઈ શંકા નથી.

હાલના સમયમાં જ્ઞાનની ખોજ ધરાવતો એક જિજ્ઞાસુઓનો વર્ગ ઊભો થયો છે. ધર્મ, જીવન અને તેના રહસ્યો અંગે જાણવાની અને પોતાના મનમાં ઉઠતા પ્રશ્નોનું સમાધાન શોધવાની ઉત્સુકતા વધી છે. જીવન, ધર્મ અને તત્ત્વજ્ઞાન અંગે ઘણું બધુ લખાય છે અને કહેવાય છે પણ ગળે ઉતરતું નથી. સરળતાથી સમજાઈ જાય, હૃદયના તારો ઝણઝણી ઉઠે અને કશુક પ્રાપ્ત થયાનો અહેસાસ ઉભો થાય એવું જ્ઞાન હંમેશા સ્વીકાર્ય બને છે. આ શિબિરોના આવો પ્રતિભાવ ઉણો થયો. ત્રણ દિવસની આ શિબિરે હૃદય અને મનના તારોને જોડયા અને અંદર થોડી હલચલ મચાવી દીધી અને વધુ જાણવાની ઉત્સુકતા વધી.

આ શિબિરના મહત્વના બે પ્લસ પોઈન્ટનો ઉલ્લેખ કર્યા વગર રહેતો નથી. એક બંને વિદ્વાનોની સરળતા અને સહજતા તેમજ તેમની નમ્રતાપૂર્વકની રજૂઆત અને બીજુ સાંપ્રત વ્યવસ્થાની કોઈ પણ જાતની ટીકા, આલોચના વગર સાચુ શું છે, સાર્થક શું છે અને કરવા જેવુ શું છે તેનું સમ્યક્જ્ઞાન.

હવે મૂળ વાત પર આવીએ આ શિબિર પછી શું? આ જ્ઞાન કેટલા લોકો બરાબર સમજ્યા? કેટલા લોકોના ઘર સુધી પહોંચ્યું? સંતો અને મહાત્માઓના પ્રવચનો અને વ્યાખ્યાનોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટે છે માથા ધુણાવે છે. લોકો હવે જીવનમાં કશુ ખોટુ નહી કરે એવો આભાસ ઉભો થાય છે. પણ બધુ ત્યાંનું ત્યાં જ રહી જાય છે. મંદિરનો ધર્મ ખરા અર્થમાં ઘર સુધી પહોંચતો નથી.

લોકોને સાચી સમજ નથી. ગાડરિયા પ્રવાહની જેમ તણાયા કરે છે. બધા કરે છે તેમ કરવુ. બધા જે બાજુ ચાલે છે તે તરફ ચાલવું. માણસ ટોળામાં રહેવાનું પસંદ કરે છે. ભીડમા સત્ય ખોવાઈ જાય છે. સ્થાપિત વ્યવસ્થાઓ લોકોને સાચે રસ્તે દોરવી શકી નથી. આવા સમયમાં સત્યનું જ્ઞાન અત્યંત જરૂરી છે. જીવનમાં સમૃદ્ધિની સાથે તણાવ વધ્યો છે કોઈ મનથી સુખી નથી. અસંતોષ અજંપો છે. લોકોને શાંતિ અને સ્થિરતા જોઈએ છે પણ માર્ગ સૂઝતો નથી. સમ્યગ્જ્ઞાન તેમને આ કળણમાંથી બહાર કાઢી શકે છે. આ માટે એક શિબિર પૂરતી નથી આ જ્ઞાનને વધુને વધુ જીવન સાથે જોડવુ જરૂરી છે.

સમ્યગ્દર્શનનું હાર્દ સત્ય છે. આમાં અહિંસા અને પ્રેમને જો શામેલ કરી શકાય તો આ જ્ઞાન સંપૂર્ણ બની જાય આમાં પ્રેમનું વધુ મહત્ત્વ છે. મહાવીર પ્રભુએ પણ જગતના તમામ લોકો માટે એક મહત્વનું સૂત્ર આપ્યું છે. પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ રાખો. પ્રેમ હશે તો અહિંસા અસંભવિત બની જશે. પ્રેમ હશે તો રાગ-દ્વેષ-માન-અભિમાન રહેશે નહી. સમ્યગ્જ્ઞાનને લોકોના જીવન વહેવાર સાથે જોડવાની જરૂર છે એવું મને લાગે છે. આ અંગે હું બહુ ઉંડુ જ્ઞાન ધરાવતો નથી એટલે આ બંને વિદ્વાનોનો મત સર્વથા સ્વીકાર્ય છે.

આ શિબિરનો ક્ષમા, સરળતા, નમ્રતા અને સંતોષનો સંદેશો ઘરઘર સુધી પહોચે અને લોકોના અંતરમાં ઉજાસ થાય એવી અંતરની ભાવના...

❑❑❑

શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

(ગતાંકથી ચાલુ...)

વક્ત્રં ક્વ તે સુરનરોરગનેત્રહારિ ।
નિઃશેષનિર્જિત જગત્ત્રિતયોમાનમ્ ॥
બિમ્બં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય ।
યદ્ વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ્ ॥૧૩॥

ભાવાર્થ :- જેણે દેવ, મનુષ્ય અને સમગ્ર જીવરાશિના નેત્રોને આકર્ષિત કરી લીધા છે, તેમ જ ત્રણ જગતનાં સર્વ ઉપમાનોને જીતનારું એવું આપનું મુખમંડળ કયાં? અને કયાં કલંકથી મલિન એવું ચંદ્રનું બિંબ? કે જે દિવસમાં ખાખરાના પર્ણસમાન ફિક્કું દેખાય છે.

વિવેચન :- પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીની દૃષ્ટિ પ્રભુના સંપૂર્ણ દેહના દર્શન કર્યા પછી તેમના મુખારવિંદ ઉપર સ્થિર થાય છે. મુખ એ દેહનું મુખ્ય અંગ છે. આમ તો મુખ વાણીનું સાધન ગણાય, પરંતુ વચન ઉચ્ચાર્યા વિના પણ મુખમુદ્રા ઘણું બધું બોલે છે. મુખમુદ્રા વડે બધા ભાવો પણ પ્રગટ કરી શકાય છે. એટલું જ નહિ આત્માની દિવ્યતા, વીતરાગતાની તેજસ્વી આભા પણ મુખમુદ્રા પર ઝળકી ઊઠે છે. જ્યારે આ તો પ્રભુની મુખ મુદ્રા છે. એટલે તેમના દિવ્ય, અલૌકિક ભાવો પણ મુખ પર પ્રગટ થયા વિના કેમ રહે! એટલે જ પરમાત્માનું મુખારવિંદ તે ભક્તિનું પ્રથમ માધ્યમ ગણાયું છે કહ્યું પણ છે કે, ''આંખડી મારી પ્રભુ હરખાય છે, જ્યાં તમારા મુખના દરશન થાય છે.''

અહીં આચાર્યશ્રીએ પ્રભુના મુખમંડળને એટલું સૌન્દર્યમય દર્શાવ્યું છે કે એની તુલના કરવા માટે કોઈ પણ ઉપમાન સમર્થ નથી. એટલું જ નહિ રાત્રિના સમયે શીતળતા - સૌમ્યતાનું દર્શન કરાવનાર ચંદ્રને પણ પાછળ મૂકી દે તેવું છે. અર્થાત્ પ્રભુના મુખમંડળને અનુપમેય ગણાવ્યું છે. દેવતાઓ, મનુષ્યો તેમ જ સાધારણ તિર્યંચ જીવો પણ પ્રભુના સૌન્દર્યમય મુખનું દર્શન કરીને થંભી જાય છે. સહુના નેત્ર પ્રભુને નિહાળીને અપલક બની જાય છે. કારણ કે પ્રભુની પરમ ઉપશાંત દિવ્ય વીતરાગી મુદ્રા તો ત્રણ લોકના સર્વ જીવોને શાતા આપનારી હોય છે. સહુને પ્રભાવિત કરે તેવી હોય છે. આમ કવિશ્રીએ અહીં ઉપમેય અને ઉપમાનની હાર-જીતમાં ઉપમેયની શ્રેષ્ઠતા દર્શાવી છે.

પ્રસ્તુત શ્લોકમાં મુખ માટે બીજા ઘણા શબ્દો હોવા છતાં સ્તુતિકારે પ્રારંભમાં 'वक्त्रं' શબ્દનો ઉલ્લેખ કર્યો છે. વાણીની રક્ષા કરનાર જે અંગ છે તેને 'वक्त्रं' કહેવામાં આવે છે. મુખ વાણીનું સાધન છે માટે તે 'वक्त्रं' છે. પ્રભુની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ થયા પછી, તેમ જ જ્ઞાનાવરણીય કર્મોનો સંપૂર્ણ ક્ષય થયા પછી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં પ્રભુના શ્રીમુખે દેશના રૂપે શ્રુતજ્ઞાનની ગંગોત્રી પ્રવાહિત થાય છે. પ્રભુનું મુખ ફક્ત પ્રાણીઓના સ્થૂલ નેત્રોનું જ હરણ કરે છે, એટલું જ નહિ પણ પ્રભુની દિવ્ય વાણી સાંસારિક જીવોને અંતર્મુખી બનાવી આત્મા તરફ વાળે છે. 'वक्त्रं' શબ્દ પ્રભુના આંતરિક મુખનો ઉદ્‌ઘોષ કરી પ્રાણીમાત્રને પ્રાણ આપે તેવી આત્મશક્તિનું આખ્યાન કરે છે. આમ આધ્યાત્મિક ભાવોનું રહસ્ય કવિશ્રીએ અહીં 'वक्त्रं' શબ્દ દ્વારા પ્રગટ કર્યું છે.

ત્યારપછી સ્તુતિકારે 'નિઃશેષ' શબ્દ દ્વારા પ્રભુના મુખને સર્વશ્રેષ્ઠ ઉપમાન તરીકે પ્રદર્શિત કર્યું છે. 'નિઃશેષ' શબ્દનો અર્થ છે સંપૂર્ણ, હવે કાંઈ જ બાકી નથી તે. અર્થાત્ ત્રણ જગતમાં જેટલા પણ ઉપમાનો છે તે બધા ઉપમાનો પ્રભુના મુખ સૌન્દર્યથી પરાજિત થઈ ગયા છે. જગતની તમામ ઉપમાઓ નિરસ્ત બની ગઈ છે. જગતમાં મુખ માટે અનેક ઉપમાઓ આપવામાં આવે છે. જેમ કે મુખકમળ, મુખદર્પણ, મુખચંદ્ર વગેરે વગેરે. કમળની ઉપમા કોમળતા કે નિર્લેપતા માટે પ્રસિદ્ધ છે. પરંતુ કમળની કોમળતા કે નિર્લેપતા માત્ર દ્રવ્યભાવે જ છે. રાત્રિ થતાં કમળ સંકોચાય છે. જ્યારે પ્રભુનું મુખ દ્રવ્યથી સદા વિકસિત અને ભાવથી સદા પ્રસન્ન જ રહે છે. મુખ માટે દર્પણની ઉપમા પણ અપાય છે. દર્પણમાં કોઈ પણ વ્યક્તિ પોતાનો આબેહૂબ ચહેરો જોઈ શકે છે. કહેવાય છે કે મુખ એવું ચમકદાર દર્પણ જેવું હોય કે તેમાં કોઈ પણ પોતાનું પ્રતિબિંબ જોઈ શકે છે. પરંતુ કયાં પ્રભુના પારદર્શી ગુણોની ચમક! અને કયાં દર્પણની કૃત્રિમ પારદર્શિતા । એવી જ રીતે લગભગ બધા જ કાવ્યશાસ્ત્રોમાં મુખ માટે ચંદ્રની ઉપમા જોવા મળે છે. કારણ કે ચંદ્ર શીતળ, સૌમ્ય પ્રકાશ આપે છે, તે રજનીપતિ છે, ગોળાકાર છે. આવા અનેક ગુણો ચંદ્રમાં હોવા છતાં આચાર્યશ્રી પ્રભુના મુખની ઉપમા માટે તેને યોગ્ય ગણતા નથી. એટલું જ નહિ તેમાં ત્રિદોષ બતાવે છે. પ્રથમ તો ચંદ્રના બિંબ પર કલંક છે. તે નિશાકર હોવાથી જાણે અંધકારને પોતાના મુખ પર ચિત્રિત કર્યું હોય એવું લાગે છે. બીજુ ચંદ્ર રાત્રિના સમયે જ શાંત શીતલ પ્રકાશ પાથરી સમગ્ર સૃષ્ટિને આહ્‌લાદક બનાવે છે પરંતુ એજ ચંદ્ર દિવસના સમયે જાણે ખાખરાનું સુકાયેલું પાદડું હોય તેમ શુષ્ક અને નિરસ દેખાય છે. તેવી જ રીતે ચંદ્ર ક્ષયગામિત્વ છે. અર્થાત્ તેની કળા પ્રતિદિન ક્ષય પામે છે, કળામાં વધઘટ થાય છે. જ્યારે પ્રભુનું મુખ તો નિષ્કલંક છે. કષાયનો એક અંશ માત્ર ન હોવાથી તેમના મુખ પર ભાવકાલિમા પણ જોવા મળતી નથી. પ્રભુના મુખ ઉપર સદાય-નિરંતર એક સરખી પ્રસન્નતા હોય છે. તેમના મુખને નિહાળનાર શાંતિ અને સંતોષનો અનુભવ કરે છે. આમ પ્રભુનું મુખમંડળ સર્વશ્રેષ્ઠ છે.

પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીએ કયાં ચંદ્રબિંબ! અને કયાં પ્રભુનું

મુખારવિંદ! એમ કહીને અતુલનાત્મક અલંકાર પ્રગટ કર્યો છે. 'કયાં' એમ કહીને ચંદ્રને સર્વથા અવગણ્યો નથી. અર્થાત્ સીધી રીતે ચંદ્રની અવગણના કરી નથી. પરંતુ પ્રભુના મુખમંડળને છોડીને અન્યત્ર ચંદ્રબિંબ ઉપમા આપવા લાયક છે, તેવો ધ્વનિ ઉચ્ચાર્યો છે. એટલે કે પ્રભુના મુખની સાથે તુલના કરવા યોગ્ય નથી પરંતુ બીજા કોઈ પદાર્થો સાથે તેની તુલના થઈ શકે છે તેવો ભાવ અભિવ્યક્ત કરી સ્તુતિકારે ગુણાત્મક ચંદ્રની કલ્પના કરી છે.

આચાર્યશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં અન્યથા ઉક્તિ અલંકારનો ઉપયોગ કરીને વસ્તુતઃ સંસારના બિંબનું ચિત્ર આપ્યું છે. ચંદ્રબિંબને તેમણે માધ્યમ તરીકે દર્શાવ્યું છે. જેમ કે સંસારરૂપી ચંદ્રનું જે બિંબ છે તે કષાયાદિ ભાવોથી કલંકિત-મલિન બનેલું છે. તેમ જ રાત્રિરૂપી મોહના અંધકારમાં તેનો ક્ષણિક પ્રકાશ જોવા મળે છે. પરંતુ દિવસરૂપી નિર્મોહદશાનો પ્રકાશ થતાં આ સંસાર ચંદ્રનું બિંબ ફિક્કુ પડી જાય છે. અર્થાત્ આ માયાવી જગતમાં મનુષ્યને ક્ષણિક સંતોષનો અનુભવ તો થાય છે પણ આવો ક્ષણિક સંતોષ તેની ઉત્તમ યાત્રામાં બાધા રૂપ બને છે. આવો ગૂઢાત્મક સંકેત દર્શાવી પ્રભુના જ્ઞાનાત્મક મુખરૂપી વાણીની શ્રેષ્ઠતા આચાર્યશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં આલેખી છે.

ऋद्धि :- ॐ ह्रीं अर्हं णमो बोहिबुद्धीणं

मंत्र :- ॐ ह्रीं श्रीं हं सः ह्रौं ह्रां ह्रीं द्रां द्रों द्रौं द्रः
मोहनी सर्व जनवश्यं कुरु कुरु स्वाहा।

વિધિ વિધાન : પવિત્ર થઈને પીળા વસ્ત્ર પહેરી પીળી માળા દ્વારા સાત દિવસ સુધી પ્રતિ દિવસ એક હજાર વાર ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવું. તેમ જ સાધનાકાળમાં દિવસમાં એક વાર ભોજન લેવું અને ભૂમિ પર શયન કરવું જોઈએ.

ફલાગમ - (લાભ) :- ભક્તામરની તેરમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રના સ્મરણથી તેમ જ યંત્ર પાસે રાખવાથી અને સાત કાંકરી લઈને દરેકને એકસો આઠ વાર મંત્રીને ચારે દિશામાં ફેંકવાથી ચોર ચોરી કરી શકતો નથી, તેમ જ માર્ગમાં કોઈપણ જાતનો ભય રહેતો નથી.

ભક્તામરની તેરમી ગાથાનું સ્મરણ કરવાથી શું લાભ થાય છે, તે દર્શાવતી એક પ્રાચીન કથા....

-ઃ શ્રી સુમતિચંદ્ર મંત્રીની કથા ઃ-

વર્ષો પહેલાંની આ વાત છે. અંગ દેશમાં ચંપાવતી નામે નગરી હતી. ત્યાં કર્ણ નામનો રાજા રાજ્ય કરતો હતો. એમની પત્નીનું નામ વિશનાવતી હતું. તે મિથ્યાત્વી તેમ જ કુશીલ હતી.

એક દિવસ કપાલી નામનો યોગી રાણી પાસે આવ્યો. ત્યારે રાણીએ તેને કહ્યું કે, હે યોગી! તું મને બે પિશાચિની વિદ્યા શિખડાવ, તો હું તને મારો ગુરુ માનીશ. ત્યારે યોગીએ રાણીને પિશાચિની વિદ્યાની આખી વિધિ બતાવી. ત્યારબાદ રાણીની રજા માંગી ત્યાંથી વિદાય થયો. રાણીએ એક મહિના સુધી યોગીએ બતાવેલ વિધિ કરીને, પિશાચિની દેવીને પોતાના વશમાં કરી લીધી.

ચંપાવતી નગરીના રાજદરબારમાં સુમતિ નામે એક મંત્રી હતો. તેનામાં નામ પ્રમાણે ગુણ હતા. તે સાચો જૈન ધર્મી, સદ્ગૃહસ્થ હતો. એક દિવસ રાજાએ રાજસભામાં ધાર્મિક ચર્ચા ઉપાડી. ત્યારે મંત્રીજીએ કહ્યું, હે રાજન! ધર્મનું મૂળ કરુણા છે જ્યારે હિંસા પાપનું મૂળ છે. જેમ જહાજ વિના સમુદ્ર ન તરાય તેમ કરુણા વિના ધર્મ ધારણ ન થાય. જેમ રાજામાં ચક્રવર્તી મહાન ગણાય, તેમ બધા ધર્મોમાં કરુણા મહાન ગણાય. જગતમાં જૈન ધર્મ જ ઉત્તમ છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

મંત્રીની આ વાત સાંભળીને રાજાએ જવાબ આપ્યો, હે મંત્રીશ્વર! તમારી આ વાત સાવ ખોટી છે. જગતમાં વૈષ્ણવધર્મ જ ઉત્તમ ગણાય છે. જે મનુષ્ય વિષ્ણુ ભગવાનને પૂજે છે તે પંડિત કહેવાય છે. વિષ્ણુ ભગવાનની કીર્તિ આ જગમાં ફેલાયેલી છે. વળી વિષ્ણુ ભગવાન જ લોકોના સૃષ્ટિના પિતા ગણાય છે. આટલું બોલીને રાજા દરબાર છોડી ગુસ્સામાં જતા રહ્યા. રાજાની આવી કુપિત દૃષ્ટિ જોઈને રાણીએ તેનું કારણ પૂછયું. ત્યારે રાજાએ કહ્યું, હે મહારાણી! સાંભળો, સુમતિ મંત્રી ખૂબ જ નીચ માણસ છે, તેને પોતાની બુદ્ધિ પર ઘણો ગર્વ છે. વળી પોતાના જ ધર્મને મહાન ગણાવી અમારા ધર્મને નીચો ગણે છે.

આ સાંભળી રાણીએ જવાબ આપ્યો, હે મહારાજ! મનમાં દુઃખ ન લગાડો આટલી જ વાત છે ને! હમણાં જ હું મંત્રીનો બધો જ ગર્વ ઉતારી દઈશ. એમ કહીને રાણીએ તરત જ સ્મશાનમાં જઈ પિશાચિનીનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ પિશાચિનીદેવી પ્રગટ થઈ. રાણીએ તેને મંત્રીને સબક ભણાવવાનો આદેશ આપ્યો. ત્યારે તે પિશાચિની પોતાના સાથીઓ સાથે ભયંકર રૌદ્રરૂપ ધારણ કરી ત્રિશૂલ, ગદા, ચક્ર વગેરે લઈ સુમતિ મંત્રી પર પ્રહાર કરવા દોડી ગઈ. ત્યાં જઈને અનેક વિક્રિયાઓ વડે તેણે મંત્રીને ડરાવ્યો. ત્યારે જૈનધર્મમાં આસ્થા ધરાવતા મંત્રીએ ભાવપૂર્વક ભક્તામરની તેરમી ગાથાનું સ્મરણ કર્યું. જેના કારણે શાસનદેવી પ્રગટ થઈ અને પિશાચિની વગેરેને પકડીને બાંધી દીધા. પરંતુ સુમતિ મંત્રીના કહેવાથી દેવીએ બધાને છોડી દીધા અને પાછી સ્વર્ગમાં જતી રહી.

રાજાએ જ્યારે આ વાત જાણી ત્યારે તેમણે સુમતિ મંત્રીની જૈનધર્મ પ્રત્યેની આસ્થાની ખૂબ પ્રશંસા કરી એટલું જ નહિ જૈનધર્મનો જયજયકાર કર્યો.

અસ્તુ.

(ક્રમશઃ)

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન,
લાલબાગ, મુંબઈ - ૪૦૦૦૧૨.
સંપર્ક : ૯૮૯૨૮૨૮૧૯૬

જૈન પરંપરાના પુનરુદ્ધારકો-૨૬

સાગર સમુદાયનું ગૌરવ :

મહામહિમાવંતા સાધ્વીશ્રી લાભશ્રીજી મહારાજ

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

જૈન શાસનમાં સંયમનો પુણ્ય પ્રભાવ સદાકાળ છવાયેલો રહ્યો છે. આજથી ૧૫૦ વર્ષ પહેલાં મહેસાણામાં પૂજ્ય રવિસાગરજી મહારાજ બિરાજમાન હતા. રવિસાગરજી મહારાજ ધર્મપ્રભાવક સાધુપુરુષ હતા. તપ, ત્યાગ અને વૈરાગ્યથી છલકાતા એ સાધુપુરુષ જીવનના અંતિમ સમયમાં મહેસાણામાં બિરાજમાન રહ્યા હતા. આજે પણ વિદ્યમાન 'શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા'ની સ્થાપના તેઓશ્રીની પ્રેરણાથી તે સમયે થઈ હતી. એ પાઠશાળામાંથી હજારો વિદ્યાર્થીઓ ભણીને તૈયાર થયા અને ભારતભરમાં પંડિત તરીકે છવાઈ ગયા.

શ્રી રવિસાગરજી મહારાજ પોતાના શિષ્યવૃંદ સાથે મહેસાણામાં બિરાજતા હતા ત્યારે સાધ્વીશ્રી દેવશ્રીજી મહારાજ પણ પોતાની શિષ્યાઓ સાથે જીવનના અંતિમ વર્ષોમાં મહેસાણામાં બિરાજમાન હતાં.

મહેસાણાના એક ચોવીસ વર્ષના યુવાન શ્રાવિકાબહેન લક્ષ્મીબાઈ શ્રી દેવશ્રીજી મહારાજ પાસે આવ્યા. ચોવીસ વર્ષની ઉંમર સુધીમાં સંસારની અનેક થપાટ તે ખાઈ ચૂક્યા હતા. વિક્રમ સંવત ૧૯૨૫માં આસો સુદ પૂર્ણિમાને દિવસે જન્મેલા ફતેહચંદભાઈ અને ઉજળીબહેનનાં સુપુત્રી લક્ષ્મીબહેનના ૧૨ વર્ષની ઉંમરે તો લગ્ન પણ થઈ ગયાં. પરણીને તેઓ મુંબઈ ગયાં. તે સમયે તેમના પતિનું અવસાન થયું. લક્ષ્મીબહેન પાછાં પિયરમાં આવ્યાં અને ધર્મના રંગે રંગાયાં. શ્રી દેવશ્રીજી મહારાજના પરિચયમાં આવ્યાં. તેમને દીક્ષા લેવાનો ઉમળકો જાગ્યો. દેવશ્રીજી મહારાજ કહે કે ચાલો રવિસાગરજી મહારાજ પાસે જઈએ. તેઓ કહે તેમ કરીએ.

રવિસાગરજી મહારાજે લક્ષ્મીબહેનની વાત સાંભળી. કહ્યું કે, તમારા સાસુને બોલાવો. તેમને હું પૂછીશ પછી તમને આજ્ઞા આપીશ.

લક્ષ્મીબહેનના સાસુ મિરાતબહેન મહારાજ પાસે આવ્યા. તેમણે કહ્યું કે, મારી પાકટ ઉંમર છે, મારા અવસાન પછી તેઓ દીક્ષા લે.

એમ જ થયું.

બે વર્ષ પછી મિરાતબહેન અવસાન પામ્યા. રવિસાગરજી મહારાજે લક્ષ્મીબહેનને દીક્ષા લેવા માટે સંમતિ આપી. તે સમયે પાટણના એક બીજા બહેન શ્રી સમરતબહેનની પણ દીક્ષા થઈ. દેવશ્રીજી મહારાજનાં શિષ્યા સાધ્વી હરખશ્રીજી મહારાજનાં શિષ્યા તરીકે લક્ષ્મીબહેનને શ્રી લાભશ્રીજી જાહેર કરવામાં આવ્યાં. સમરતબહેનનું નામ ગુણશ્રીજી પાડવામાં આવ્યું.

જૈન સંઘમાં સાધ્વીજી ભગવંતોનાં ચરિત્રો બહુ ઓછા જોવા મળે છે. તે સમયકાળમાં થયેલા શ્રી અજિતસાગરસૂરિજી મહારાજના શિષ્ય મુનિવર્ય અને કવિરત્ન શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજની પ્રેરણાથી સાધ્વીશ્રીજી લાભશ્રીજી મહારાજનું જીવનચરિત્ર ગોકળદાસ નાનચંદ ગાંધીએ લખેલું તે શ્રી બુદ્ધિસાગરસૂરિ જ્ઞાનમંદિર વીજાપુર તરફથી પ્રગટ થયું છે. આજથી ૧૨૫ વર્ષ પહેલાં સંવત ૧૯૪૩માં પ્રગટ થયેલા આ ચરિત્રમાં સંપૂર્ણ સાલવારી સાથે આ ચરિત્રનું આલેખન કરવામાં આવ્યું છે. લેખક ખૂબ ભાવ સાથે સાધ્વી લાભશ્રીજી મહારાજનો પ્રભાવ વર્ણવે છે અને સાધ્વીશ્રી લાભશ્રીજી મહારાજે જીવનકાળ દરમ્યાન જે સ્તવનો વગેરે પસંદ કરીને પોતાના મધુર કંઠે ગાયા તેનો સંગ્રહ પણ તે જ પુસ્તકમાં શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજે મુકાવ્યો છે. લેખક સાધ્વીજી મહારાજના નામની આગળ 'મહામહિમાવંતા' અને 'મહાપુણ્યવંતા' શબ્દનો પ્રયોગ ખૂબ ભાવથી કરે છે.

શ્રી લાભશ્રીજી મહારાજનો પ્રભાવ તે સમયે ખૂબ વિસ્તર્યો. મહેસાણા, અમદાવાદ, વિજાપુર, પેથાપુર, પાલનપુર અને કાઠિયાવાડનાં અનેક ગામોમાં વિચરીને ઠેર ઠેર તેમણે ધર્મપ્રભાવના કરી અને અનેક બહેનોને દીક્ષા આપી. પોતાનો શિષ્યા સમુદાય પણ વધાર્યો. જીવનભર જ્યાં ગયાં ત્યાં શ્રી રવિસાગરજી મહારાજ અને સુખસાગરજી મહારાજના તેમણે ગુણ ગાયા. આ ચરિત્રમાં નોંધ મળે છે કે, શ્રી સુખસાગરજી મહારાજને ૧૬ શિષ્યો હતા. તેમાં અત્યંત જાણીતા થયા તે યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિ મહારાજ. શ્રી લાભશ્રીજી મહારાજે તમામ ગુરુજનોની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

તેમનાં સમયમાં જે કોઈ અન્ય સાધ્વીજી ભગવંતો થયાં તેઓ પણ તેમની વિશાળ છત્રછાયામાં સમાઈ ગયા. શ્રી દોલતશ્રીજી મહારાજ, શ્રી મનોહરશ્રીજી મહારાજ વગેરે તેમાં મુખ્ય છે. શ્રી બુદ્ધિસાગરસૂરિ મહારાજ, શ્રી અજિતસાગરસૂરિ મહારાજ, શ્રી ઋદ્ધિસાગરસૂરિ મહારાજ, શ્રી કીર્તિસાગરસૂરિ મહારાજ વગેરે મહાપુરુષોની છત્રછાયામાં શ્રી લાભશ્રીજી મહારાજે જૈનશાસનનો ડંકો વગાડ્યો.

મધુર સ્વભાવ, મધુર કંઠ, શ્રેષ્ઠ ચારિત્રપાલન જેવા ગુણોથી

સજ્જ શ્રી લાભશ્રીજી મહારાજ તે સમયે અત્યંત લોકપ્રિય હતા. તેમનું પ્રવચન સાંભળવા ગામેગામથી શ્રાવિકાઓ ઉભરાતી. તેઓ દરેક સમયે કહેતા કે, હું જે કંઈ કહું છું અને તમને માનવું ગમે છે તે ગુરુજનોની કૃપાનું ફળ છે.

જીવનના અંતિમ સમયે તેઓ સાણંદથી વિહાર કરીને માણસા પધાર્યા. માણસા જૈનસંઘમાં ઉત્સવ પૂર્ણ કરાવ્યો અને ત્યારપછી વિક્રમ સંવત ૧૯૯૯માં વૈશાખ વદી ૬ની રાત્રે ૧૧ વાગે સંથારામાં બેઠાં બેઠાં સૌની સાથે ક્ષમાપના કરીને દેહ છોડ્યો.

લેખક નોંધે છે કે, તે સમયે માણસામાં ગામેગામથી લોકો ઊમટ્યા. આસપાસનાં તમામ ગામોમાં રહેલાં સાધુ-સાધ્વીઓ પણ ઊમટ્યાં.

શ્રી લાભશ્રીજી મહારાજ ધર્મસાધના કરીને આત્મશ્રેય પામી ગયા.

સાધ્વીશ્રીજી લાભશ્રીજી મહારાજે જીવનમાં કરેલા ચોમાસાની સંપૂર્ણ નોંધ પણ આ ચારિત્રમાં મળે છે : ૧૧ ચોમાસા મહેસાણામાં. ૩ ચોમાસા પાટણમાં, ૩ ચોમાસા પાલનપુરમાં, ૧૩ ચોમાસા સાણંદમાં, ૧ ચોમાસું સુરતમાં, ૫ ચોમાસા વિજાપુરમાં, ૪ ચોમાસા રાજનગરમાં, ૨ ચોમાસા પાલિતાણામાં, ૪ ચોમાસા માણસામાં, ૧ ચોમાસું પેથાપુરમાં, ૧ ચોમાસું બોદ્રમાં કુલ ૪૮ ચોમાસાં થયાં.

જૈન સાધ્વીનું જીવનચરિત્ર આટલું સંપૂર્ણ બહુ ઓછું જોવા મળે છે. ❑❑❑

સંપર્ક : ૯૭૬૯૯૫૭૩૯૩

પંથે પંથે પાથેય

કુદરતના ખોળે કુદરતી ઉપચાર

ગીતા જૈન

આધુનિક-યુગમાં સગવડો અને સુવિધાઓ નવા નવા આવિષ્કારોને લીધે વધતા જાય છે. જીવન ધીમે ધીમે વધુને વધુ જટિલતા ભણી ખેંચાતુ જાય છે. એ એટલી સરળતાથી ખેંચાઈ જાય છે કે આપણને એનો અણસાર પણ નથી આવતો અને આપણે પ્રકૃતિથી વિમુખ થતા જઈએ છીએ. આપણી જીવનશૈલી, ખાણી-પીણી, વિચાર-વર્તનવ્યવહાર આદિના અતિ બદલાવથી શરીર-મન પર માઠી અસર પડે છે. શરીર પોતાની પ્રાકૃતિક ક્ષમતા ખોઈ બેસે છે. એની જીવનશક્તિનો હ્રાસ થાય છે. એની સ્વયંનું જતન કરવાની પદ્ધતિમાં ગાબડા પડે છે અને શરીર કમજોર બનતા બનતા માંદગી તરફ ખેંચાઈ જાય છે. માંદગી આધુનિક દવાઓ તરફ સહજપણે દોરી જાય છે અને આ દવાઓનો મારો શરીરને તાત્કાલિક રાહત આપે છે, પણ લાંબાગાળે નુકસાન વેઠવું પડે છે.

છેલ્લાં થોડાં વર્ષોથી આ તરફ તજજ્ઞો ધ્યાન દોરી રહ્યા છે કે પ્રકૃતિ વિરોધી આ દોડને અટકાવો, ધીમી-મંદ કરો અને કુદરતી રીતે શરીરને સ્વસ્થ રાખવાની પદ્ધતિને પુનઃજીવિત કરી એને સંરક્ષણ આપો. શરીરનાં કાર્યોમાં દખલ ન કરો. એની સ્વસ્થતાનો ગ્રાફ ઊંચો કરો તો વગર દવાએ અથવા ઓછામાં ઓછી દવાએ સારું તંદુરસ્ત જીવન જીવી શકાશે.

નેચરોપેથ હોવાથી હું પણ શરીરની આ પોતાની પ્રક્રિયાને અકબંધ જાળવી રાખવા અવારનવાર નેચર ક્યોર સેન્ટર-પ્રાકૃતિક ચિકિત્સા કેન્દ્રોમાં જઈ શરીર-શુદ્ધિ કરાવવું પસંદ કરું છું. દર વર્ષે કાર-વાહન યાદ કરીને સર્વિસમાં મોકલતી હોઉં તો શરીરને કેમ નહિ?

જૂન-૨૦૧૮માં મહુવામાં યોગ-શિબિરનું સંચાલન કરવાની તક મળી અને સાથોસાથ મેં તક ઝડપી ગોકુલ નેચર ક્યોર સેન્ટરમાં જવાની. ત્રણેક વર્ષ પૂર્વે સ્થપાયેલ આ સેન્ટર વિશે મહુવાના શ્રી મયંકભાઈ ઠક્કરે વાત કરી હતી, એનું સાહિત્ય એમણે મને મોકલાવેલ... એ સર્વે યાદ કરીને મયંકભાઈને વાત કરી. હું માર્ચ મહિનાથી મુંબઈ બહાર પ્રવાસ કરું છું, અત્યારે મને સમય અનુકૂળ છે અને એમણે ડૉ. કમલેશભાઈ સોલંકી સાથે વાત કરી કેન્દ્રમાં બુકિંગની વ્યવસ્થા ગોઠવી આપી.

વિરપુરથી ૮ કિ.મી. અને રાજકોટથી ૫૦ કિ.મી. દૂર આવેલા ગોમટા ગામમાં ચારે તરફ ખેતરોની વચ્ચે આવેલ આ સેન્ટર પહેલી નજરે જ ગમી જાય એવું તૈયાર કર્યું છે. ક્યાંય લક્ઝરી નથી દેખાતી. ક્યાંય ભાર નથી લાગતો, પ્રવેશતાં જ હળવાશ અનુભવાય છે. ભૌતિક લક્ઝરી-સગવડો દૂરથી રળિયામણી લાગે પણ પ્રવેશતાં થોડો ભાર, થોડો હિચકિચાટ જરૂર અનુભવાય. અહીંની સરળતાએ બધો ભાર હરી લીધો.!

આવકાર-કક્ષની નાની દીકરીએ સ્મિતભેર સ્વાગત કર્યું અને મેં મારી મુશ્કેલી કહી. લગભગ ત્રણ વાગ્યે બપોરે અમે પહોંચ્યા હતા. મારા સહયોગી દીપકભાઈને તરત જ મહેસાણા માટે નીકળવાનું હોવાથી મેં એ બેનને કહ્યું કે આપણે મારી દાખલ થવાની બધી કાર્યવાહી-ફોર્માલીટી પછી કરીએ, પહેલાં મને રૂમ ફાળવી દો જેથી હું સામાન મૂકી દઉં અને દીપકભાઈને અહીંથી મહેસાણા કઈ રીતે જવું એનું માર્ગદર્શન આપો. બેને તરત જ વાતનો અમલ કર્યો. અમે રૂમમાં પહોંચીને સામાન મૂકીએ ત્યાં જ ઈન્ટરકોમ રણક્યો....૩.૩૦ કલાકે બસ છે, જે અમદાવાદની છે અને ગોમટા ચોકડી પર આવી ગઈ છે, અમારી ગાડી દીપકભાઈને બસ સ્ટોપ સુધી પહોંચાડી આવશે! તેમની મદદ માટેની તત્પરતા જોઈ ખરે જ આનંદ થયો!

દીપકભાઈના રવાના થઈ ગયા બાદ ફોર્મ આદિ ભરવાની વ્યવસ્થા થઈ, આસી. ડૉક્ટર બેને બધી માહિતી લીધી, પછી મુખ્ય ચિકિત્સક ડૉ. કમલેશભાઈને મળવાનું ગોઠવાયું....તરત જ... સાલસતાથી ...એમણે મને નમસ્કાર કર્યા...અને બીજી સવારથી ઉપચાર-સારવાર-ભોજન આદિ મને અનુકુળ આવે તેમ ગોઠવી આપ્યું. ત્યાં પણ એ જ હળવાશ!

મારા રૂમની બાલ્કનીમાંથી નજર પડે ત્યાં સુધી ખેતરો જ ખેતરો. સેન્ટરને અડીને જતો રોડ દેખાય જરૂર છે, પણ વાહનની અવરજવર પાંખી છે, તેથી ખલેલ પહોંચે તેવું નથી. ગાંધીજીએ કહ્યું છે ને, ''આવાજ કરને સે આવાજ નહીં મિટતી હૈ, ચુપકી સે મિટતી હૈ.''

અહિંસા ચુપકી છે! સરળ શાંતિ છે. સહજ મૌન છે. ઉપચાર કક્ષની દીકરીઓ આશરે ૮-૧૦ છે. બધી ગ્રીન રંગના ટી-શર્ટમાં. પ્રાકૃતિક રંગ આંખ અને મનને ઠારે તેવો! ગ્રીન પણ કેવો? વૃક્ષ જેવો નહીં, એમાં સફેદ રંગની મેળવણીથી થયેલો હળવો ગ્રીન. સ્ફૂર્તિથી ફરતી આ દીકરીઓ એવી ત્વરાથી કામ કરે પણ એ જ હળવાશ. ત્વરા અને હળવાશનું આ સામંજસ્ય દર્દીને શાતા પૂરી પાડે... જરાય વાતો નહીં, અવાજ નહીં, માત્ર હળવું મ્યુઝિક વાગ્યા કરે! ઉપચાર-કક્ષમાં દર્દીની કોઈ લાઈન નહીં, ભીડ નહીં, તમને રૂમમાં જ ઈન્ટરકોમથી મેસેજ આવે પછી જ જવાનું. Waiting period લાઈનની મુક્તિ નિશ્ચિત રૂપે નિરાંત લાવે.

આ બહેનો બાજુના ગામડાઓની છે. ૨૦ થી ૨૫ વર્ષની આ દીકરીઓને ૩ વર્ષ પહેલાં કદાચ નિસર્ગોપચાર એટલે શું? એનીયે જાણ નહિ હોય, પણ ડૉ. કિરણબેન અને ડૉ. કમલેશભાઈએ એમને સરસ તાલીમ આપી છે. હસતા મુખે, પ્રેમસભર, કંટાળા વગર ઉપચાર કરતી આ પરિચારિકાઓ તરફ સહેજે વાત્સલ્ય ઉભરાય!

મોટી ઉંમરના અશક્ત, સંધિવાથી પીડાતા દર્દીઓને હાથ પકડીને તેઓ લાવે, તો કોઈને વ્હીલચેરમાં લાવે અને સારવાર બાદ એમના રૂમ સુધી એ જ રીતે પહોંચાડે, એમનું ભોજન પણ એમના રૂમમાં આપી આવે.

ભોજનકક્ષ હવાદાર અને મોટો હોવાથી અહીં પણ એકલતા અને કંપની બંને માણી શકાય. ડૉ. કિરણબેન અને સહાયક ડૉ. તૃપ્તિબેનની હાજરી અને ભોજન અંગેની પૃચ્છા ખાવા પ્રેરે અને ધરબે પણ ખરી! અન્નપૂર્ણા, જે જોઈએ તે ફરી ફરી પીરસે...નકામી કચકચ નહીં! દરેક દર્દીનો અલગ-અલગ આહાર તૈયાર કરવો અને પીરસવો એ બધું બખૂબી સચવાય, અહીં પણ ડૉ. દંપતીનો બહોળો અનુભવ કામે લાગતો અનુભવાય!

૨૨ એકરમાંથી માત્ર એક-સવા એકરમાં જ બાંધકામ, બાકી બધું નિસર્ગના ખોળે. ચારે તરફ ખેતરોની વચ્ચે આવેલ કેન્દ્રમાં ગૌ શાળા પણ ખરી. વળી, કેન્દ્રમાં ઉપયોગમાં લેવાતી વનસ્પતિ, શાક, ફળ, ઔષધિઓનું વાવેતર અને ઉત્પાદન પણ અહીં જ થાય. પપૈયા, જામફળ, તુલસી, લીલી-ચા, પાલક, મેથી, અરડુસો, જાસુદ, પલાસ, ચણા, તલ આદિ ઘણું બધું...અહીંના જ તલ ઘાણીમાં પીલી એ જ તેલની માલીશ, અહીના જ ચણાનો લોટ તેલ માલીશ બાદ નાહવા માટે ઉપયોગમાં લેવાય.

અહીંયા ૧૦ દિવસથી લઈને ૨ મહિના સુધી આવશ્યકતા પ્રમાણે દર્દીને રાખવામાં આવે છે. ત્રણ વર્ષમાં સાજા થઈ ગયેલા દર્દીઓ બીજાઓને સંદેશો આપતા રહે છે અને હવે સેન્ટરમાં અગાઉથી બુકિંગ વગર જગ્યા મળતી નથી. અહીં ૩૬ સ્વાસ્થ્ય સાધકોની વ્યવસ્થા થઇ શકે છે, જનરલ રૂમમાં ચાર વ્યક્તિ, સ્પેશિયલ રૂમ અને ડીલક્સ રૂમમાં બે વ્યક્તિને સમાવવામાં આવે છે.

આપણે આધુનિક શોધોનો કે જીવનશૈલીનો વિરોધ ન કરી શકીએ પણ એના સ્વીકાર સાથે એના લાભાલાભની સમજણ તો કેળવી જ શકાય ને? જેથી એના ભયસ્થાનો સમજાય અને થોડા છેટે રહી શકીએ.

સાંજના રોજ ડૉ. કમલેશભાઈ વિવિધ વિષયો પર પ્રાકૃતિક ચિકિત્સાની સમજ કેળવે. અહીં માત્ર સાજા થવા નહીં, સ્વસ્થ કેમ રહેવું એનું પણ શિક્ષણ મેળવતા લોકોને જોઈ ખૂબ આનંદ થાય.

પ્રખ્યાત પ્રાકૃતિક ચિકિત્સક ડૉ. મહેરવાન ભમગરા કહેતા, ''નિસર્ગોપચાર કોઈ કોર્સ ઓફ ટ્રીટમેન્ટ નથી; નિસર્ગોપચાર જીવનશૈલીમાં થતી ભૂલોને સુધારવાનું વિજ્ઞાન છે.''

સવારે ૬ વાગ્યાથી શરૂ થતો દિવસ - ત્રિફળા પાણીથી આંખ ધોવી, ચાલવાનું, મેથી, ગરમ પાણી વગેરે લીધા બાદ યોગાભ્યાસ, દર્દીની જરૂરિયાત મુજબનું પીણું અને સારવાર-કટી સ્નાન, વિવિધ માલિશ, લેપ, વરાળસ્નાન વગેરે...વગેરે.... ભોજન અને જરૂરી આરામ બાદ ફરી માટીપટ્ટી, શેક, સુજોક, જિમ, ફિઝિયોથેરાપી, કલર-થેરાપી, ચાલવાનું, સાંજનું ભોજન અને પ્રાર્થના સાથે વાર્તાલાપ, આરોગ્યલક્ષી ફિલ્મ આદિથી રાત્રે ૯ વાગ્યે દિવસ પૂરો થાય. આરોગ્યલક્ષી પુસ્તકોના વાંચનથી પોતાના તન-મનના સ્વાસ્થ્યની જાળવણી માટે ભાથું બાંધી શકાય એટલે લાઈબ્રેરી પણ ખરી!

આજે વિશ્વમાં 'ચકલી બચાવો'ની ઝુંબેશ ચાલી રહી છે ત્યારે અહીં સવારની સહેલ વખતે ચકલીઓનો મીઠો કલબલાટ અને ઠેરઠેર એમના માટે મૂકેલ ચણનો નાસ્તો. ચકલીઓને શિરામણ કરતી જોઈ મજા પડી જાય. કવિ કલાપીનું સ્મરણ થઇ આવે.... ''રે પંખીડા સુખથી ચણજો ગીતવાં કાંઈ ગાજો.....'' ત્યાંતો ચકલીઓ અને બુઝો (કૂતરો) વચ્ચેનો પકડદાવ, આ બંને પ્રકારના જીવોની ઉછળકૂદ મન પ્રફુલ્લિત કરી દે. પ્રસન્ન ચહેરે વિચાર ઝબકી જાય કે આ જીવો પણ સવારની કસરતનું મહત્ત્વ કેવું સમજે છે! સરસ મજાના સોનેરી સૂર્યોદયને વંદન કરું ત્યાં યોગાભ્યાસ માટે હાજર થવાનો બેલ વાગે..!

અહીં વિશેષ ધ્યાન ખેંચાયું ડૉ. દંપતીની વિશિષ્ટ કાર્યપદ્ધતિ પર, એમની નિસર્ગોપચાર પ્રત્યેની નિષ્ઠા, સહાયક સ્ટાફને પણ સખત છતાં મૃદુ તાલીમ આપવાની રીત, એમનું બેનમૂન ઘડતર અને દર્દીઓ પ્રત્યેની ઉદાર કાળજી... એ હસતા મુખે અને મીઠા શબ્દોથી રાઉન્ડ વખતે થતો તેમનો પ્રવેશ દર્દીને શાતા પૂરી પાડે તેવો ! આ બધા પાછળ એમની તાલીમનો સૂર સંભળાય છે. સુરતમાં કેન્દ્રની શરૂઆત થઈ, પ્રખર પ્રાકૃતિક ચિકિત્સક ડૉ. સુખવીર સિંઘની સીધી દોરવણી એમને ઉપલબ્ધ થઇ અને મંજુબેન શાહના ગોત્રી-વડોદરા વિનોબા આશ્રમના કુદરતી ઉપચાર કેન્દ્રમાં સાત વર્ષ સેવા આપી ત્યારે મેળવેલો બહોળો અનુભવ, અહીં દૃષ્ટિગોચર થાય છે.

કમલેશભાઈએ મને સૂચવ્યું હતું કે તમે પણ યોગના વિદ્યાર્થીની, મારા સિનિયર અને અનેક નેચર ક્યોર સેન્ટરની મુલાકાતથી બહોળો અનુભવ ધરાવતા હોઈ કોઈ સૂચન, સુઝાવ લાગે તો જરૂર કહેજો : આ એમની નમ્રતા છે. મેં કહ્યું, 'જરૂર જણાવીશું પણ તમે આ સેન્ટરની સ્થાપના પૂર્વે ઘણું ભમ્યા છો, એટલે જ્યાં જ્યાં જે જે આપને ના ગમ્યું એની બાદબાકી અત્રે કરી છે એટલે સરવાળે સરસ ગોઠવાયું છે.'

એક બીજી વિશેષતા એ નોંધી કે અહીંનો સ્ટાફ માત્ર એક જ કામમાં પ્રવીણ નથી, ઉપચારકો અને ઉપચારિકાઓ ઉપચાર તો ઉત્તમ રીતે કરે જ સાથોસાથ રસોઈગૃહમાં પણ કામ સંભાળે, ભોજનકક્ષમાં પણ હાજર, યોગાભ્યાસમાં પણ દક્ષ તો વળી ઓફિસની કામગીરી પણ કુશળતાથી નિભાવે. આ પ્રકારે તાલીમબદ્ધ કાર્યકરગણને લીધે ડૉક્ટર પણ હળવાફૂલ રહે ને દર્દી પણ. ઉપચારકોને (તાલીમ) - ટ્રેઈન્ડ કરવા માટે દંપતીએ કરેલો શ્રમ ઉપયોગી થઈ રહ્યો છે, પ્રત્યેક દર્દી એમની સેવાથી સંતુષ્ટ થઈ રહ્યા છે. ૩ વર્ષના આ સેન્ટરમાં અત્યાર સુધી ભારતના અને બહારના અઢી હજાર સ્વાસ્થ્યવાંછુકોએ સારવાર લઈને સેન્ટર પ્રત્યે શુભભાવના વહાવી છે.

એમની ઓપિનિયન ડાયરીમાં મેં નોધ્યું કે અત્રે ડૉ. દંપતી, એમની ટીમે અને કુદરતી વાતાવરણનો ત્રિવેણી સંગમ યોજાયો છે. દર્દી અહીં પ્રવેશતા જ શાતા અનુભવે છે. પ્રત્યેક દર્દી સાથે ડૉ. કમલેશભાઈ અને ડૉ. કિરણબેન ઘરોબો કેળવે છે, પોતીકાપણાની ભાવના જાગૃત કરે છે, ને છતાં અલિપ્ત પણ રહી શકે છે. એમનો ઉદ્દેશ્ય દર્દીને માત્ર સાજા કરવાનો જ નથી, પણ હંમેશાં તેઓ સાજા-સ્વાસ્થ્ય રહી શકે તેવી ટ્રેઈનિંગ આપવાનો છે. અહીંથી પાછા જનાર પોતાની જીવનશૈલીમાં નિશ્ચિત ફરક કરશે જ, ભલે; ક્રમશઃ પણ વિચારશે જ!

અંગત રીતે કહું તો મને પણ ખૂબ જ આનંદ થયો, કોઈ શારીરિક તકલીફ ન હોવા છતાં નેચરોપથ હોવાથી શરીરશુદ્ધિની આવશ્યકતા સમજી હું અત્રે આવી હતી. મારું આવવું સાર્થક થયાનું અનુભવું છું. આ બધું જેમના લીધે શક્ય બન્યું એ સર્વે મયંકભાઈ ઠક્કર, ડૉ. યુગલ અને પૂરી ટીમનો હૃદયપૂર્વક આભાર માનું છું.''

આદરણીય ભમગરા સાહેબની વાત સાથે મારી વાત પૂરી કરું, ''શરીરનો પ્રત્યેક કોષ ચમત્કારોથી ભરપૂર છે. દુનિયાની બધી ફાર્માસ્યુટિકલ કંપનીઓ જેટલા પ્રકારની દવાઓનું ઉત્પાદન કરે છે, તે બધા પ્રકારની દવાઓ આપણા શરીરમાં કુદરત પોતે જ પેદા કરી શકે છે. આ બધી દવાઓનું શરીરમાં ઉત્પાદન કરવા માટે પૂ. વિનોબા ભાવેએ કહ્યું છે તેમ ''નિરાહાર અને વિશ્રામની જરૂર છે'' અને એ આવા પ્રાકૃતિક ચિકિત્સા કેન્દ્રમાં જ મળી શકે. પોતાના મૂળ સત્વને પામવા આવો કુદરતના ખોળે પાછા ફરીએ!...''

❑❑❑

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ચોક,
વી.પી. રોડ, મુલુંડ (પ.), મુંબઈ - ૪૦૦૦૮૦.
સંપર્ક : ૯૯૬૯૧૧૦૯૫૮

વિચાર : મંથન : આપણે

પ્રબુદ્ધ વાચકો,

અહીં આપણે આજના સમકાલીન વિષયો અંગે ચર્ચા, વિચારણા પણ કરીશું. (તંત્રીશ્રી)

રૂપિયાની કરમ કહાણી - મોંઘવારી

માનવજીવનમાં, રોજિંદા વ્યવહારમાં કે ખરીદ-વેચાણ કે લેવડ-દેવડ માટે ચલણ (કરન્સી)નો ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં એ ચલણને હજારો વર્ષથી રૂપિયો કહેવામાં આવે છે. આ ચલણની રામકહાની કે કરમકહાણીની વાત કરવી છે.

આપણને સ્વતંત્રતા મળી ત્યારે રૂપિયાથી ઓછી કિંમતનું ચલણ પણ હતું. એક રૂપિયો એટલે સોળ આના, અથવા બે આઠ આના અથવા ચાર આના કે પાવલી, અથવા આઠ બેઆની અથવા સોળ આના અથવા બત્રીસ ઢબુ (બે પૈસા), અથવા ચોસઠ પૈસા અથવા ૧૨૮ અર્ધા પૈસા અથવા ૧૯૨ પાય. એ ઉપરાંત એક પાઈની ચાર કોડી પણ મળતી. મતલબ કે એક પાઈમાં પણ કશુંક ખરીદી શકાતું. આમાં રૂપિયાથી શરૂ કરીને બેઆની સુધીના સિક્કા ચાંદીના હતા, તમને નવાઈ લાગશે પણ ૧૯૩૯ આસપાસ ગામડામાંથી ભણવા માટે શહેરમાં (રાજકોટ) જવાનું થયું. છાત્રાલયમાં ખાવા-પીવાનું અને રહેવાનું મફત. રવિવારે સાંજે જમવાનું ન મળતું. એ વેળાએ એક ફેરિયો ચેવડો લઈને વેચવા આવતો. રસ્તા પર જોરથી બોલતો જાય ''નરસિંહનો ગુલાબી ચેવડો''. અર્ધા કે એક પૈસામાં ખોબો ભરાય એટલો ચેવડો મળતો. ચેવડો એટલે

મમરા, દાળીયા, મગફળી, ચટણી અને ઉપર મસ્કતી દાડમના ગુલાબી દાણા. એટલું ખાઈને પાણી પીવાથી પેટ ભરાઈ જતું.

સ્વતંત્રતા પછી એ રૂપિયાનું દશાંશ પદ્ધતિ મુજબ આધુનિકરણ થયું અને રૂપિયો થયો એકસો પૈસાનો. એ સમયે પણ એક પૈસો બે પૈસા, પાંચ પૈસા, દશ પૈસા. ૨૫ પૈસા અને ૫૦ પૈસાનું ચલણ હતું. આજે આપણે જાણીએ છીએ તેમ ૫૦ પૈસાનું ચલણ કાયદેસર છે પણ વપરાશમાં નથી. મતલબ કે ૧૯૨ પાઈને બદલે હવે ફક્ત નાનામાં નાનું ચલણ રૂપિયાનું જ રહ્યું. થોડા વખતમાં આપણે જોશું કે એક રૂપિયા, બે રૂપિયા, પાંચ રૂપિયા કે કદાચ દશ રૂપિયાની નોટનું ચલણ પણ ભૂતકાળની વાત બની જશે, તો આ કાગળ-કરન્સીની કિંમત કેટલી?

આ વાત એટલા માટે યાદ આવે છે કે એક કાળ એવો હતો કે જેને હજુ ૭૦ વરસ પણ નથી થયા ત્યારે જીવનનિર્વાહ માટે ચલણનું મહત્ત્વ કે જરૂરિયાત ઘણી જ ઓછી હતી પણ જીવનનું મહત્ત્વ ઘણું જ હતું. આજે આપણે ફક્ત ભારત જ નહિ પણ સમસ્ત વિશ્વ એક તરફ મોંઘવારીના ભરડામાં ડૂબી રહ્યું છે ત્યારે એક નગણ્ય વર્ગ એવો છે કે જે નાણાંની પથારીમાં નાચે છે. પ્રશ્ન ઊઠે છે કે આવું કેમ? જવાબ એ છે કે નાણું આજે સસ્તું થયું છે. ઉધાર લો. અમેરિકાએ જાહેર કર્યું કે મકાન ખરીદવા વગર વ્યાજે ડૉલર લઈ જાવ. કોણ ન લે મફતમાં મળતું હોય તો? અને પછી ડૉલર પાછા આવતા અટકી ગયા અને આવી મંદી. આપણે આ જાણીએ છીએ કે આ નાણાં પાછાં નથી આવવાના તો પછી મફતમાં જ શા માટે ન આપવા? આધુનિક અર્થશાસ્ત્રીઓ કહે છે કે વિકાસ સાધવા માટે 'ડેફીસિટ ફાયનેન્સિંગ' જરૂરી છે. ડેફીસિટ ફાયનેન્સિંગનો અર્થ સામાન્ય વ્યક્તિની દૃષ્ટિએ એટલો જ કે નાણાં ચૂકવી ન શકાય તો વધુ નોટો છાપો. પરિણામ નાણું સસ્તું અને ચીજ વસ્તુ મોંઘી. આ વિષયચક્ર ફરતું રહે.

સ્વતંત્રતા પહેલાં બ્રિટિશ સરકારની ઈમ્પિરિયલ બૅન્ક હતી. સ્વતંત્રતા પછી આપણે એને ''રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયા'' નામ આપ્યું. રિઝર્વનો અર્થ એ છે કે બૅન્ક જે નાણાં આપે છે તે કોઈ પણ સંજોગોમાં પાછા ન મળે તો બૅન્ક પાસે એટલી અનામત છે કે તે પૈસા ભરપાઈ કરી શકે કેમ કે બૅન્ક પાસે જે નાણાં છે તે આખરે તો પ્રજાના જ છેને?

હવે એક બીજી વાત વિચારીએ. આપણે ત્યાં જે રૂપિયાનું ચલણ હતું તે ચાંદી (સિલ્વર)નું હતું. જ્યારે બીજા વિશ્વયુદ્ધ વેળાએ કે એ પહેલાં નોટ છાપવાનું શરૂ થયું ત્યારે એમાં છપાતું કે ''આઈ પ્રોમિસ ટુ પે ધ બેરર ધ સમ ઓફ વન હન્ડ્રેડ રુપીસ'' અને તેમાં સરકારી ઑફિસરની સહી થતી. આજે પણ એમ જ થાય છે પણ અગાઉ જે વચન હતું કે સો કે બીજી ગમે તે રકમની નોટ હોય એટલી રકમ ચાંદીનાં રૂપિયા રૂપે આપવા બંધાયેલો છું. આજે આપણને શું મળશે? ચાંદી કે એક એક રૂપિયાની કાગળની નોટ? એની કિંમત શું? વિચારવાનો પ્રશ્ન આ છે કે રિઝર્વ બૅન્ક પાસે એટલા પ્રમાણમાં સોનું કે ચાંદી છે કે જેથી એ આપેલું વચન પાળી શકે? નહિ તો કોનો વિશ્વાસ કરવો?

હમણાં જ સ્વામી અગ્નિવેશના એક લેખમાં વાંચવા મળ્યું કે ભારત પર રૂપિયા બાર લાખ કરોડનું દેવું છે. વ્યાજસહિત ક્યારે ચૂકવાશે? કેવી રીતે? અને કદાચ એ દેવું પણ ડૉલરમાં ચૂકવવાનું હોય તો કરન્સીના વધતા જતા ભાવ પ્રમાણે ચૂકવવાના હોય. હવે જ્યારે ખેડૂતોને કે નવો વ્યાપાર કરનારાને કોઈ પણ જાતની સલામતી વગર રૂપિયા પચાસ હજાર સુધી આપવાના હોય કે વરસમાં ૭૨,૦૦૦ રૂપિયા મફતમાં આપવાના હોય તો અંતે તો નોટ જ છાપવાની રહેને? તો મોંઘવારી (ઈન્ફલેશન) વધે એમાં નવાઈ શી? આ વિષચક્ર ચાલ્યા જ કરવાનું? આધુનિક અર્થશાસ્ત્રીઓ ભલે આને વિકાસ માટે ડેફીસિટ ફાયનેન્સિંગની જરૂરત સમજે, સામાન્ય બુદ્ધિનો માણસ એ કોઈ કાળે સમજી ન શકે અને મોંઘવારીના ભરડામાં ભીંસાતો રહે. દેખાતા વિકાસની સામે આપણે વિનાશ તરફ દોડી રહ્યા છીએ એવું લાગે છે ખરું? કોઈ નવી વિચારણા કરવી જ પડશે.

ડેફીસિટ ફાયનેન્સિંગ એટલે દેવાદાર બનવું. દેવું ચૂકવી ન શકાય તો ધીરનારનો વિશ્વાસ જતો રહે. મોટા ભાગનું વ્યવહારમાં રોકાયેલું ધન બૅન્કોના હાથમાં છે એટલે એક બૅન્ક નિષ્ફળ જાય તો એ જ પળે બધી બૅન્કો પરનો વિશ્વાસ ઊઠી જાય અને ધીરનારા પોતાનાં નાણાં, કદાચ નુકસાન ભોગવીને પણ, પાછા મેળવવા દોડે તો બૅન્કો અંદરોઅંદર પણ ધીરધાર કરી ન શકે. બૅન્કો નિષ્ફળ જવાના પ્રસંગો બન્યા પણ છે અને એની ઘેરી અસર સમાજ પર રોજિંદા વ્યવહારમાં ભોગવવી પડી છે એ અનુભવની વાત છે. તેથી પ્રત્યેક બૅન્કે જેટલું કરજ હોય તેટલા પ્રમાણમાં બચત ફરજિયાત રિઝર્વ બૅન્કમાં રાખવી જોઈએ અને એથી વધારે કોઈ પણ બૅન્ક ડિપોઝિટ લઈ ન શકે એ જોવાની જવાબદારી રિઝર્વ બૅન્કની બનવી જોઈએ. બૅન્ક કે નાણાંનું સંચાલન કરનાર કોઈ પણ સંસ્થા જ્યારે અતિ વિશાળ બની જાય ત્યારે શાખાના સંચાલક પર આધાર રાખવો પડે. એ જાણતા કે અજાણતા પણ જો ભૂલ કરે તો એની જવાબદારી મુખ્ય સંચાલકોની બને પણ એ સંચાલકો શાખાના સંચાલકોને કાંઈ પણ કરી ન શકે એટલા માટે કે એથી સંસ્થાની શાખને ધક્કો લાગે અને શાખાના અન્ય કાર્યકરો પણ હળતાળ પર ઊતરે એટલે વાત છુપાવવી પણ પડે. પરિણામે સંચાલન નબળું પડે અને વધુ ડૂબતું જાય. રૂપિયા પરનો વિશ્વાસ ત્યારે જ બની રહે જ્યારે કરજ ન હોય પણ બચત હોય અને ત્યારે રૂપિયાની પ્રતિષ્ઠા જામે.. કરજમાં ડૂબેલો દેશ સ્વતંત્રતા જાળવી ન જ શકે. ધીરનારના ગુલામ પણ બનવું પડે. આવું ક્યાંક કયાંક બની પણ રહ્યું છે. શ્રમ

દ્વારા ઉત્પાદન અને મશીન કે ટેક્નૉલૉજીના વધારે પડતા ઉપયોગથી દૂર રહેવું એ જ ઉપાય બની રહેશે. જાગ્યા ત્યારથી સવાર.

❑❑❑

કાકુલાલ છ. મહેતા
૧૭૦૪, ગ્રીન રીડ્જ ટાવર-૨,
૧૨૦, લીંક રોડ, ચીકુવાડી,
બોરીવલી (પ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ઈમેલ : kcm1927@yahoo.co.in

★★★

માનવજીવનની દુર્લભતા જાણીએ

શ્રીમદજીએ માનવજીવન પ્રાપ્તતા અંગે આ મુજબ ઉપદેશ આપતા જણાવ્યું છે.

''બહુ પુણ્ય કેરા પુંજથી આ માનવ ભવ મળ્યો તો યે ભવચક્રનો આંટો ન ટળ્યો.''

શાસ્ત્રના દશ દૃષ્ટાંતોથી માનવભવની દુર્લભતા સમજીએ.

(૧) ચુલાનું દૃષ્ટાંત : એક દરિદ્ર અને પાત્ર બ્રાહ્મણને રાજાએ કંઈપણ વચન માગવા માટે કહ્યું. પોતાની પત્નીની સલાહ લીધી. પત્નીની સલાહ મુજબ નગરીના પ્રત્યેક પરિવારને ત્યાં વારા ફરતી ભોજન સાથે દક્ષિણામાં એક સોનામહોર મળે તેવી ઈચ્છા વ્યક્ત કરી. ચુકવતી રાજવીના ખંડમાં ૯૬ કરોડ ગામમાં ચુલાદીઠ ભોજન અને એક સોનામહોરનું દાન માટે ચક્રવર્તી રાજવીએ ફરમાન કર્યુ.

પ્રથમ રાજવીને ત્યાં ભોજન અને એક સોનામહોરના દાનથી શરૂઆત કરી. આ ક્રમ મુજબ રાજવીને ત્યાં બીજી વાર ભોજન નો અવસર અશક્ય છે તે મુજબ માનવભવ મળવો દુર્લભ છે.

(૨) પાસાનું દૃષ્ટાંત : ચંદ્રગુપ્ત રાજાનો ભંડાર વધારવા માટે ચાણક્ય નામના એક ચતુર બ્રાહ્મણ એમને એક દેવની આરાધના કરી, દેવ પ્રસન્ન થયા અને ચાણક્યની ભાવના પૂરી કરવા દેવે એમણે દિવ્ય પાસાં આપ્યા. આ પાસાં વડે જે બાજી રમે તે સદા વિજયી બને તેવા ચમત્કારી પાસા હતાં.

આ પાસાં એક દરબારીને આપ્યા અને સોનામહોરનો ભરેલ થાળ આપ્યો અને નગરજનો સાથે બાજી રમવા માટે આજ્ઞા આપી. દરબારી સાથે બાજી ખેલનાર બાજી જીતે તો થાળ સાથે સઘળી સોનામહોર જીતનારની અને હારે તો હારનારે માત્ર એક સોના મહોર આપવી.

આ મુજબની ઉદાર અને લલચામણી શરતને કારણે હંમેશાં મોટી સંખ્યામાં બાજીગર દરબારી સાથે બાજી રમતા અને પ્રત્યેક બાજી દરબારીની તરફેણમાં આવતી આ યોજનાથી ચંદ્રગુપ્તના ખજાનામાં દિનપ્રતિદિન વધારો થવા લાગ્યો.

દરબારીના ભવ્ય પાસાંને કારણે પરાજય શક્ય ન હતો. આ રીતે માનવભવ પણ જાણવો.

(૩) ધાન્ય દૃષ્ટાંત : આ વિશ્વના બધા પ્રકારના ધાન્ય એકત્રિત કરવા આ વિશાળ ધાન્યમાં એક પાલી સરસવના દાણા ઉમેરવા અને એક સો વર્ષની આયુષી માજીને આ ઢગલામાથી પોતાનું આયુષ પૂરું થાય તે પહેલાં સરસવના બધા દાણા અલગ કરવાનું કાર્ય માજી માટે અશક્ય છે તેવું જ માનવજીવનનું ફરી પ્રાપ્ત કરવું દુર્લભ છે.

(૪) જુગારનું દૃષ્ટાંત : એક રાજવીને પુત્ર - પૌત્રનો વિશાળ પરિવાર હતો, રાજવીએ એક સમયે પોતાના બધા પરિવારને ભેગા કર્યા અને પોતાની સાથે જુગારમાં જે જીતશે તેને પોતાનો વારસદાર તરીકે માન્ય રાખશે અને રાજ્યની ગાદી તેને સોંપશે, પણ આ જુગારના એકસો આઠ દાવ સતત જીતવા જરૂરી છે. આ દાવમાં એકપણ દાવમાં પોતે વિજયી બને તો વારસદાર તરીકે બિનલાયક ગણાશે. રાજવીની આ શરત મુજબ સતત એકસો આઠ દાવ જીતવા દુર્લભ છે તેવુ જ માનવભવ પામવું દુર્લભ સમજવું.

(૫) રત્નનું દૃષ્ટાંત : એક શેઠ અતિ શ્રીમંત, શ્રીમંતાઈ વંશ પરંપરાગત વારસામાં મળી હતી. અને દરેક વારસદાર આ શ્રીમંતાઈ વધારતા જતા હતા. અતિ ધન સાચવવા માટે શેકે એમણે અતિ મૂલ્યવાન રત્નો ખરીદી કર્યાં. રત્નો સહિસલામત સાચવવામાં સરળ હતા.

શેઠ વધારે ધનપ્રાપ્તિ કરવા માટે વહાણમાં મોટા જથ્થામાં માલ ભરીને અન્ય રાજ્યના પ્રવાસ માટે ગયા અને મૂલ્યવાન રત્નોની જાળવણી અને સંભાળ માટે પુત્રને સોંપ્યા.

પુત્ર મહત્વકાંક્ષી હતો. અન્ય શ્રીમંતોના નિવાસસ્થાને કોટી ધ્વજ ફરતા હતા (કરોડાધિપતિના નિવાસે કોટી ધ્વજ ફરકાવાનો રિવાજ) પોતાના નિવાસસ્થાને આ કોટી ધ્વજ ફરકે એ માટે મૂલ્યવાન રત્નો જુદા જુદા ઝવેરીને વેચીને પોતે કરોડપતિ બન્યો અને કોટી ધ્વજ ફરકાવવાની ઈચ્છા પૂરી કરી.

પિતા લાંબા સમય બાદ પરત આવ્યા. પુત્રની હરકત જાણી દુઃખી થયા. આ રત્નો પરત મેળવવા દુર્લભ હતાં આવું જ માનવભવનું સમજવું.

(૬)સ્વપ્નનું દૃષ્ટાંત : મુળદેવ અને તેનો મિત્ર ઉજેનનગરી ના એક નાની કોટડીમાં સૂતા હતા. બન્નેએ એકસમાન સ્વપ્ન જોયું. બંનેએ પૂનમના ચંદ્રનું પાન ક્યું. સ્વપ્ન વહેલી સવારનું હતું. મુળદેવ જાગૃત થયો. નવકાર મંત્રની આરાધના કરી અને સ્વપ્ન પાઠકના નિવાસસ્થાને ગયો. ભારે વિવેક-વિનય અને સન્માન ભાવે વંદન કર્યા. સ્વપ્નની જાણકારી આપીને આ સ્વપ્નનું રહસ્ય જણાવવા પ્રાર્થના કરી. સ્વપ્ન પાઠક જ્ઞાનિ હતા. સ્વપ્નનું રહસ્ય જાહેર કરતા પહેલા પોતાની સ્વરૂપવાન અને સંસ્કારી પુત્રીના લગ્નનું વચન માંગ્યું. મુળદેવ સહમત થયા. સ્વપ્નના રહસ્ય મુજબ

સાત દિવસમાં મુળદેવ રાજનો લાભાર્થી થશે અને તે મુજબ મુળદેવ રાજ્યનો માલિક થયો.

તેનો મિત્ર જાગૃત થયો. નવકારમંત્ર બોલ્યો કે ન ઈશ્વરની સ્તુતિ કરી અને શુકનવંતા સ્વપ્નના ફળ જાણવાની અધિરાઈથી સ્વપ્ન પાઠક પાસે દોડી ગયો, બાવરો બનીને કોઈ પણ વિવેક દાખવ્યા વિના સ્વપ્નના રહસ્ય જાણવા અલ્પજ્ઞાની એવા અન્ય ગુરુને પૃચ્છા કરી. પ્રત્યુતરમાં જણાવ્યું તેને હંમેશાં ઉત્તમ ભોજનનો લાભ થશે.

થોડા દિવસ બાદ આ મિત્રને અને મુળદેવને સમાન સ્વપ્ન હતું છતાં બન્નેના ફળમાં તફાવત કેમ? આ સમસ્યાના ઉકેલ માટે જ્ઞાની ગુરુદેવને પૃચ્છા કરી, પ્રત્યુત્તર મળ્યો સ્વપ્ન બાદ મિત્રએ વિધિ પૂર્વક ધર્મની આરાધના ન કરતા તેના સ્વપ્નના ફળમાં આ પ્રકારનું પરિવર્તન થયું. હવે ફરી આ સ્વપ્ન આવે તેવી અપેક્ષા રાખે છે જે દુર્લભ છે. આવુ જ માનવભવનું સમજવું.

(૭) રાધાવેધનું દૃષ્ટાંત : એક સ્તંભના ઉપર આઠ ચક્ર સતત ફરે છે. પ્રત્યેક ચક્રમાં આઠ - આઠ આરા છે. ચાર ચક્રો પૂર્વ દિશામાં અને ચાર ચક્રો પશ્ચિમ દિશામાં ફરે છે.

સ્તંભના છેડા પર લાકડાની પૂતળી છે. આ પુતળી પૂર્વ દિશામાં ફરે છે. હવે આ પૂતળીની ડાબી આંખ વિંધવાની છે તે પણ નીચે જળના મોટા કુંડામાં પડતા પ્રતિબીંબને જોઈને. ડાબી આંખ બાણથી વિંધવાની છે. આ સિદ્ધિ જેટલી દુર્લભ અને અશક્ય છે તેવું જ વારંવાર માનવભવની પ્રાપ્તિ દુર્લભ અને અશક્ય છે.

(૮)કર્મનું દૃષ્ટાંત :એક વિશાળ તળાવની સમગ્ર સપાટી લીલ થી છવાઈ ગઈ હતી. આ તળાવમાં ઘણા કાચબા રહેતા હતા, એકદા પવનના ઝાપટાથી શેવાળ ખસી જતા કાચબાએ પાણી બહાર ડોક લંબાવી, રાત્રીનો સમય અને તે દિવસે પૂનમ હતી, કાચબાએ આકાશમાં ભવ્ય થાળી જેવો ગોળ ચંદ્ર જોયો સાથે આકાશમાં ચમકતા અનેક તારામંડળ જોયા. આવો ભવ્ય નજરો કાચબાએ પ્રથમ જ જોયેલો. પોતાના જાતભાઈઓને આ નજારાના દર્શન થાય તેવા ભાવથી અન્ય કાચબા પાસે ગયો અને ભવ્ય નજરાણા માટે બધાને તે સ્થળ પર ભેગા કર્યા, આ સમય દરમિયાન હવાની લહેરથી સેવાળ ફરીને એક થઈ ગયો. ચંદ્ર તારાના દર્શનથી સૌ વંચિત રહ્યા. આવું જ માનવભવની દુર્લભતા છે. માનવભવની તક ભાગ્યે અનંતાકાળે મળે છે.

(૯) યુગસમીલાનું દૃષ્ટાંત : વિશાળ લવણ સમુદ્રમાં વિદ્યાધર પૂર્વ દિશામાં લાકડાની ખીલી તરતી મૂકે. દિશામાં તરતું તરતું ધોસરુ આગળ વધે છે અને લાકડાની ખીલી પશ્ચિમ દિશામાં આગળ વધે છે. વિશાળ સમુદ્રમાં ધોસરુ અને ખીલી ભેગા થાય અને ધોસરામાં ખીલી ગોઠવાઈ જાય તે જેમ દુર્લભ છે તેવું વારંવાર માનવજીવનનું મળવું દુર્લભ છે.

(૧૦) પરમાણુંનું દૃષ્ટાંત : કોઈ વિદ્યાધર મોટા પથ્થરના સંતજનો અતિ જીણો લોટ જેવો ભુક્કો કરે, આ ભુક્કો નળીમાં ભરે અને ઊંચા પર્વત ઉપરની સખત હવાની લહેરમાં ચારે દિશામાં ફેંકી દે. હવે આ ચૂરો એકત્રિત કરવો, આ ચૂરાનો ફરી સ્તંભ બનાવવો એ અશક્ય છે તેવીજ માનવભવ માટે સમજવું.

ઉપરના દૃષ્ટાંતો શાસ્ત્રીય છે. સંતોના પ્રવચનમાં પ્રસંગોપાત આ દૃષ્ટાંતો શ્રવણનો લાભ જિજ્ઞાસુને મળ્યો હશે.

પ્રભુવીરના આત્માનો પ્રથમ માનવભવ (સમકિત ભવ મુજબ ગણતરીના સંદર્ભમાં) નયસાર સુતાર સંતો પ્રત્યે અતિ ભક્તિભાવ આવા ગુણધારી પ્રભુવીરના વિસભવનો અનંતાકાળ ના પરિભ્રમણમાં નારકી - ત્રિયંચ - દેવ અને માનવભવમાં આત્માના પરિભ્રમણ બાદ અંતે આત્મા પંચમગતિનો અધિકારી બને છે.

અતિ દુર્લભ માનવભવનો લાભાર્થીના ભવમાં પણ કેટલીક દુર્લભતા છે. તે અવસરે...

❑❑❑

ડી. એમ. ગોંડલિયા

★★★

આ જીવનનું મોટામાં મોટું રહસ્ય : મૃત્યુ !

આપણા જન્મ સાથે જ મૃત્યુનો પ્રારંભ થઈ જાય છે. કેમકે મૃત્યુ ક્યારે આવશે એની આપણને ખબર નથી. આપણો જન્મ શ્વાસ સાથે થાય છે અને મૃત્યુ શ્વાસ બંધ પડી જાય છે ત્યારે. માનવને મોતનો ભય લાગે છે. જ્યારે કોઈ આપણી સાથે નથી હોતું ત્યારે આપણા એકલાપણને કારણે ભય લાગે છે. જ્યારે મોત તો આપણી સાથે જ રહે છે તો એનો ભય લાગવો ન જોઈએ. જો મોત આપણા જીવન સાથે જોડાયેલું હોય તો એનાથી ભયભીત થવાની શું જરૂર છે? આપણે મોતનો ભય છોડી દેવો જોઈએ. કેમકે એ જીવનનુ અભિન્ન અંગ છે. કેમકે એક એક દિવસ મૃત્યુ આવવાનું જ છે, એટલે મૃત્યુ સાથે લડવાને બદલે એનો સહર્ષ સ્વીકાર કરી લેવો જોઈએ. જે માનવ મૃત્યુનો સ્વીકાર કરી લે છે. એ સુખી અને જીવનમાં સફળ થાય છે. જો હસતા હસતા મૃત્યુનો સ્વીકાર કરી લેશું તો એ મૃત્યુ મહોત્સવ બની જશે. એટલે જ કવિ કહે છે કે જો જીના હૈ તો મરના સીખો, મરીને જીવે છે ઈન્સાન, મૃત્યુથી ભાગવા કરતાં એનો સહર્ષ સ્વીકાર કરો.

આપણું જીવન ત્યારે જીવન બની શકે જો આપણા જીવનની અંતિમ ઘટના પણ જીવંત બને. જૈન ધર્મમાં જેવી રીતે મૃત્યુના ગુણગાન ગવાય છે એવા કયાંય પણ ગવાયા નથી. કેમકે અન્ય સંસ્કૃતિઓમાં મૃત્યુને અપશુકન કહેવાયું છે, માનવામાં આવે છે. કેમકે એ સંસ્કૃતિના લોકો એ મૃત્યુ શબ્દને સાંભળવા માગતા નથી. મૃત્યુ શબ્દથી અણગમો છે. જેને સંસારની માન્યતાઓ અપશુકન

માને છે અને જૈન ધર્મે એનો મહિમા ગાયો છે એને જૈન ધર્મમાં સ્પષ્ટ રૂપથી કહેવામાં આવે છે કે જીવન એક પહેલી છે તો મૃત્યુ એનું સમાધાન છે.

આપણા જીવનનું રહસ્ય મૃત્યુમાં છુપાયેલું છે એટલે સાધક આત્માઓને કહેવામાં આવે છે કે મૃત્યુને આત્મસાત કરજો. આપણું જીવન વૃક્ષ હોય તો એ વૃક્ષ ઉપર ખીલેલું ફૂલ મૃત્યુ છે. ભલે પછી કોઈ પરંપરાએ એનો સ્વીકાર ન કર્યો હોય. પરંતુ એમાં રહસ્ય છુપાયેલું છે. જે મહાપુરુષો થયા છે એમણે મૃત્યુનો સ્વીકાર કર્યો છે. ખુશીથી જે ક્યારે પણ મૃત્યુથી ભયભીત થયા નથી. હસતા હસતા ઝેર પી લીધું છે એવા જ લોકો મહાપુરુષ બની શકે. આ પદ્ધતિ જીવનને સુખી બનાવવાની પદ્ધતિ છે. જ્યાં સુધી મૃત્યુનો સ્વીકાર નહિ કરીએ ત્યાં સુધી આપણે સુખી થવાના નથી. જીવનનો આનંદ લઈ નહિ શકીએ. મૃત્યુનો ડર ખત્મ થવાથી જે ખુશીની લહેર ઊઠે છે એનું વર્ણન કરવું અશક્ય છે. મૃત્યુનો ખોફ સમાપ્ત થવાથી, માનવની રાહોમાં કોઈ મુશ્કેલી કે રુકાવટ આવતી નથી. જે તરફ પગલા માંડે છે કે જે કામમાં કાર્યરત થાય છે એમાં સફળતા જ મળે છે. મૃત્યુ એવી ઘટના છે જે જીવન સાથે જોડાયેલી છે.

જે આપણા જીવન સાથે જોડાયેલી છે એનાથી ભયભીત થવાની શું જરૂરત છે? આપણા મોઢામાંથી શબ્દો સરી પડે છે, ન બનવાનું બની ગયું. મૃત્યુ તો એક દિવસ આવવાનું જ હતુ એ અસાર સંસારનું અટલ સત્ય છે જેને આપણે ન બનવાની ઘટના બનાવી દીધી છે, એના માટે કોઈ સીમા કે મર્યાદા નથી, કે કોઈ શક્તિ નથી જેને કોઈ અટકાવી શકે. એ એક અભિન્ન ઘટના છે જે થવાની જ છે. આપણે એનાથી બચવાની કોશિશ કરીએ છીએ પણ કોઈ શક્તિ બચાવી શકતી નથી. એક દૃષ્ટાંત જોઈએ.

એક ભિખારી એક શ્રીમંત શેઠિયાને કાંઈક ખાવાનું આપો એવી આજીજી કરે છે. એ ભાઈ બહુ જ હટ્ટોકટ્ટો હતો. એટલે એ શ્રીમંતે કહ્યું. આટલો મોટો હટ્ટોકટ્ટો થઈને ભીખ માગે છે. કાંઈ કામ, મહેનત મજૂરી કરીને ખા. એ ભિક્ષુક બોલ્યો ''હું ત્રણ દિવસનો ભૂખ્યો છું. મારામાં કામ કરવાની શક્તિ નથી. જો આપ મને પેટ ભરીને આપશો તો મારામાં શક્તિ આવશે એ પછી હું ભીખ નહિ માગું. મજૂરી કરીને આવીશ પણ આજે મને પ્રેમથી ખવડાવો'' એ શ્રીમંત ભાઈ બોલ્યો ''તારા જેવા ભીખ માગનારા રોજ દસ જણ આવે છે. તારો બાપ મારી પાસે કોઈ મૂડી રાખીને ગયો નથી કે હું તને ખવડાવું. એ ભિક્ષુક બોલ્યો ''મારા બાપને લાવવાનું કારણ શું? મારો બિચારો બાપ, ભૂખે મરીને મર્યો.'' એ શ્રીમંતે કહ્યું ''તું પણ તારા બાપની જેમ મર.'' એ ભિક્ષુકે કુદુઆઓ આપી ''તું પણ મારા બાપની જેમ મરીશ.'' આ બદ દુઆઓથી એ ભયભીત થઈ ગયો. એટલે ખાધા પીધા વગર સુરક્ષિત જગ્યા શોધવા લાગ્યો. એક મેદાનમાં એક ક્રેન પડી હતી. એના ઉપર ચડી ગયો જેથી એ બચી જાય. જેવો એ ક્રેન ઉપર ચડયો કે કટાયેલી ક્રેન તૂટી પડી અને એ મૃત્યુ પામ્યો, ખાધા-પીધા વગર.

❑❑❑

રવિલાલ વોરા
૧૯, સાગર મંથન, સેક્ટર ૩
ચારકોપ, મુંબઈ - ૪૦૦૦૬૭
સંપર્ક : ૯૨૨૦૫૭૦૮૪૬

★★★

'અહિંસા'માં જ વિશ્વ શાન્તિનું બીજ રોપાયેલું છે

''અહિંસા''-અહિંસા જગમે સબ કહે
''અહિંસા'' ન જાને જગમે કોઈ !
''અહિંસા'' અર્થ જબ જાણ લીયો
'પ્યારે' હિંસા ન કરે જગમે હોય !!

સમગ્ર સૃષ્ટિના ઉત્ક્રાંતિ કાળથી, સમગ્ર સૃષ્ટિના પટ ઉપર, સમગ્ર જીવસૃષ્ટિ વચ્ચે, પૂર્વ ભવોના કર્મનુસાર હિંસાનું એક ભયંકર તાંડવ ખેલાઈ રહ્યું છે. પાષાણ કાળથી, આજપર્યંત, પોતાનો જીવ ટકાવવા અથવા પરિગ્રહના પોટલા બાંધવા, સંહાર માટેની ભયંકર શસ્ત્રદોટ ચાલી રહી છે, તેમાં આધુનિક જીવન ધોરણની ઘેલછા, માનવ-માનવ વચ્ચેનો ઈર્ષ્યાભાવ. દેશ-દેશની સીમાઓ ઉપરનું અતિક્રમણ, સાથે-સાથે વિશેષ ને વિશેષ નિંદનીય છે તેવો રાજકીય નેતાઓનો બની બેઠેલા તાનાશાહીનો અહમ, અરસ-પરસમાં સર્જાયેલું અવિશ્વાસનું વાતાવરણ, સમગ્ર વિશ્વમાં ત્રીજા ભયંકર વિશ્વયુદ્ધનો ભય પમાડી રહેલ છે. સમગ્ર મનુષ્ય સૃષ્ટિ સાથે વિશ્વની તમામ નિર્દોષ જીવસૃષ્ટિ ભયંકર ભયના ઓછાયા નીચે જીવી રહી છે, જે જગતના શિક્ષિત કહેવાતા નેતાઓ માટે એક ઘણી જ મોટી શરમની વાત છે, હકીકત છે.

આ ભયના વાતાવરણના સર્જનનું મૂળ કારણ અજ્ઞાનતા, અસમાનતા અને અસહિષ્ણુતા સાથે ભયંકર ગરીબી, માનવ-માનવ વચ્ચેની ઊંચ-નીચની દોરાયેલી ભેદરેખા અને સત્તા મેળવવા - શહેનશાહ બનવા માટેની વિશ્વના કહેવાતા નેતાઓની ગાંડી ઘેલછા અને તે કારણે ઉત્પન્ન થયેલો આતંકવાદનો કાળો ભયંકર ભોરીંગ. દેશ-દેશની સીમાઓ ઉલ્લંઘવાના ખોટા પ્રયાસો, સમગ્ર જીવસૃષ્ટિના નિર્દોષ મનુષ્યો ઉપર તથા અબોલ જીવસૃષ્ટિનો નિશદિન થતો સંહાર, ભયંકર સ્વરૂપ ધારણા કરી ચૂક્યો છે. સત્તા કબજે કરવાના મેલા મનસુબા - ગાંડી હરીફાઈના કારણે ભયંકર શસ્ત્ર ઉત્પાદન માટે વપરાતું ધન વિકાસના બદલે વિનાશ તરફ, જીવસૃષ્ટિને ધકેલી રહ્યું હોય તેવું દરેક અનુભવે છે.

આવા ભયંકર સમયે, કાળા ડિબાંગ વાદળ વચ્ચે રૂપેરી કોર સમાન, જૈન ધર્મના પાયાના મુખ્ય સિદ્ધાંતો, અહિંસા-અપરિગ્રહ, સમગ્ર વિશ્વમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવા - પ્રસરાવવા કેપેબલ છે તેવું વિશ્વના સમજુ - શાણા અને શાન્તિના ચાહક તેવા નેતાઓ અનુભવવા લાગ્યા છે જે ઘણા જ આનંદ સાથે ગૌરવની વાત છે.

''અહિંસા'' શબ્દમાં રહેલો પહેલો અક્ષર ''અ'' એ જ નકારાત્મક દૃષ્ટિકોણ તરફ અંગુલીનિર્દેષ કરે છે 'અ' એટલે નહીં. તમે હિંસા કરો નહિ. કોઈને મારો નહીં. અહિંસા જેવા અનેક શબ્દો ''અ''માં રહેલા નકારાત્મક ભાવનું નિર્દેશ કરે છે જેવા કે ભદ્ર-અભદ્ર, શિક્ષિત-અશિક્ષિત, શબ્દ-અશબ્દ, વ્યવહારુ - અવ્યવહારુ, સંસ્કારી - અસંસ્કારી, જ્ઞાની-અજ્ઞાની વિ. શબ્દોમાં અહીં શબ્દનું બળ ઘટાડે છે, ત્યારે તે જ ''અ'' અક્ષર હિંસા-અહિંસા જય-અજય જેવા શબ્દોમાં રહેલો 'અ' શબ્દમાં રહેલી તાકાત માં અનેક ગણો વધારો કરે છે. તેથી જ કહેવામાં આવે છે કે ''અ'' અક્ષરમાં હકારાત્મક અને નકારાત્મક ભાવ કયા શબ્દ સાથે જોડાય છે તેજ જ તેનું ગુણાંકન કરી શકે.

આપણા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ''અહિંસા'' શબ્દના સહારે જ, સશક્ત - લાખો બ્રિટિશ સેનાનીઓ વચ્ચે નિઃશસ્ત્ર શબ્દ અહિંસાના શસ્ત્ર વડે જ આઝાદી અપાવી છે ને?

''અહિંસા''ના સહારે મળેલી ભારત દેશની આઝાદીએ સમગ્ર વિશ્વમાં ''અહિંસા''માં રહેલી તાકાતના દર્શન કરાવ્યા છે અને સર્વે ચકિતમાન થયા છે. ''અહિંસા પરમો ધર્મ''નો અર્થ હવે જગતના લોકો સારી રીતે સમજવા લાગ્યા છે.

વિશ્વમાં અનેક ધર્મો છે તેમાં દાનના અનેક પ્રકારો છે, જેવા કે અન્નદાન, વિદ્યાદાન, રક્તદાન, ચક્ષુદાન, દેહદાન વિ. પણ તેમાં જૈનધર્મમાં રહેલો શબ્દ ''અભયદાન'' ઘણો જ ઊંચો છે. જેમાં એક જીવ-બીજા જીવને નહિ મારવાનું વચન આપે છે. અભયદાન એટલે વિશ્વનું સૌથી મોટુ દાન. અભયદાન, માનવ-માનવ વચ્ચે સમગ્ર જીવસૃષ્ટિ વચ્ચે જ્ઞાનમનો સેતૂ બની રહે છે. સમગ્ર વિશ્વમાં રહેલા હિંસાના ભાવને વેર-ઝેરથી નિર્મૂળ કરી શકે છે.

વિશ્વમાં ફેલાઈ ગયેલા આતંકવાદને પહેલા સખતાઈથી નેસ્તનાબૂદ કરવો જરૂરી છે અને સાથે-સાથે જૈન ધર્મમાં પાયાના જે સિદ્ધાંતો છે તેનું જીવનમાં અને વ્યવહારમાં આચરણ કરવાનું જે દિવસે માનવ શરૂ કરશે તે દિવસે સમસ્ત સૃષ્ટિ ઉપર રહેલી જીવસૃષ્ટિ, સુખ-ચેન અને પ્રેમભર્યું, લાગણીભર્યું જીવન જીવવા કટિબદ્ધ બની જશે અને તે સોનેરી સૂચક શબ્દો છે. ''અહિંસા'' અને ''અભયદાન'' જેનું સમગ્ર વિશ્વના લોકોએ જીવનભર પાલન કરવું અતિઆવશ્યક બની રહેશે.

જીવો અને જીવવા દો

''અહિંસા'' એ જ અમારો નારો

સમગ્ર સૃષ્ટિના પર ઉપર ગુંજતો થાય તે જ સમગ્ર જીવસૃષ્ટિની મહેચ્છા - આશા.

'અહિંસા' પરમો ધર્મઃ

❑❑❑

જયકાન્ત એસ. ઘેલાણી
એ/૨૯ બદ્રીનાથ એપાર્ટમેન્ટ,
સિંપોલી રોડ, સોનીવાડી પાસે,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
સંપર્ક : ૯૮૧૯૦ ૩૮૩૨૩

★★★

વિહારયાત્રા સલામત યાત્રા માટે શું ?

દરેક ધર્મમાં તેમનાં તીર્થની પદયાત્રા -તીર્થયાત્રા દર્શન કરવા જવાનું અને તેમાં સમૂહમાં જવાનું ખૂબ જ મહત્ત્વ છે જેના કારણે દરેક મોટી સંખ્યામાં પોતાની તીર્થયાત્રાએ જાય છે. ગરીબો, ખેડૂતો, આદિવાસીઓ મોટા ભાગે આર્થિક કારણોસર પેદલ જતા આવતા હોય છે. સુખી લોકો આરોગ્યના રક્ષણ માટે મોર્નિંગ વોક કરતા હોય છે જેથી દરેકની સલામતી માટે રોડની બંને બાજુ પગદંડી માર્ગ સૌના હિતમાં છે. હાઈવેરોડ થતાં કાચા રસ્તાઓ મોટા ભાગે રહ્યા નથી. ઈચ્છાપૂર્વક કોઈ અકસ્માત કરી ભાગી જાય ત્યારે વિહારયાત્રા અકસ્માતયાત્રા અંતિમયાત્રા બની જતી હોય છે. નિર્દોષ વ્યક્તિ અકાળે ચીસો પાડતો રીબાતો રીબાતો મરી જાય છે અથવા ઘાયલ થાય છે આવું દૃશ્ય જોનારા વૃદ્ધો, અપંગો, ડરપોક લોકો રસ્તામાં ચાલતાં ચાલતાં ખૂબ ગભરાય છે માટે આ પ્રશ્નનો કાયમી ઉકેલ આવે તે માટે સૌએ સાથે મળી પ્રયત્નો કરવાની જરૂર છે અને તે માટે કેન્દ્ર તથા રાજ્યના લાગતા વળગતા પ્રધાનો તથા અધિકારીઓ સમક્ષ વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆત કરતા રહેવું જોઈએ.

જૈન સાધુ-સાધ્વીજી મ.સા. પંચમહાવ્રતધારી, પરોપકારી, વિશ્વવંદનીય મહાન સંત-મહંત છે. તે રાષ્ટ્ર અને દરેક સમાજ માટે પ્રેરણામૂર્તિ છે. ગમે ત્યાં ગમે ત્યારે કોઈ તકલીફ આવે ત્યારે તેમની પ્રેરણા-ઉપદેશથી લાખો રૂપિયા દયા-દાન-સેવા માટે ભેગા થતા હોય છે અને તે કોઈ પણ જાતની શરત કે સ્વાર્થ વગર, કોઈ પણ જાતના ભેદભાવ કે પક્ષપાત વિના સૌના કલ્યાણમાં વાપરવામાં આવે છે. પોતે ભારતીય સંસ્કૃતિ-સંસ્કારો અને પર્યાવરણના રક્ષકો પ્રચારકો છે. માનવીની દીક્ષા અને દશા બદલવાનું પોતે તકલીફો સહન કરી મફતમાં જબરજસ્ત કાર્ય કરે છે જેથી સાધુ-સંતો રાષ્ટ્રની અમૂલ્ય સંપત્તિ છે માટે જ આવા સાધુસંતોનું રક્ષણ કરવું આપણા સૌના હિતમાં છે. માનવતાની દૃષ્ટિએ આપણી સૌની પવિત્ર ફરજ છે. સાધુ-સાધ્વીજી ભગવંતોની વિહાર સુરક્ષા માટે ઉપરનું મેટર

ઉપરાંત જૈન સાધુ જીવન પરિચય તેમના ફોટા સાથે રેડીયમ ફ્લેક્ષ કલરિંગ ફ્રેમીંગ બોર્ડ બનાવી હાઈવે ઉપર તથા પેટ્રોલ પંપો તેમ જ હોટલો ઉપર દરેકનું ધ્યાન જાય તે રીતે મુકાવાં જોઈએ. વીડિયો તૈયાર કરાવી વોટ્સ એપ ગ્રુપોમાં ફરતા કરાય.

જૈન ધર્મગુરુઓ જંગમતીર્થ છે. જૈનોના દરેક ફિરકાના સાધુ સંતો વર્તમાનમાં પણ પાદવિહાર કરે છે માટે તેમની જેટલી ગોચરી પાણી વહોરાવવાની કાળજી રાખીએ છીએ તેનાથી વધુ તેમની સુરક્ષાની તેમને સાતા મળે તેની કાળજી રાખવાની છે. સાધુ-સંતોની સુરક્ષા એટલે સદાચાર-સુસંસ્કારોની સુરક્ષા. સાધુ-સંતોની સુરક્ષા એટલે ધર્મની સુરક્ષા આ વાત લક્ષમાં રાખી ગામે ગામ વિહાર ગ્રુપો શરૂ થાય અને તેમાં દરેક જોડાય. પાદવિહારી સાધુ-સંતોના સામાનની હેરાફેરી માટે રસ્તામાં કોઈ તકલીફ ઊભી થાય ત્યારે મદદરૂપ થવા વિહારવાહીની પણ શરૂ કરવા જેવી છે. જેમાં પ્રાથમિક સારવારનાં સાધનો, દવાઓ તેમ જ ગોચરી-પાણીની વ્યવસ્થા કરાય. ગામ વસ્તી ગામડાં ખાલી કરી હાઈવે તરફ તેમ જ શહેરોમાં જતાં હાઈવે ઉપરના વિહારો અનિવાર્ય બની ગયા છે જેથી હાઈવે ઉપરની વિહારયાત્રા મૃત્યુયાત્રા-વિચારયાત્રા બિનસલામતયાત્રા બની ગઈ છે. નૂતન પૂ. સાધૂ ભગવંતો પૂ. સાધ્વીજી મ.સા. વિહાર કરતાં ગભરાય તેવી પરિસ્થિતિ છે. કારણ આપણે ઘણાં જ નિર્દોષ સાધુ-સાધ્વીજી મ.સા. ગુમાવ્યાં છે. કેટલાય અપંગ થતાં વિહાર કરી શકતાં નથી. ખૂબ જ હેરાન થાય છે જેથી કઈ જગ્યાએ શાથી જૈન સાધુ-સાધ્વીજી મ.સા. ના જ અકસ્માતો વધુ થાય છે? તેમાં કોણ કોણ કઈ કઈ રીતે જવાબદાર છે? તેની પાછળ કોનો હાથ છે? તેની તપાસ કરાવવા જેવી છે અને ગુનેગારો ઉપર દયા રાખ્યા વિના વધુમાં વધુ સજા દંડ થાય તેવા પ્રયત્નો દરેકે કરવા જોઈએ. ગુનેગારો પકડાય નહીં તેને સજા દંડ થાય નહીં ત્યાં સુધી શાન્ત બેસી રહેવું જોઈએ નહીં.

દરેક જૈન સંપ્રદાયના અનેક પૂજ્યોની પ્રેરણાથી ચાલતાં-સમાચારપત્રોમાં જૈન શાસન-જૈન સંઘ-જૈન પૂજ્યોના સર્વમાન્ય આવા જે જે પ્રશ્નો હોય તેની પરસ્પર મળી ચર્ચાઓ કરી તેમનાં સમાચારપત્રોમાં તે લેખો છપાય, દરેક પૂજ્યો વ્યાખ્યાનમાં તે બાબત માર્ગદર્શન આપે તો ઘણા પ્રશ્નોનો કાયમી સંતોષકારક ઉકેલ આવી જાય. દરેક ડોળી, વ્હીલચેર, પૂજ્યો દેખાય તે માટે વિવિધ રંગના રેડીઅમ પટ્ટા લગાડવામાં આવે. તેમ જ ડોળી, વ્હીલચેર સાથે આવેલ સાઈકલ આગળ પાછળ જૈન પ્રતિક, જૈન ધ્વજ રખાય તેની આસપાસ પણ વિવિધ રંગના રેડીઅમ પટ્ટા લગાડવામાં આવે. દરેક ઉપાશ્રયોમાં આવી સમિતિઓના સભ્યોનાં સરનામા, મોબાઈલ નંબર લખવા જોઈએ.

વિહારમાં રાખેલ માણસોના તથા સમિતિના સભ્યોનો જીવન વીમો તથા અકસ્માત વીમો ઉતરાવવો જોઈએ. તેમની સહાય માટે તેમ જ કોર્ટમાં કેસ લડવા માટે મોટું ફંડ કરી રાખવું જોઈએ. આવા કેસોના અનુભવી વકીલો ફીક્સ રાખવા જોઈએ. દરેકની પાસે હાથ બત્તી હોવી જોઈએ. કેમેરા અથવા મોબાઈલ હોવો જોઈએ જેથી અકસ્માત કરનાર ડ્રાઈવરનો વાહન સાથે ફોટો પાડી તેમ જ જેમનો અકસ્માત થયો હોય તેમનો ફોટો પાડી તેમનું નામ પરિચય સાથે બધે જ વોટ્સ એપ ફરતા કરાય. નજીકના પોલીસ સ્ટેશનમાં, દરેક સંઘોને પ્રચાર માધ્યમો સાથે સંકળાયેલ વ્યક્તિઓને જાણ કરી કેસ દાખલ કરાય ત્યાં પૂજ્ય ગુરુ ભગવંતો ઉનાળામાં નવકારસી કરીને નીકળે તો કેટલી બધી ગરમી હોય, આવા સમયે ઉનાળામાં મોડા વાપર્યા વિનાં કે વાપરી વિહાર કરે તો તરસ ખૂબ લાગે, લૂ લાગે, બીમાર પડી જવાય. જ્યાં જવાનું છે ત્યાં નવકારસીના સમય પહેલાં પહોંચવું પડે તો જ ત્યાંના લોકોને ખ્યાલ આવે. પાણી ઉકાળી ઠાળી વહોરવા તેડવા આવે. પાકા ડામર રોડ થતાં ઉનાળામાં ગરમીમાં ખુલ્લા પગે ચાલી જુઓ પછી ક્યારે વિહાર કરવો તમારા અનુભવનું વર્ણન કરશો એટલે વિહાર ક્યારે કરવો તે સમજાશે. પૂજ્ય ગુરુ ભગવંતોને તો પોતાનો અનુભવ અને જૈન શાસ્ત્રોનું જ્ઞાન છે. ડોળી -વ્હીલચેર તેમ જ જૈન સંસ્થામાં જે વ્યક્તિઓને નોકરી રખાય તેમનાં આધારકાર્ડની ઓછામાં ઓછી બે ઝેરોક્ષ કોપી, બે ફોટા, બે બાયોડેટા, હાલનું સરનામું, મોબાઈલ નંબર તેમ જ કેટલીક શરતો નક્કી કરી લેખિત કરાર કરાય, તેમાં તેમનું મોસાળનું-સાસરીનું સરનામું પણ લખી લેવાય જેથી નુકસાન કરી ભાગી જાય તો તેને પકડવો સરળ બની જાય. તીર્થો અને પૂજ્યોની સુરક્ષા માટે દરેક તીર્થોમાં શ્રમણવિહાર, શ્રમણી વિહાર, મુમુક્ષ તાલીમ શાળા, અધ્યાપક તૈયાર કરે તેવી નિવાસી પાઠશાળા હોવી જોઈએ જેથી જૈનોના દરેક તીર્થોમાં અવરજવર રહે અને તીર્થમાં આવક વધે. ગૌશાળા -પાંજરાપોળ માટે લઘુમતીના મળતા લાભનો ઉપયોગ કરી લાભ લઈ લેવાય.

❑❑❑

પારસભાઈ પ્રવીણચંદ્ર મહેતા
ઈશીતા પાર્ક, બિલ્ડીંગ નં. ૩,
પહેલે માળે, ફ્લેટ નં. ૧૦૩/૧૦૪
દીપા કોમ્પલેક્ષ સામેની ગલીમાં,
અડાજણ પાટીઆ, મું. સુરત - ૩૯૫૦૦૯
સંપર્ક : ૯૮૨૫૧ ૭૧૭૯૯ / ૭૯૮૪૧૪૩૯૮૭

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.
સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

યુગદ્રષ્ટા યોગનિષ્ઠનો જ્ઞાનવૈભવ

ડૉ. ઉત્પલા કાન્તિલાલ મોદી

યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની ભવ્ય પ્રતિભા અને શ્રુતવૈભવ દર્શાવતો વિરાટ આ લેખ ''યુગદષ્ટા યોગનિષ્ઠનો જ્ઞાનવૈભવ'' નો ભાવ પ્રતિભાવ લખવા મને વિનંતી કરવામાં આવી ત્યારે મને ખૂબ જ આનંદ થયો. મારા સદ્દભાગ્ય છે આ નિમિત્તે મને આચાર્યશ્રી વિષે વધુ ને વધુ રસપ્રદ માહિતી વિષે જાણવા અને માણવા મળ્યું.

'યુગદષ્ટા યોગનિષ્ઠનો જ્ઞાનવૈભવ'નાં લેખિકા ડૉ. રેણુકા જિનેન્દ્ર પોરવાલ છે જેઓએ જૈનધર્મના વિષય પર પી.એચ.ડી. કર્યું છે. તેમણે 'યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ પર મહાનિબંધ લખી પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. ડૉ. રેણુકાબહેને શ્રીમદ્નો ઊંડો અભ્યાસ કરેલ છે. મને ગર્વ છે અને હું હર્ષની લાગણી અનુભવી રહી છું કે રેણુકાબહેન જેઓ મારા મુંબઈ વિદ્યાપીઠનાં સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ ઈન જૈનોલોજીના વિદ્યાર્થિની છે, પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરીને પછી પણ અવિરત અધ્યયન, અભ્યાસ, ચિંતન અને મનન એમનું હજી પણ ચાલુ જ છે.

આ પુસ્તક ૪૯૬ પાનાંનું છે, જેના પ્રકાશક શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ છે. સૌપ્રથમ તો પુસ્તકનું મુખપૃષ્ઠ જોઈને જ મન પ્રફુલ્લિત થઈ જાય છે. જેમાં શ્રીમદ્જી ગ્રંથ વાંચતા અને દીપક જે જ્ઞાન, પ્રકાશનું પ્રતીક છે તેનું મુખપૃષ્ઠ જોતાં આપણને એમ જ પ્રતીતિ થાય કે હમણાં જ યુગદષ્ટા, યોગનિષ્ઠ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વર મહારાજ બહાર આવશે અને આપણને જ્ઞાનનો આસ્વાદ કરાવશે.

શ્રી મહુડી જૈન તીર્થના પ્રણેતા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના હસ્તાક્ષર અને એમણે લખેલ અદ્ભુત 'ભવિષ્યવાણી-૨' નામનું એક કાવ્ય, ભજન સંગ્રહ ભાગ-૧ માં આપ્યું છે, એમાં તેમણે કરેલી ભવિષ્યવાણી આજે સાચી ઠરે છે.

આ પુસ્તક કુલ નવ પ્રકરણમાં વહેંચાયેલું છે. પહેલા પ્રકરણમાં યુગની ભૂમિકા અને જૈન સાહિત્ય પર પ્રકાશ પાડે છે. પ્રકરણ બીજામાં આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના જીવનની રૂપરેખા, જન્મ, સંસ્કાર, સંત સમાગમ, વિદ્યા સાધના, બહુમુખી વ્યક્તિત્વ, ઉત્કૃષ્ટ સાધ્વીચારની આકાંક્ષા, દીક્ષાગ્રહણ, આચાર્ય પદનું પ્રદાન અને શ્રી મહુડી તીર્થના પરિચયનું વર્ણન આલેખવામાં આવ્યું છે. પ્રકરણ ત્રણમાં ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે. અ વિભાગમાં આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજ રચિત ભજનોની સમીક્ષા કરવામાં આવી છે. બ -વિભાગમાં આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજ રચિત પૂજાઓ અને ગહુલીઓનું ઉત્કૃષ્ટ આલેખન કરવામાં આવ્યું છે. ક- વિભાગમાં નવીન પરિબળો જીલતાં કાવ્યોની સમીક્ષા કરવામાં આવી છે. ગુરુદેવ બુદ્ધિસાગરજીએ ગોરલી, બીજ, છોડ, વૃક્ષ, પર્ણ, મૂળ, આંબામોર, ફળથી નમી પડતાં વૃક્ષ વગેરેના ગુણ નીરખીને તેનો મર્મ મનુષ્યજીવન, સાધુજીવન અને રાષ્ટ્રમાં સમાવીને અર્થગાંભીર્ય ખંડકાવ્યની બેનમૂન રચના કરી છે.



કવિ બુદ્ધિસાગરજી તાડના વૃક્ષની સરખામણી આમ્રવૃક્ષની સાથે કરીને બોધ આપે છે કે જો મનુષ્ય ખૂબ પ્રગતિ કરીને તાડના વૃક્ષની જેમ અડગ રહે તો તેનું પરિણામ તાડના કેફીદ્રવ્ય જેવું આવે છે. પરંતુ જો મનુષ્ય પ્રગતિ કરતાં કરતાં નમ્ર બને તો કેરી સમ મીઠા ફળનો સ્વામી બને છે.

'અક્કડ ઊંચા તાડ પરે જે, કેડી ફળરસના ધરનાર,
કેરી સમ તે કદી ન પાવે, નીચ જતો નહિ ઉચ્ચ'
પનાર .....(૧૪૨)

'ભારત સહકાર શિક્ષણ કાવ્ય'માં આંબાનું સવિસ્તાર સદષ્ટાંત વર્ણન આપીને તાદશ્ય ચિત્રો ઊભાં કરી વાચકના મન પર અસર કરી જાય તેવો બોધ આપ્યો છે. આ ખંડકાવ્યમાં તેમનું ભાષા પરનું પ્રભુત્વ, તેમની કલ્પનાશક્તિ, સર્વધર્મ સમભાવ તથા લોકકલ્યાણની ભાવનાના આપણને દર્શન થાય છે. સાબરમતી ગુણ શિક્ષણ કાવ્યમાં કવિ શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ કલકલ ગુંજારવ કરતી નદીનું રૂપક લઈને મનુષ્યને બોધ આપતા ખંડકાવ્યની રચના કરી છે. નદી આપણને કેવી રીતે કર્તવ્યપાલનનો પ્રખર સંદેશ આપે છે તેનું આલેખન છે.

કવિએ નદીનાં વિવિધ રૂપો અને સ્વરૂપો દર્શાવીને તેના વર્ણન દ્વારા મનુષ્યને બોધ આપ્યો છે.

કવિ આચાર્ય બુદ્ધિસાગરજીએ તેમના જીવનના અંતિમ તબક્કામાં આ કક્કાવલિ સુબોધ ગ્રંથ રચ્યો હતો. આ કાવ્યસંગ્રહમાં

કવિ આચાર્ય બુદ્ધિસાગરજીએ મનુષ્યોને ઉપદેશ, સાધુ જીવનની મીમાંસા, પતિ-પત્નીની ફરજો, વૃદ્ધોને સૂચનાઓ, સ્ત્રી શિક્ષણનું અગત્ય, ધનવાનોની ફરજો, શિક્ષકોના ઉચ્ચ આદર્શો, સમાજ અને ધર્મના રક્ષણાર્થે સુધારાઓ, બ્રહ્મચર્યના ફાયદાઓ, કર્મયોગ, અધ્યાત્મજ્ઞાન, યોગ, ઈતિહાસ, બાળલગ્ન, દયા, ચોરી, કાયરતા, શાંતિ, ત્યાગ, ભક્તિ, ઉપાસના વગેરે દરેક વિષયો પર બારાખડીના અક્ષરો દ્વારા વિવેચન, ઉપદેશ અને માહિતી આપ્યાં છે.

પ્રકરણ ચારમાં આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજ રચિત ગદ્ય સાહિત્યમાં તેમના સાહિત્યિક કૌશલ્યતાના દર્શન થાય છે. અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાન વિષયક ગ્રંથોની ચર્ચા સામાન્યજન સહેલાઈથી સમજી શકે એવી સરળ રીતે કરી છે.

તેવી જ રીતે પ્રકરણ પાંચમાં નીતિબોધ અને ઉપદેશાત્મક ગ્રંથોની ચર્ચા કરી છે. પ્રકરણ છમાં ઈતિહાસ અને વિવેચનાત્મક ગ્રંથોનું વર્ણન કર્યું છે. પ્રકરણ સાતમાં શ્રી બુદ્ધિસાગરજી દ્વારા રચિત અન્ય મહાપુરુષોના જીવન ચરિત્રો, સંસ્કૃત ગ્રંથો, પત્રો, રોજનીશી અને 'બુદ્ધિપ્રભા' માસિક વિશેની માહિતી મળે છે.

પ્રકરણ આઠમાં ગુરુદેવનું સમાજજીવનમાં યોગદાન વિષે વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે. તેમણે ઘણા ગ્રંથોમાં પ્રશ્નોત્તરીની શૈલી અપનાવીને પોતાના વક્તવ્યને વધુ અસરકારક બનાવવા પ્રયત્ન કર્યો છે. સાદા પ્રશ્નોના સરળ ઉત્તરો દ્વારા તેઓ વાચકના મનની શંકાઓનું નિવારણ કરે છે. તેઓ જીવની મુક્તિ વિશેની પ્રશ્નોત્તરી દ્વારા વાચકની શંકાનું નિવારણ અધ્યાત્મ શાંતિ ગ્રંથમાં કરે છે.

બુદ્ધિસાગરજીએ એક લેખક તરીકે વાચકોને બોધદાયક પુસ્તકોનો મોટો ફાળો આપ્યો છે. પોતાના લખાણમાં ભારેખમ શબ્દપ્રયોગ વાપરવાનું ટાળ્યું છે. એમના લખાણમાં ભાષા ક્લિષ્ટ નથી, સર્વત્ર સાદગી અને સરળતા ઝળકે છે.

છેલ્લે પ્રકરણ નવમાં પરિશિષ્ટમાં જન્મ, દિક્ષા, ચાર્તુમાસ, પાટ પરંપરા વગેરે ગ્રંથોની યાદી રચના સ્થળોની સાથે, સંદર્ભ સૂચિ સવિસ્તાર આપવામાં આવ્યું છે જે આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

ડૉ. રેણુકાબહેને અથાગ પરિશ્રમ કરીને આપણને આ પુસ્તક તૈયાર કરીને આપ્યું છે. એમના પર શ્રી અને સરસ્વતીની કૃપા હંમેશાં બની રહે એ આશા સાથે વિરમું છું. તેમને કોટિ કોટિ ધન્યવાદ આપું છું.

આ પુસ્તક મેળવવા માટે સંપર્ક કરો
રેણુકાબેન પોરવારને
ફોન નંબર : ૦૯૮૨૧૮૭૭૩૨૭

❑❑❑

સંપર્ક : ૮૮૭૯૫૯૧૦૭૯
૦૨૨-૨૬૮૩૬૦૧૦

જો હોય આ મારો અંતિમ પત્ર તો,

હું મરણશૈયા પર સૂતી છું અને આખોય ભૂતકાળ મારી આંખ સમક્ષ ચિત્રપટ્ટીની જેમ પસાર થઈ રહ્યો છે, ત્યારે હું પત્ર કોને લખું? આ મારો અંતિમ પત્ર જ છે તો કોને ઉદ્દેશીને હું પત્ર લખું? સંબોધન શું કરું?

હું સ્વયંને જ ઉદ્દેશું છું આ છેલ્લી પળે હું નિજ સાથે જ વાતો કરું છું. અનુભવની ક્ષણો પોતાની સાથે જ માણું છું ત્યારે એક કવિતા અંતરે પ્રગટે છે.

મંદ મંદ પગલાં પાડતું
આવી રહ્યું છે મરણ
આ છેલ્લા સમયે
પ્રભુ મને છે, માત્ર તારું શરણ
કાનમાં ભણકારા વાગી રહ્યા છે
મૃત્યુના આગમનના
સર્વ સંબંધોની કરી બાદબાકી
પીવા છે અમૃત પ્રભુપ્રેમના
ગમા-અણગમાના ચક્કરમાં
ફસાય છે મન અને શરીર
નિસ્પૃહતાના સ્પંદનો ઝીલી
બની જાઉં હું ફકીર
હળવેકથી ઉઠાડે છે
મરણ મને
વેદનાનાં દુઃખમાંથી છોડાવે છે
મરણ મને
માથે મમતાળું હાથ ફેરવી
વહાલ કરે છે મરણ મને
આંગળી મરણની પકડીને
દોડી નીકળું પ્રભુ કને.

❑❑❑

દીપ્તિ સોનાવાલા
સંપર્ક : ૦૨૨-૬૬૬૪૦૫૬૬

ગાંધી વાચનયાત્રા

મહાત્મા ગાંધી વિશે માહિતી આપતી સૌથી મોટી વૅબસાઇટ

સોનલ પરીખ

વાચન એટલે પુસ્તકો જ એવું સમીકરણ જૂનું થઇ ગયું. ઓડિયો બુક્સ એટલે કે વાંચવાની નહીં, પણ સાંભળવાની ચોપડીઓ પણ એટલી નવી નથી રહી. મુસાફરી દરમ્યાન કે ડ્રાઇવ કરતી વખતે સંગીત સાંભળતા હોઇએ તેમ પુસ્તકો સાંભળી શકાય - જીવનશૈલી ઝડપી હોય તોય વાંચનનો આનંદ લઇ શકાય. અમેરિકામાં વસતો મારો કઝીન હમણાં ક્લાસિક નવલકથાઓ ઓડિયો બુક રૂપે વાંચે છે એટલે કે સાંભળે છે. ઘણાંખરાં પુસ્તકોની હવે કિંડલ આવૃત્તિઓ મળે છે. ઑનલાઇન વાંચવાનું.

લાઇબ્રેરીનો કે વાંચનનો એક વિકલ્પ વૅબસાઇટ્સ પણ છે. અહીં ગાંધી વાચનયાત્રાની વાત છે તો આવો, જાણીએ એક ગાંધી વેબસાઇટ વિશે.

'મહાત્મા ગાંધીના સિદ્ધાંતો વિજ્ઞાન જેવા છે. કોઇપણને, કોઇપણ સ્થળે, કોઇપણ સંજોગોમાં કામ આવે.' એક જાપાની વિદ્વાને આ વિધાન મહાત્મા ગાંધીની જે વૅબસાઇટની મુલાકાત પછી કર્યું છે તે વૅબસાઇટનું નામ છે www.mkgandhi.org

ચીનના કૅંગબિંગકિન લખે છે, 'થોડા મહિના પહેલાં હું ગાંધીજી વિશે જાણવા સર્ફિંગ કરી રહ્યો હતો અને મને મળી એક અદ્‌ભુત વૅબસાઇટ - www.mkgandhi.org. પછી તો મેં વારંવાર તેની મુલાકાત લીધી અને દર વખતે મને મારા કુતૂહલનો સંતોષકારક જવાબ મળ્યો. આ સાઇટ પરથી મને ગાંધીપુસ્તકો પણ વાંચવા મળ્યાં. મારા જીવનમાં તેનાથી ઘણું પરિવર્તન આવી ગયું છે. આ સાઇટ ચીનમાં બહુ ઉપયોગી છે કારણ કે ચીની ભાષામાં મહાત્મા ગાંધી પર લખાયેલું સાહિત્ય ઘણું ઓછું છે અને ચીનમાં એવા ઘણા છે જેમને એમના વિશે જાણવું હોય છે.'

અમેરિકામાં વસતા ડૉ. હેનરી કહે છે, www.mkgandhi.org વૅબસાઇટને વધુ ને વધુ ઉપયોગી બનાવવા હું બનતા પ્રયત્ન કરું છું કારણ કે એક સાઇકિયાટ્રિસ્ટ તરીકે હું જોઉં છું કે વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક સમસ્યાઓનો ગાંધી પાસે છે તેવો અસરકારક ઉકેલ બીજે ક્યાંય નથી. આજના વિશ્વના તમામ સંઘર્ષનો ઇલાજ એક જ છે : ગાંધીવિચાર.'

આધુનિક વિશ્વના ઇતિહાસમાં મહાત્મા ગાંધીના જીવન અને કાર્યોનું અનોખું સ્થાન છે. કચડાયેલી અને શોષિત માનવજાતની મુક્તિ માટે તેમણે આપેલા સત્યાગ્રહના અહિંસક શસ્ત્રથી હિંસક બળો પણ પરાજિત થયા છે તેવું દુનિયાએ અનેક વાર અનુભવ્યું છે. એમના જન્મનું દોઢસોમું વર્ષ ચાલી રહ્યું છે. એમની ચિરવિદાયને પણ છ દાયકાથી વધારે સમય થયો છે. ગાંધીયુગ પછી દુનિયાના પટ પર નવી બે પેઢી આવીને વિદાય થઇ ગઈ. આમ છતાં આજે પણ વિશ્વનો યુવાન પોતાનું સત્ય શોધવા નીકળે ત્યારે તેનામાં મહાત્મા ગાંધીને સમજવાની તત્પરતા જાગ્યા વિના રહેતી નથી. આ તત્પરતા, આ ઉત્સુકતાને સંતોષવા ગ્રંથસ્થ-લેખિત સાહિત્ય તો છે જ, પણ ટેકનૉલૉજીની હરણફાળને લીધે મહાત્મા ગાંધી વિશે ઑનલાઇન માહિતી આપવાના પ્રયાસો પણ થતા રહે છે. પચાસેક જેટલી સાઇટ્સનું લિસ્ટ તો ઇન્ટરનેટની એક ક્લિકથી જ મળી જાય. તેમાંનો સૌથી વિરાટ કહી શકાય તેવો ઉપક્રમ છે www.mkgandhi.org નામની વૅબસાઇટ. ગૂગલ સર્ચ ઍન્જિનમાં પ્રથમ ક્રમાંક મેળવતી આ વૅબસાઇટ ગાંધી ફિલોસૉફીની સૌથી મોટી ઇ-લાઇબ્રેરી છે. એક લાખથી પણ વધારે પૃષ્ઠોમાં અપાયેલી આ માહિતીને ટાઇમ મૅગેઝિને 'કમ્પ્લિટ ઇન્ફર્મેશન ઓન ગાંધી' કહીને નવાજી છે અને ભલામણ કરી છે.

મુંબઇ સર્વોદય મંડળ-મુંબઇ અને ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન-જલગાંવના સંયુક્ત ઉપક્રમે ૧૯૯૮માં શરૂ થયેલી આ વૅબસાઇટ પર વિદ્યાર્થીથી માંડી વિદ્વાનો અને સંશોધકો સુધીના સૌને ગાંધી માહિતીનો ખજાનો સાંપડે છે. તેને નિયમિત અપડેટ કરવામાં આવે છે. મુંબઇના નાના ચોક પર આવેલી મુંબઇ સર્વોદય મંડળની ઑફિસમાં વરિષ્ઠ ગાંધીજન તુલસીદાસ સોમૈયાના માર્ગદર્શનમાં ઑપરેટ થતી આ આખી વૅબસાઇટની ટૅક્નિકલ બાજુ રાજેશ શિંદે નામના યુવાન ઍક્સપર્ટ સંભાળે છે.

આ લોકો રોજ એક ગાંધીવિચારને આકર્ષક રૂપે લગભગ દસ હજાર જેટલા લોકોને મોકલે છે. વૅબસાઇટના હોમ પેજ પર જુદા જુદા પચાસ આઇકન મળે છે. રોજ ૩૦ જેટલા દેશોના ૧૦,૦૦૦ નાગરિકો આ વૅબસાઇટની વિઝિટ કરે છે. રોજના ૫૦૦ જેટલા ઇ-મેઇલ આવે છે જેમના કાળજીપૂર્વક જવાબ અપાય છે. સાથે ગાંધી-વિનોબા, શાંતિ-અહિંસા માટે થતાં કાર્યો, ગાંધીવિચાર માટે સક્રિય એવી સંસ્થાઓ અને વ્યક્તિઓ વગેરેના સંદર્ભ આપતી અન્ય લિંકની માહિતી પણ મળે છે.

www.mkgandhi.org પર ઉપલબ્ધ છે લાખો પાનાંનું વાંચન. ઑનલાઇન પુસ્તકો, લેખો, ચિત્રજીવનકથા, તસવીરો, ગાંધીજીનો અવાજ, વ્યાખ્યાનો, ગાંધીવિચારો, અવતરણો, ગાંધીપરિવારવૃક્ષ, ગાંધી કેન્દ્રો, સંશોધનો, ગાંધી સંગ્રહાલયો, આશ્રમો, પુસ્તકાલયો, નવાં પ્રગટ થતાં ગાંધી પુસ્તકોની માહિતી, પીસ સેન્ટર્સની જાણકારી, ગાંધીજીના પત્રો, સત્યાગ્રહો, શ્રદ્ધાંજલિઓ, ગાંધીજીનો અંતિમ સમય, વગેરેનો આમાં સમાવેશ થાય છે. ઉપરાંત ગાંધીવિચારો

આજે પ્રસ્તુત છે કે કેમ, ભગતસિંહની ફાંસી, પાકિસ્તાનને આપેલા પંચાવન કરોડ, ભારતના ભાગલા વગેરે વિવાદોની સાચી અને તલસ્પર્શી માહિતી પણ અહીં મળે.

ગાંધીજીનું પત્રકારત્વ સ્વતંત્ર અભ્યાસનો વિષય છે. દક્ષિણ આફ્રિકાથી તેઓ 'ઇન્ડિયન ઓપિનિયન' છાપું ચલાવતા. ત્યાર પછી લોકો સુધી પહોંચવાની જરૂર ઊભી થઇ ત્યારે કોઇ અખબારમાં લખવાને બદલે તેમણે પોતાનાં છાપાં શરૂ કર્યાં. લોકમતની કેળવણી માટે તેમણે પત્રકારત્વનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો હતો. આ વૅબસાઇટ પરથી તેની પણ જાણકારી મળે. આ વૅબસાઇટ પરથી સ્વજનો-મિત્રોને ગાંધીકાર્ડ મોકલી શકાય એટલું જ નહીં તેનું કદ, લખાણ પસંદ કરી શકાય અને પ્રિવ્યૂ પણ જોઇ શકાય તેવી સુવિધા અહીં મળે. વૅબસાઇટ છેલ્લામાં છેલ્લા અપડેટ્સથી મુલાકાતીઓને માહિતગાર રાખે છે અને અભિપ્રાય-સૂચન પણ મગાવે છે.

સાચી વાત છે, મહાત્મા ગાંધીના સિદ્ધાંતો વિજ્ઞાન જેવા છે. દરેકને, દરેક સ્થળે, દરેક સમયે લાગુ પડે અને સરખું જ પરિણામ આપે. આજે ચારે તરફ માનવતાનો હ્રાસ થઇ રહ્યો છે ત્યારે તેમની ફિલોસોફી અંધારા માર્ગમાં દીપકના પ્રકાશ જેવી અસર આપી શકે તેમ છે. આ સત્યને ધ્યાનમાં રાખીને મુંબઇ સર્વોદય મંડળ અને ગાંધી બુક સેન્ટર ગાંધીવિચારનો પ્રસાર અને પ્રચાર કરતા અનેક ઉપક્રમો યોજે છે તે પ્રશંસનીય છે.

❑❑❑

સંપર્ક : ૯૨૨૧૪૦૦૬૮૮

'કલ્યાણ'ની આગળ વધતી કલ્યાણયાત્રા - વર્ષ ૧ થી ૭૫ અને હજી પણ અણથક આગળ

રમેશ બાપાલાલ શાહ

જેમ શંખધ્વનિ, રણશિંગુ ખૂબ જ મહત્ત્વના છે, તેમ સમાજની બુલંદીની પોકારાતી આલબેલ જરૂરી છે, તે સમાજની પત્રિકાઓથી ઉપયોગી જણાય છે. સમાજની ગતિવિધિ આવી પત્રિકાઓ દ્વારા જણાય છે. ભલે આજે ટેક્નૉલૉજીનો વ્યાપ એટલો બધો વધી ચૂક્યો છે અને ટપાલમાં પત્રિકા આવે તે પહેલાં મોબાઈલ જેવા હાથવગાં સાધનો ઘણીબધી જાણ કરી દે છે. આનો અર્થ એ નથી કે હવે પત્રિકાઓની જરૂર ઘટી છે. ખરેખર તો હવે આ પત્રિકાઓ વધુ જરૂરી થઈ છે. પત્રિકાઓ સમાજની પહેરેદાર બની છે. મોબાઈલ દ્વારા મળતી વાચનસામગ્રી પર કોઈનું નિયમન થઈ શકતું નથી. તેમાં સારું-ખરાબ બધું 'એકરસ' અને ડોળું' થઈને આવતું હોય છે. વ્હૉટ્સએપ-ફેસબુક-ઈન્સ્ટાગ્રામ-સ્નેપચેટ-ટ્વીટર જેવી હાથવગી લાગતી સુવિધાઓ ઘણી વાર દુવિધા બની જતી આપણે જોઈ છે! આ બધી સગવડ સ્ટિયરિંગ વિનાની અને બ્રેક વિનાની હોય છે. આ સુવિધાઓથી કોઈનું પણ 'કલ્યાણ' થયાની જાણ નથી. થાય જ નહીં. મોબાઇલ અને ઈન્ટરનેટ જેવાં સાધનો થકી સામગ્રી મોકલનાર પાસે સારું-નરસું તારવવાની શક્યતા તો હોય જ નહીં. આ આજની પરિસ્થિતિ છે.

★★★

આજથી પંચોતેરેક વર્ષ પહેલાંનો સમય અને માહોલ કેવો હશે તેની આજે કલ્પના પણ ન આવે. કોઈ પીઢ વ્યક્તિ મળે તેને પૂછી શકાય કે એ સમયનું જીવન કેવું હશે? નાનાં નાનાં ગામ અને ગામડાંમાં આપણા પૂર્વજો રહેતાં હશે. ધૂળિયા રસ્તા, રાત્રે રસ્તા પર ભાગ્યે જ અજવાળાં હોય! લોકો અંધારું થતાં પહેલાં તો ઘરમાં જ હોય. ભણવા માટે 'ધૂડી નિશાળો' હતી. ભણતરનું મહત્ત્વ પણ અલ્પ હતું. ત્યારે સંસ્કાર સિંચનના સાધન પણ ટાંચા હતા!

આવા અંધારઘેર્યા વાતાવરણમાં કોઈ રાહ ભૂલી જાય એને યોગ્ય મારગ દેખાડતો દીપક તો જોઈએ જ. રાહબર પણ જોઈએ. કોણ એ રાહબર હતાં? મશાલ જોઈએ તો મશાલચી પણ જોઈએ. આવા મશાલચી, આવા રાહબર કોણ હશે તે આપણે જોઈએ. ચાર-પાંચ પેઢી પહેલાંના એ સમયે પંચોતેર વર્ષ પહેલાં કોઈ સોનેરી પળ સાધુપુરુષને સાંપડી હશે...ચોક્કસ સાંપડી હશે.

એક એવી દિવ્ય ક્ષણે એ સાધુપુરુષને શુભ વિચાર આવ્યો...જૈન સમાજના સંઘના ભાવિક અને ભાવુક લોકોનું વિચારધન પુષ્ટ થાય તે માટે રોજ રોજ પ્રવચનો દ્વારા, ઉપદેશ દ્વારા જૈન શ્રોતાઓના મનમાં સદ્વિચારબીજનું આરોપણ કરતાં પણ આગળ વધીને એક વિશાળ ફલક ઉપર ઘર- ઘરમાં આ વિચારધારાનું સિંચન કેવી રીતે થાય એવો વિચાર આવ્યો. એ કૃપાનિધાન સત્ સંત હતા પૂજ્ય આચાર્યશ્રી કનકચન્દ્રસૂરિ મહારાજશ્રી.

આજનો માહોલ અને તે સમયનો માહોલ...વચ્ચે પંચોતેર વર્ષનું અંતર! વિચાર આવવો તો સહજ છે. તેને આકાર આપી સાકાર કરવાનું કામ સાહસપૂર્ણ હતું. પરંતુ આચાર્યશ્રીનું પોત સો ટચ સોના જેવું વિશુદ્ધ હતું. તેઓશ્રીના સાધુ જીવનનું અને સંસારી બન્ને નામ આમ યાદગાર બન્યાં! તેઓનું સંસારી નામ 'કલ્યાણ' હતું, તેમના નામથી પ્રકાશનનું નામ પણ ધન્ય થયું! નાની વયે દીક્ષિત થયા હતા. તેઓશ્રી પ્રવચનકાર અને સાહિત્યના રસિક પણ હતા. 'કલ્યાણ'ના પાને પાને ધબકતી તેમની ધગશને આજુબાજુના સૌએ અને વાચકોએ ઝીલી લીધી.

વર્ષો વહેતાં ગયાં. 'કલ્યાણ'ની ગતિ સ્થિરતાપૂર્વક પ્રગતિ કરી

રહી હતી. હવે આચાર્યશ્રી કનકચન્દ્રસૂરિ મહારાજની વધતી વય અને તેઓશ્રીનો ગુજરાતમાંથી પૂર્વ તરફનો વિહાર-વિચરણનો નિર્ણય થવાથી 'કલ્યાણ' માટેની શાસ્ત્રીય જવાબદારી યોગ્ય રીતે સંભાળી શકે તેવા 'કલ્યાણ'ના જ લોકપ્રિય કટારલેખક મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી ઉપર કળશ ઢોળાયો. લેખક મુનિશ્રી સાથે કોઈને પ્રત્યક્ષ પરિચય ન હોવા છતાં તેમનામાં એવો વિશ્વાસ જાગ્યો કે આ વ્યક્તિ જવાબદારી નિભાવી પોતાનું સઘળું 'હીર' ચોક્કસ ઉજાળશે અને 'કલ્યાણ'ની પરંપરા વધુ નિખારશે. એના ઉજળાં પરિણામ આપણે વિગતે આગળ જાણીશું.

★ ★ ★

'કલ્યાણ' સામયિકનું પ્રકાશન શરૂ થયું. શુભ અને યાદગાર દિવસ હતો વિક્રમ સંવત ૨૦૦૦, ચૈત્ર સુદ-૧૩. (ઈસ્વી સન્ ૧૯૪૩, એપ્રિલ) આ દિવસે 'કલ્યાણ'ની હળવી પણ નક્કર શરૂઆત થઈ. બે વર્ષ સુધી ત્રિમાસિક રહ્યું. ત્યાર પછી મળેલાં ખૂબ આવકાર અને પ્રતિભાવોથી ઉત્સાહિત થઈ 'કલ્યાણ' દર મહિને પ્રગટ થવા લાગ્યું, જે આજ સુધી અથાક મજલથી આનંદભેર ૭૫ વર્ષ પૂરાં કરી આગળ વધી રહ્યું છે!

અંક પ્રકાશનની સઘળી પ્રવૃત્તિ પાલિતાણાના શ્રી સોમચંદ ડી. શાહે હોંશભેર સંભાળી. 'કલ્યાણ'ના વાચકો ગિરિરાજની યાત્રાએ જાય ત્યારે સોમચંદભાઈને મળવા જરૂર જતાં. તેમની સૂઝથી અંકોએ આકર્ષણ જમાવ્યું હતું. અંકની શરૂઆત પહેલાં ૨૦૦ જેટલી પ્રત (નકલ)થી થઈ હતી જે હવે વધવા લાગી. ૧૭/૧૮ વર્ષ સુધી સોમચંદ ડી. શાહે તંત્રી-સંપાદક તરીકે જવાબદારી સંભાળી. તેમના પછી કાર્યાલયને વઢવાણ શહેર ફેરવતાં કીરચંદ જે. શેઠે સઘળી જવાબદારી સંભાળી. વર્ષો સુધી તેમણે પણ સારી રીતે સંપાદન કાર્ય કર્યું. હવે છેલ્લાં ૨૦ વર્ષથી કાર્યાલયને સુરેન્દ્રનગર ફેરવવાના સંજોગો ઉપસ્થિત થયા. કીરચંદભાઈ પછી તેમના ચિરંજીવી મનોજભાઈએ કાર્યભાર સંભાળ્યો. હવે છેલ્લાં ચારેક વર્ષથી તેમના ચિ. કલ્પકભાઈ વારસામાં મળેલી કુનેહથી 'કલ્યાણ' માટેની બધી જ જવાબદારી અતિઉત્તમ રીતે સંભાળી રહ્યા છે.

'કલ્યાણ'ની શુભ શરૂઆત કરનાર આચાર્યશ્રી કનકચન્દ્રસૂરિ મહારાજશ્રીની ચકોર નજરમાં મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી વસી ગયા હતા – જાણે મોટો વારસો આપી દીધો! તેમના લેખોની ગુણવત્તા તેમને ઉત્તીર્ણ કરવામાં સહાયરૂપ બની. આજે તેઓશ્રી 'કલ્યાણ'ને પૂર્ણતાને આરે લઈ આવી શક્યા છે અને પૂર્ણ ચન્દ્ર સરીખો શીતળતાભર્યો પ્રકાશ સતત વેરી રહ્યા છે. પત્રકારત્વ એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. પરંતુ ૪૦-૪૦ વર્ષથી પોતાની સમર્પિત ભાવનાથી સમૃદ્ધ સંપાદકો 'કલ્યાણ'ને સર્વ પ્રકારે સમૃદ્ધ બનાવી શક્યા છે. 'કલ્યાણ'ના સંપાદનકાર્યમાં કોઈ આંગળી પણ ન ઉઠાવી શકે તેવું વિશુદ્ધ સાહિત્ય પીરસવામાં તેઓશ્રી મોટું નિમિત્ત બન્યા છે. જૈન સમાજના અનેક નાના-મોટા પ્રશ્નો વિરોધના વંટોળ વચ્ચે પણ કલ્યાણે ઉકેલી આપ્યા છે. સમાજમાં વ્યાપી રહેલા દૂષણો સામે લાલ આંખ પણ કરી છે. એટલે જ તો 'કલ્યાણ' સામયિક જૈન સમાજનું અવ્વલ પ્રકાશન ગણાયું છે.

★ ★ ★

અલબત્ત પ્રકાશનનું કાર્ય આ બધું લખ્યું છે તેવું સહજ ન હતું. 'કલ્યાણ'ના શરૂઆતનાં વર્ષોમાં હજી આપણો દેશ અંગ્રેજોની ગુલામીમાંથી છૂટવા આતુર હતો અને રાજકીય વાતાવરણ ગંભીર હતું. વાચકોમાં વાંચન-રસ કેળવવાનો હતો.

આ આમ સહજ શક્ય નથી. આ કાગળ રીમના રીમ આવ્યાં, મશીન પર ગોઠવાયા, છપાઈ, ફોલ્ડિંગ થઈને પીન લગાવીને, સરનામાં લગાડીને આ...ઘેર ઘેર પહોંચી ગયાં!

આટલું આ સહજ નથી, સરળ તો નથી જ. એક અંક વાચકના હાથમાં હોય ત્યાં તો તે પછીના અંકની સજાવટ શરૂ થાય, લેખો પસંદ કરાય, વાનગીઓ ઉમેરાય અને નવાં ૧૦૦ જેટલાં પાનાં તૈયાર થાય. 'કલ્યાણ'માં ક્રમે ક્રમે ઉપયોગી લેખ છપાતાં થયાં અને વાચકવર્ગ વધવા લાગ્યો. લેખકોનો પણ સાથ મળવા લાગ્યો. વાચકો મહિને મહિને 'કલ્યાણ'ની રાહ જોતાં હોય એવું વાતાવરણ સર્જાતું હતું. મોટા અને નામી અનેક લેખકોનો સાથ મળતો થયો.

★ ★ ★

આવા અર્થપૂર્ણ સામયિક 'કલ્યાણ'ને પણ 'અર્થ'ની ખેંચ નડી હતી જ. એ સમયમાં લોકોમાં આવાં વાંચનનો ઉત્સાહ પ્રેરવો આસાન ન હતું. લોકોના જીવનમાં કરકસર વણાયેલી હોવાથી 'કલ્યાણ'નું લવાજમ ભરવા તેઓને સમજાવવા પડતા. દાતાઓ પાસેથી નાના-મોટા દાન માટેના સૌજન્ય માટે સુખીગૃહસ્થોને સમજાવવા-મનાવવા પડતા.

છતાં 'કલ્યાણ'માં રજૂ થતી સામગ્રીનું વાચકોને સારું આકર્ષણ હતું. આમ 'કલ્યાણ' પોતાના બળથી વધુ વાચકો પાસે પહોંચતું થયું હતું. ક્રમે ક્રમે ગ્રાહકોની સંખ્યા વધતી રહી, ફેલાવો વધતો રહ્યો. ૨૦૦થી ૫૦૦ અને ૨૦૦૦થી વધતી ૭૦૦૦ સુધીની ગ્રાહક સંખ્યા લેખકોને પણ નવા વિષયો લઈ આવવા પ્રેરતી હતી. માતબર લેખકોમાં અનેક પ્રબુદ્ધ સાધુ મહારાજાઓ, પંડિતો, પ્રોફેસરો, લેખકોના વિચારપ્રેરક લેખોના પ્રદાનથી 'કલ્યાણ'ના પ્રકાશનનું સ્તર ઊંચું થતાં તેની ઉપયોગિતા વધતી રહી. અબાલવૃદ્ધ સુધીના દરેક વયના વાચકો માટે પ્રેરક સાહિત્ય 'કલ્યાણ'માંથી મળી રહે છે. 'કલ્યાણ'ના ટ્રસ્ટીઓની નોંધપાત્ર સિદ્ધિ એ છે કે આર્થિક પ્રશ્નોનો ઉકેલ લાવવા ઊતરતી કક્ષાના કાર્યક્રમો કે પ્રચાર ક્યારેય કર્યા નથી.

૭૫ વર્ષ એ બહુ મોટો સમયગાળો ગણાય. વિસ્તરતો વાચકગણ એની ગરિમા છે. આ સફળતાનાં કારણો નક્કર છે. 'કલ્યાણ'નું

સબળ પાસું તેમાં પિરસાતું સાહિત્ય છે. 'કલ્યાણ'ના અંકોની ફાઈલો જોઈએ તો જાણે જૈન ધર્મની ઍન્સાઈક્લોપીડિયા જ!

★★★

આકાશ સહુનું, અવકાશ મારો.
ધરતી સહુની, આંગણું મારું.
સરિતા સહુની, ગાગર મારી,
'કલ્યાણ' સહુનું, કલ્યાણ મારું!

પંચોતેર વર્ષ પછી પણ ટેકણલાકડી વિના યથાવત્ ચાલતાં રહેવું એ સ્વાસ્થ્ય છે, સિદ્ધિ છે; વાચકો સાથે અરસ-પરસની મૈત્રી છે. ઘડતરની શાળા છે. પ્રેરણાની પરબ છે. ૭૫ વર્ષનો ગાળો ભલે મોટો હતો. સ્થિર થવાની જહેમત પણ હતી. હવે પછીના દિવસો ઉજળા અને આસાન બન્યા છે. હવે પછીનાં ૨૫ વર્ષો તો જોતજોતામાં વહી જશે અને ગર્વ લઈ શકીએ તેવો ગૌરવભર્યો શતાબ્દી પ્રસંગ આવી ઊભો રહેશે. આપણે વાચકો નવા નવા વાચકોને પણ સાથે લઈ, સૌ સાથે મળીને 'કલ્યાણ'ના વિકાસ માટે નિમિત્ત બનીએ.

❑❑❑

સંપર્ક : 9427152203 | shahrameshb@gmail.com

Mahavira's illuminous Echo

Prachi Dhanvant Shah

"We meet ourselves time and again in thousand disguises on the path of life."- C.G.Jung

As we go down the lane, on the path of our life, we coincide at a point where we need to take a pause and think where are we heading to? This human life bestowed by us is not just to live life monotonously and make this body function to the command of time. Our soul that is residing in this given human body is seeking something else. Every living being lives on this earth be it with purpose or without purpose. So, when you pause at a junction of life and interrogate with yourself you need to identify whether your life has any purpose to fulfill or not.

Jainism explains the beautiful concept based on the theory of karma. As simple as it is explained, that we have earned this human life with good karma in our past life and so in this life, we have two options. Either we do better karma and progress aptly on this cycle of life and death, towards the path of liberation, shed off all the destined bad karmas and pursue a spiritual life, or we do not care but just live this life without any purpose with its outcome being whatever. Intense visualization by the exercise of concentration, interrogation, and willpower enables us to materialize thoughts not only as dreams or vision in mental ambit but also as experiences in material ambit. But to follow the path towards the spiritual journey, we also need a Guru, a teacher in life, aspiring Samyak Darshan towards their teachings. Teachings of Mahavira certainly echo my soul, bequeathing right guidance on my path of life. The interrogation between Gautam Swami and Mahavira in Aagamshashtra detangles majority of combat situations one faces in life. Teachings of Mahavira makes religion simple but natural and significant free from elaborate ritual complexities. His teachings reflect the identity of the soul and help nurture it in harmony with Samyak Gyan.

Mahavira, the 24th and the last Tirthankara of Jain religion was the former human being of the era to attain Kevalgyan (Omniscience) in 557 BC. His soul then attained liberation and entered Nirvana becoming Tirthankara in 527B.C. Mahavira was born in 599 BC as a prince but renounced worldly attachment at the age of 30. Mahavira being born as prince Vardhaman was offered all the luxuries and comfort to live a lavish life. He was born in Kshatriya family, but it is believed that his parents were the followers of Jain ascetic Parshwanatha. As a child Vardhamaan thrived with compassion and was a strong believer of ahimsa. All the luxuries around him never fascinated him and always implicated himself in self-contemplation. Although, he was a very obedient child and worshiped his parents with great faith and devotion. Just to fulfill his parents wish, Vardaman at a very young age got married to princess Yashoda and then became a father to a daughter named Priyadarshana.

Despite his life as a prince, he always found himself as a seeker of something immortal and felt he did not belong to this worldly society. He often indulged himself into meditation, expressed compassion towards the poor and offered them a great help. He strongly believed that all the worldly pleasures were transitory and have a predetermined life span. At a very young age, he realized that renunciation of worldly life is the only source to eternal bliss. Through his meditative practice and clairvoyant

vision, he learned about his innumerable births and realized that he has been going through the cycle of birth and death unproductively. His every life indulged him into a karmic cycle and he never worked toward his soul seeking right knowledge, practicing penance and renouncing the world. Thus, there came a point in his life when the worldly luxuries seemed immortal for him. His soul was seeking something else. After his parent's death, he catechized his older brother's permission and renounced the world by becoming a monk. He did not forsake his family and responsibilities towards them, but he relinquished in search of something more meaningful to pursue the accountabilities towards his soul.

At this intersection of his life, he had seized the purpose of his this birth. His objectives were clear, his aspiration was to ideally immerse himself in his true nature and attain omniscience. He detached himself from the least attachment of his worldly life. He realized that his soul did not belong in the worldly attachment and was always a misfit in society. He was on an intense spiritual journey such that for his soul, the world was never his home but just a delusion. Hence for him, there was no renunciation of his worldly society and family but the abdication of the mirage world and search for a true home for his soul... in search of true bliss.

It is a very difficult task to reach this junction of life and might seem impossible for some. To detach oneself from every emotion, to detach oneself from every attachment and understand that your soul is mere invitee in this body, might be confronting. But when one reaches this state, all the attachments, all the emotions seem trivial and deceptive. Because responsibilities towards oneself and one's true nature, the true soul becomes preliminary and everything else becomes secondary. When one summons for a superior source, he lands up ignoring the inferior ones. Mahavira happily pursued a life of extreme penance and monkhood wandering around in the forest. He indulged himself into twelve and a half years of intense meditation and self-contemplation. He spent life arduously conducting penance in complete silence and meditation, detaching himself from all the attachments and conquering all the basic desires. He subjected his body to all kind of the pain, also got rejected and affronted physically and morally by villagers, but in every situation, he beheld calm and peaceful demeanor overcoming all the emotions. His mental strength and strong determination to seek salvation, abetted him pass through all kind of extreme situations. Eventually, in the thirteenth year of his penance, he attained omniscience and could visualize past, and predict future, with the vision of contouring present.

He then spent thirty years of his life preaching people and guiding them with the right path of life with Jain doctrines. He was the one who reformed Jain religion preached by former 23 Tirthankaras, giving us the present-day Jain religion in a more structured form, enabling to live life ethically along with spiritual wellbeing. Mahavira's teaching can be briefed and simplified into following philosophies which emphasizes more on elevating the quality of life. While attaining spiritual enlightenment, one should maintain an ethical manner of living as well.

- **Belief in the Existence of soul and Karma.**

According to Mahavira, every soul is eternal and consistently evolving itself but is encircled by karmic bondage. Although, these karmic particles are perishable, and the soul can be free from karmic bondage by getting rid of desires. Under the influence of Karmic bondage, the soul is habituated to experience materialistic pleasure and possession which are the ultimate causes of accumulating karma. Mahavira believed that the soul can ultimately be liberated when the karmic force is disintegrated and then the soul shines luminously.

- **Desire to attain Moksha**

According to Mahavira, every soul's aspiration in life should be to attain moksha by following the spiritual path. This can be followed by not involving in any kind of evil karmas and shedding of existing karmas, detaching oneself from worldly desires and attachments. This can be obtained by a layman by practicing five vows of Jainism. 1) Non-violence, 2) Practicing truth 3) Non-stealing 4) Celibacy 5) non-possession. Besides these vows, Mahavira also emphasized following right faith, right knowledge, and right conduct. Although, for monks there exists more intense seven vows to follow. According to Mahavira the ideal way to attain salva¬tion is through renunciation of worldly desires and attachments.

- Following mere Jain religion with right faith and

rejecting the theory of Vedas. Mahavira exclaimed one should follow Jain religion without any doubts and not to accept the concept of sacrificial rituals to attain spirituality.

- **Ahimsa Parmod harma (Non-violence the core principle)**

Mahavira emphasized the practice of Non-violence as the most important principle of Jainism. According to him, every living soul, be it animal, insect, vegetables or human have right to live their sustained life and so one should not harm any living being, be it by any means of speech, deed or action.

- **Equality to women**

Mahavira eradicated the differential conduct towards women and believed that the body of women also beholds a soul that can attain nirvana when followed the right path. He believed that every soul has the right to seek salvation be it a woman.

- Mahavira explained that God is not a creator, protector or destroyer of this universe. He also condemned that one cannot attain salvation by means of worship to god and goddesses.

Although Mahavira is not the inventor of Jain religion, he reformed the religion in a more positive apt, explained the religion with the right attitude and perception. Mahavira rediscovered Jainism from the teachings of former Tirthankaras, and he certainly created a large and loyal monastic, ascetic community inspired by his teachings. He organized his followers into a four-fold order, namely monk (Sadhu), nun (Sadhvi), layman (Shravak), and laywoman (Shravika). Mahavira devoted his life in preaching the right way of life spreading his Keval Gyan for the betterment of every soul. The ultimate objective of his teaching was to explain how one can attain the utmost freedom from the cycle of rebirth to achieve the permanent blissful state. His final discourse was at Pavapuri which lasted for 48 hours. He attained moksha shortly after his final discourse, finally liberated from the cycle of life, death, and rebirth during 527 B.C. at the age of 72.

Do not Injure, abuse, oppress, enslave,
insult, torment, torture or kill any creature or
living being. Have compassion for all living
beings, hatred leads to destruction.
Respect for all living beings is non-violence,
is true religion.

- Mahavira

❑❑❑

49, wood ave, Edison,
N. J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

જૂન અંક વિશે : કેલિડોસ્કોપિક નજરે : ગયા અંકની વાત

ડૉ. રમજાન હસણિયા

પ્રબુદ્ધ વાચકોને હૃદયસ્થ એવું 'પ્રબુદ્ધ જીવન' ઈ.સ. ૧૯૨૯થી આરંભાઈને આજપર્યંત સમર્થ તંત્રીશ્રીઓ દ્વારા વહેતું રહેલું જ્ઞાન-વિચારથી સમૃદ્ધ એવું ઝરણું છે. એક સમયે જૈન સમાજમાં વૈચારિક ક્રાંતિ આણવાનું ને જુદી રીતે કહીએ તો ઉહાપોહ કરવાનું બહુ મોટું કામ 'પ્રબુદ્ધ જીવન' દ્વારા થઈ શક્યું છે. આ સમૃદ્ધ પરંપરાને આગળ ધપાવવાનું કામ વર્તમાન તંત્રી ડૉ. સેજલબેન શાહ કરી રહ્યા છે. 'પ્રબુદ્ધ-જીવન'ની ગરિમાને સંભાળી તેના ચેતો વિસ્તાર માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. એ પ્રતિબદ્ધતાને દાદ આપવી રહી.

ગત જૂન માસના અંકની સમીક્ષાનું કામ અચાનક જ સેજલબેનના ટેલિફોનિક આદેશના રૂપમાં ઊતરી આવ્યું. અભ્યાસુ અને સમર્થ સર્જકોએ લખેલા લેખોની સમીક્ષા કરવાનું મારું કોઈ ગજું પણ નથી. તેમ છતાં સ્નેહાદરવશ આ અનઅધિકૃત ચેષ્ટા કરવા પ્રવૃત્ત બન્યો છું ત્યારે પ્રથમ જ અજ્ઞાનવશ થનાર ભૂલ માટે ક્ષમા પ્રાર્થું છું.

ડૉ. સેજલબેન શાહના તંત્રી લેખ 'જગતમાં સૌથી નબળો એક માત્ર માનવી અને સૌથી સબળ પણ...'માં 'હું' ને પ્રીછવાની મથામણ અનુભવાય છે. પ્રબુદ્ધ જીવનના તંત્રીલેખોની પરંપરાથી થોડા ઉફરા ચાલીને લખતા સેજલબેનના લેખોમાં ગુજરાતી ભાષા-સાહિત્ય સાથેનો તેમનો અનુબંધ સ્પષ્ટ વર્તાઈ આવે છે. તેમનો પ્રસ્તુત લેખ તેમજ અન્ય લેખો ચિંતનાત્મક નિબંધોની દિશાના વધુ લાગે છે.

ડૉ. કુમારપાળ દેસાઈની અભ્યાસપૂર્ણ લેખિનીનો લાભ સાતત્યપૂર્ણ રીતે પ્રબુદ્ધ વાચકોને સાંપડતો રહ્યો છે. 'કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય' ગત અંકોથી ચાલુ લેખશ્રૃંખલાનો ચોથો મણકો આ અંકમાં મૂકાયો છે, જેમાં વિશેષ કરીને તેમના સાહિત્યસર્જનનો પરિચય કરાવાયો છે. 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત'થી માંડીને 'પ્રગાણમીમાંસા', 'યોગશાસ્ત્ર', વીતરાગસ્તોત્ર, મહાદેવસ્તોત્ર આદિ ગ્રંથો - સ્તોત્રોનો ટૂંકો છતાં સચોટ પરિચય વાચક અહીં મેળવી શક્યા છે. કોઈ એક અભ્યાલ લેખ કેટલો પરિશ્રમ અને કેટલું ઊંડું પરિશીલન માંગી લે છે તેનો ખ્યાલ તેમણે આપેલાં સંદર્ભો પરથી

મળી રહે છે. વળી, એક શિક્ષક હોવાને નાતે હેમચંદ્રાચાર્યજી દ્વારા રચાયેલી ગણાતી કૃતિઓના સંશોધન - અભ્યાસ માટેનો અંગુલિનિર્દેશ પણ તેઓ કરે છે. આ પ્રકારના લેખ 'પ્રબુદ્ધ-જીવન'ની ગરિમાને શિખર પર લઈ જાય છે. આ લેખમાંથી પસાર થતાં આચાર્યશ્રીને વિનંતીપૂર્વક સર્જન કરાવનાર રાજા કુમારપાળ પ્રત્યે પણ બહુમાન ઉપજી આવે છે.

'ઉપનિષદ્‌માં પ્રાતૃદ વિદ્યા' લેખમાં ડૉ. નરેશ વેદ આપણી એક પ્રાચીન વિદ્યાનો પરિચય આધુનિક અભિગમથી કરાવે છે. આપણા પૂર્વસૂરિઓ પોતાની આત્મસાધનાના બળે જગતના જે તથ્યોને પ્રતિપાદિત કરેલ છે, તેને આજનું અદ્યતન વિજ્ઞાન પણ સ્વીકારે છે. 'એ' તથ્યોને નિરૂપવાની ભાષા-શૈલી ભલે તત્કાલીન સમયાનુસાર હોય પણ તેમાં રહેલ તથ્ય સર્વકાલીન છે એમ નોંધી ડૉ. વેદ ઉપનિષદને જીવનવિજ્ઞાનના ગ્રંથો ગણાવે છે, જે સર્વથા ઉચિત છે.

'પ્રબુદ્ધ-જીવનનાં પૂર્વ તંત્રી ડૉ. ધનવંત શાહના વારસાને આગળ ધપાવતા ને અમેરિકામાં બેસીને પણ 'પ્રબુદ્ધ-જીવન' સાથેનો નાતો જાળવી રાખનાર બહેન પ્રાચી ધનવંત શાહે પોતાના લેખમાં વિશ્વભરના જૈનોને એક તાંતણે બાંધતી, જૈન ધર્મ અને તેણે પ્રસ્થાપિત કરેલ જીવનશૈલીને વિશ્વસમસ્ત સમક્ષ મૂકતી ૧૯૮૩થી આકાર પામેલી સંસ્થા 'JAINA' નો ટુંકો પરિચય કરાવ્યો છે. ૪થી જુલાઈથી કેલિફોર્નિયામાં આયોજિત 'JAINA' ના કન્વેન્શનમાં 'પ્રબુદ્ધ-જીવન'ની વાત મુકાશે અને આ અનુસંધાન ભવિષ્યમાં સુંદર પરિણામો લાવશે એવું સ્વપ્ન એમના લેખમાં વાંચી શકાય છે. આપ જ્યારે આ સમીક્ષા વાંચી રહ્યા હશો ત્યારે શ્રી નીતિનભાઈ સોનાવાલા, ડૉ. સેજલબેન શાહ, શ્રી સુરેશભાઈ શાહ દ્વારા આ વિકાસયાત્રાનું બીજારોપણ થઈ ચૂક્યું હશે!

કિશોરસિંહ સોલંકી જેવા સિદ્ધહસ્ત લેખકનો લેખ 'પોર્ટુગલ : ઈતિહાસની પાંખે' પ્રવાસ લેખ નિમિત્તે તે પ્રદેશના ક્ષેત્રફળથી માંડીને, તેનાં ગીતો, રાજકીય ઈતિહાસની તવારીખ આદિથી સભર બન્યો છે.

ભારતીય લોકશાહી સંદર્ભે લખાયેલ જશવંત મહેતાનો લેખ 'ભારત માટે પ્રમુખીય લોકશાહી : સુયોગ્ય વિકલ્પ' લેખકની સ્વસ્થ અને અભ્યાસુ કલમનો પરિચાયક બની રહ્યો છે. ભારતીય લોકશાહી સાથે વિશ્વના અન્ય દેશોની લોકશાહીની તુલના કરી. આપણે ત્યાં કેવાં કેવાં બદલાવ અપેક્ષિત છે તેની વાત લેખકે સદષ્ટાંત કરી છે. 'પ્રબુદ્ધ-જીવન'નો એક ઉદ્દેશ પ્રબુદ્ધ લોકો દ્વારા વૈચારિક ક્રાંતિ આણવાનો છે. આવા લેખ પ્રબુદ્ધ-જીવનની આ મૂળ પરંપરાને જીવંત રાખનારા બની રહે છે. લેખકની શૈલી એટલી સરળ અને પ્રાસાદિક છે કે આ વિષયથી અજ્ઞાત એવો વાચક પણ આખી વાત સરળતાથી સમજી શકે. લેખકનો આ ક્ષેત્રનો વર્ષોનો અભ્યાસ અહીં દૃષ્ટિગોચર થાય છે. ભારતીય લોકતંત્રના સંદર્ભમાં જરૂરી બદલાવ માટેનું લેખકનું દિશાસૂચન ખરે જ અનુકરણીય છે. આ પ્રકારના લેખો એક સકારાત્મક ઝુંબેશ ઊભી કરી શકે. આ સંદર્ભે ચર્ચા-પત્રો પણ વાચકો પાસેથી મંગાવી શકાય. આ ક્ષેત્રમાં રસ ધરાવતા વાચકમિત્રોને તેમનું ઈ.સ. ૧૯૭૯માં પ્રગટ થયેલ પુસ્તક 'પ્રમુખીય લોકશાહી' વાંચી જવા અનુરોધ છે. તાજેતરમાં જ પ્રગટ થયેલ તેમનું પુસ્તક 'Presidential democracy India's dire need for better governance' પણ વાચક જોઈ શકે. લેખકના મનોભાવોને ખૂબ જ સચોટ અને પ્રતીકાત્મક રીતે રજૂ કરતા જાણીતા કાર્ટૂનીસ્ટ વસંત અલબે અને લક્ષ્મણના કાર્ટૂન પણ ધ્યાનકર્ષક બની રહ્યા છે.

કર્ણાટક રાજ્યના બાગલકોટ જિલ્લાના બદામી શહેરના છેવાડે સ્થિત બદામી-રેતિયા પહાડ પર આવેલ ગુફાઓ અને પર્વતોને કોતરીને બનાવેલ ગુફાસ્થાપત્યોને નજર સમક્ષ તાદૃશ કરી દેતો શ્રી કનુ સૂચકનો લેખ ભાવકને પણ સહપ્રવાસનો અનુભવ કરાવે તેવો થયો છે. લેખકની સૂક્ષ્મ નિરિક્ષણશક્તિથી મંદિરના દ્વારપાળની આંખોના ભાવ પણ અછતા રહ્યા નથી. લલિતગ્યા ચિત્રાત્મક વર્ણનો અને રસાળ શૈલીમાં થયેલું આલેખન વાચકને પ્રવાસ માટે પ્રેરે છે. સુરેખ આલેખનની સાથે મુકાયેલા નયનરમ્ય ચિત્રો પણ ભાવકમનનો કબજો લઈ લે તે રીતે અંકિત થયા છે.

'સાંધ્યતેજ' લેખમાં જીવનની ઢળતી વેળાની વાતો ડૉ. સુશીલા સૂચકે હળવાશપૂર્વક કરી છે. વૃદ્ધાવસ્થા પ્રત્યેના વિધાયક અભિગમથી લખાયેલ નાનકડો પણ સરસ લેખ છે.

''કાઉસગ્ગ' વિશેની પ્રાચીન પરંપરા' વિષયક માલતી શાહનો લેખ માહિતીસભર છે. કાયોત્સર્ગની ક્રિયામાં કાઉસગ્ગ કઈ રીતે ગુંથાયેલું હતું અને કાલાંતરે એમાં કેવા કેવા ફેરફાર થયા તેની વાત કરી શ્વાસોચ્છવાસ સાથે કાઉસગ્ગની ક્રિયાને કઈ રીતે જોડી શકાય તેની આંકડાકીય માહિતી લેખિકાએ આપી છે.

'જૈન પરંપરામાં યોગ' વિષયક ગીતા જૈનનો લેખ યોગ વિષયના અભ્યાસુઓ માટે સંદર્ભગ્રંથસૂચિની ગરજ સારે છે. આગમ ગ્રંથોથી માંડીને મહાન આચાર્યો ઉપાધ્યાય આદિ દ્વારા રચાયેલા ગ્રંથોની સાથોસાથ નજીકના ભૂતકાળ સુધીમાં જૈન યોગ વિષયક થયેલ લેખનકાર્યની વાત એમણે કરી છે. લેખિકા સ્વયં યોગાચાર્ય છે અને ભારતભરમાં છેલ્લા પચ્ચીસ વર્ષથી 'સ્વયં સ્વસ્થ બનો અભિયા'ના નેજાહેઠળ યોગથી પદ્ધતિસરની તાલીમ આપે છે. તેમનો પ્રસ્તુત લેખ મહર્ષિ પતંજલિ પ્રણિત યોગવિદ્યા અને જૈન યોગશાસ્ત્ર વચ્ચે તુલનાત્મક અધ્યયન કરવા પ્રેરે તેવો બની રહ્યો છે.

જાદવજી કાનજી વોરા લિખિત 'હવે લેણાદેણી પુરી થઈ' સત્ય ઘટના આધારિત સંવેદનાઓને ઝંકૃત કરતો નાનકડો લેખ છે.

'કર્મ અને અહિંસા' વિષયક કોમલ ધવલ ગાંધીના લેખમાં વાક્યે વાક્યે પ્રૂફની ભૂલો દેખાય છે. કાં તો લેખક /લેખિકા ભાષાકીય વ્યાકરણથી બિલ્કુલ અવગત નથી અથવા પ્રૂફની કક્ષાએ તેની

લગીરે તપાસ ન થઈ હોય તેવી સંભાવતા રહે છે. વાક્યરચના અને શબ્દો પરથી લેખક/લેખિકા વિદેશમાં રહેતા હોય તેવો ભાસ થાય છે. તેમણે લખવા યત્ન કર્યો તે સારી બાબત છે, પરંતુ ભાષાકીય અશુદ્ધિઓ પણ અવગણી ન શકાય.

ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની ટૂંકુ, માર્મિક, સરળ છતાં હૃદય સોંસરવું ઊતરી જાય તેવા ચોટદાર લખાણ માટે પ્રસિદ્ધ છે. જીવનપંથ શ્રેણીના ૨૦મા મણકારૂપે શ્રી ભાણદેવજી ગુરુ ગોંડલના પૂજ્ય નાથાભાઈના સંતત્વના લેખકને થયેલા પ્રત્યક્ષ અનુભવતી વાત પ્રસ્તુત લેખમાં અસરકારક રીતે રજુ થઈ છે.

સુનીતા ઈજ્જતકુમારના લેખનું શીર્ષક - 'નારી....ઈશ્વરનું સર્જક શ્રેષ્ઠ પાત્ર' થોડું અસ્પષ્ટ લાગે છે. 'નારી : ઈશ્વરનું સર્જેલું શ્રેષ્ઠ પાત્ર' એવું સંભવી શકે. કદાચ પ્રૂફની ભૂલ પણ હોઈ શકે. નારીની મહત્તાને આલેખતો નાનકડો લેખ લેખિકાના મનમાં સ્ત્રી વિષયક ઉદ્ભવતા જુદા-જુદા ભાવોનો સરવાળો બનીને આવે છે.

શ્રી ભક્તામર સ્તોત્ર આસ્વાદની ક્રમશઃ ચાલતી શ્રેણી અંતર્ગત આ અંકમાં ડૉ. રતનબેન ખીમજી છાડવાએ બારમી ગાથાનું જૈન પારિભાષિક શૈલીમાં વિસ્તારપૂર્વક વિવરણ કર્યું છે. શ્રેષ્ઠ કાંતિવાળા પરમાણુઓથી બનેલા અરિહંત પરમાત્માના દેહવૈભવને વર્ણવતી ગાથા સમજાવી લેખિકાએ એના મંત્ર, વિધિવિધાન તથા ફલાગમની વાત કરી એની સાથે સંકળાયેલ મંત્રીપુત્ર મહીચંદ્રની કથા પણ વર્ણવી છે.

'પ્રબુદ્ધ-જીવનમાં આવેલા કેટલાંક સકારાત્મક ઉમેરણમાંની એક છે - 'જ્ઞાન-સંવાદ શ્રેણી' ડૉ. રશ્મિ ભેદા જિજ્ઞાસુઓના પ્રશ્નોના બહુ જ સ્પષ્ટ અને સાધાર જવાબ આપે છે. આ પ્રકારની શ્રેણીના લીધે ધર્મસંબંધી મુંઝવણ અનુભવતા વાચકો પોતાના પ્રશ્નોનું નિરાકરમ મેળવી શકે છે. આ શ્રેણી માટે લેખિકા અને સંપાદકશ્રી બંને ધન્યવાદના અધિકારી બને છે.

ડૉ. કાન્તિભાઈ બી. શાહ દ્વારા થયેલ ગત મે માસના અંકની સમીક્ષા અન્ય સમીક્ષકો માટે દૃષ્ટાંતરૂપ બની રહે છે. પ્રત્યેક લેખમાંથી પસાર થઈ તેની સારરૂપ વાતને લેખકે અહીં નોંધી છે.

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સર્જક જયભિખ્ખુ અને તેમના શબ્દવારસાને અજવાળનાર વિશ્વપ્રસિદ્ધ લેખક, વક્તા, અભ્યાસુ ડૉ. કુમારપાળ દેસાઈ - પિતા પુત્ર દ્વારા ચાલતી 'ઈંટ અને ઈમારત' કોલમને સાતત્યપૂર્ણ રીતે ૬૫ વર્ષ પૂર્ણ થયાની વાતને લેખક રમેશ તન્નાએ પોતાના લેખમાં ઉચિત રીતે આલેખી છે. 'ઈંટ અને ઈમારત'ના પ્રારંભથી માંડીને આજપર્યંત શબ્દના માધ્યમથી સંસ્કારવર્ધનનું કામ કઈ રીતે થઈ શક્યું છે તેની વાત કરી લેખકે પિતા-પુત્રની આ સાહિત્ય સેવાને અભૂતપૂર્વ ગણાવી છે.

'સર્જન-સ્વાગત' વિભાગ જૈન સાહિત્ય કે જૈન ધર્મ વિષયક પ્રકાશિત પુસ્તકોના પરિચયથી વિસ્તરીને સાહિત્ય ક્ષેત્રના તેમજ અન્ય જીવનપોષક પ્રકાશનોના પરિચય સુધી પહોંચ્યુ છે તેનો એક વાચક તરીકે આનંદ અનુભવું છું. સંધ્યા શાહની પુસ્તકનો પરિચય કરાવવાની શૈલી લાગવપૂર્ણ તો છે જ સાથોસાથ વાચકને પુસ્તક વાંચવા પ્રેરે તેવી પણ છે. પ્રસ્તુત અંકમાં લેખિકાએ સાત સારા પુસ્તકોનો પરિચય કરાવ્યો છે, જેમાં રંગભૂમિ, બાળઉછેર, નવલેખિકાઓના સર્જનનું સંકલન, સિંધુતાઈ જેવા પ્રેરણાદાયી ચરિત્રનું આલેખન, ચરિત્રચિત્રણ અને પત્રસંચયના પુસ્તકો સમાવિષ્ટ છે. લેખિકાની ભાષા અને પુસ્તકનો ટૂંક-પરિચય કરાવવાની શૈલી ખરે જ પ્રસંશનીય છે.

ડૉ. વેદવ્યાસે સી.યુ. શાહ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની ડીગ્રી અર્થે તૈયાર થયેલ બે શોધનિબંધો વિશે લખ્યું છે. શોધનિબંધ પુસ્તક આકારે પ્રકાશિત થયા પુર્વે આ રીતે તેના સંશોધકની જહેમત વાચકો સુધી પહોંચે તે ઉમદા વિચાર છે. ઘણીવાર પ્રકાશનના અભાવે ઉત્તમ શોધનિબંધોની વાત અભ્યાસુઓ સુધી પહોંચતી નથી, એ સંદર્ભમાં આ પ્રકારનું લખાણ આવકાર્ય છે.

રંગીન પૃષ્ઠમાં પ્રકાશિત કાવ્યકૃતિ, ચિત્રાકૃતિ અને તેમાં વણાયેલી પ્રકૃતિની વાત સવજી છાયાએ સુંદર રીતે મૂકી આપી છે.

'પંથે પંથે પાથેય'ના સ્થાને અંતિમ પૃષ્ઠ પર હવે 'જો હોય મારો અંતિમ પત્ર તો' શ્રેણીએ સરસ કબજો જમાવ્યો છે. આ અંકનો નાનકડો પત્ર છે સિદ્ધહસ્ત સર્જક ચન્દ્રકાન્ત ટોપીવાળાનો લેખકે પૃથ્વીપ્રિયાને ઉદ્દેશીને પત્ર લખ્યો છે ને તેમાં પોતાનો પૃથ્વીપ્રેમ પ્રગટ કર્યો છે. પત્રમાં લેખકે પૃથ્વીને જ સ્વર્ગ ગણાવી પોતે સદા સ્વર્ગવાસી હોવાનો રોમાંચ વ્યક્ત કર્યો છે. આ શ્રેણી અંતર્ગત બીજા બે પત્રો પણ અંકની ભીતરે સમાવિષ્ટ થયા છે. અશોક ન. શાહે પોતાના પત્રમાં મુંબઈ જૈન યુવક સંઘ સાથેના પોતાના સ્નેહાનુબંધને ભાવસભર શબ્દોમાં આલેખ્યો છે. સાહિત્યિક સભાનતા સાથે શબ્દોની રમત રમતા લેખકો કરતા સરળતાપૂર્વક પોતાના મનોભાવોને આલેખતા આવા પત્રો વધુ અસરકારક લાગે છે. એસ.પી. ગઢિયાએ પોતાના મિત્ર શ્રી કોઠારીને ઉદ્દેશીને લખેલો પત્ર કૃતજ્ઞતાથી સભર છે. પત્રના માધ્યમથી શ્રી ગઝિયાએ જાહેરમાં ઋણ સ્વીકાર કર્યો છે. પત્રલેખકને લઘુકથા લેખનમાં પ્રવૃત્ત કરાવવાથી માંડીને તેમની લઘુકથાઓના સંચયના પ્રકાશન સુધી લઈ જનાર સ્વજન પ્રત્યે પ્રગટ થયેલ ભાવ વાચક હૃદયને પણ ઝંકૃત કરી જાય છે.

સામયિક સંપાદનની પ્રવૃત્તિ બહુ જ જહેમત માંગી લેતી પ્રવૃત્તિ છે. સેજલબેન પોતાની અંગત વ્યસ્તતાઓની વચ્ચે આ કાર્ય પૂર્ણ નિસબતથી કરી રહ્યા છે. તેમની આ ભાવનાને સલામ ભરું છું.

❑❑❑

ગવમેન્ટ આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ,
આઈ.ટી.આઈ કેમ્પસ,
રાપર-કચ્છ ૩૭૦૧૬૫
સંપર્ક : ૭૫૬૭૦૬૪૯૯૩

સર્જન-સ્વાગત

ડૉ. રશ્મિ ભેદા

પુસ્તકનું નામ : **જ્ઞાનસાર**
લેખક : મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ
વિવેચક : મનુભાઈ ર. દોશી
પ્રકાશક : નમોનમઃ શાશ્વત પરિવાર, અમદાવાદ
મૂલ્ય : રૂા. ૪૫૦/-
ફોન : ૮૪૫૪૯૬૦૫૦૧



દુઃખનું કારણ શું? પરમાત્મા કહે છે - દુઃખનું મૂળ કર્મ છે. કર્મનું મૂળ શું? મહાવીર પ્રભુ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહે છે, સર્વ દુઃખોનું મૂળ મોહ છે. મોહ એટલે અજ્ઞાન. આ અજ્ઞાનના લીધે જીવ આ સંસારમાં અનંતકાળથી ભટકતો રહે છે. આ અજ્ઞાન અને તજ્જનિત દુઃખ આત્મજ્ઞાનથી જ છેદાય છે. આ આત્મજ્ઞાનના પથની, પથિકની, પથદર્શકની, પથ્યતની... તમામ પાસાથી જાણકારી આપતો ગ્રંથ એટલે 'જ્ઞાનસાર'. આ આત્મજ્ઞાન હકીકતમાં વાણીનો વિષય નથી. એ જ્ઞાનનું રહસ્ય તો જ્ઞાનીના અનુભવનો જ વિષય છે. પરંતુ તેની સારભૂત વાત સમજાવવા મહોપાધ્યાય યશોવિજયજીએ 'જ્ઞાનસાર' ગ્રંથની રચના કરી છે. આ અદ્‌ભુત ગ્રંથ એમણે અત્યંત રોચક અને સરળ શૈલીમાં લખેલ છે. કુલ ૩૨ અષ્ટકમાં (આઠ શ્લોકનું એક અષ્ટક) ૨૫૬ શ્લોક દ્વારા આત્માનુભૂતિના વિષયને અર્થાત્ સમ્યગ્‌દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રને અર્થાત્ મોક્ષમાર્ગને આવરી લીધો છે. ઉપાધ્યાયજીએ દરેક અષ્ટક વચ્ચે એકસૂત્રતાની મનોહર માળા ગૂંથી છે. પ્રથમ પાંચ અષ્ટકોમાં ઉંધા ક્રમથી આખો માર્ગ મૂકેલો છે. જ્ઞાન-મોહત્યાગ-સ્થિરતા-મગ્નતા-પૂર્ણતા. સાધના પંથમાં સૌથી પ્રથમ જરૂર છે જ્ઞાનની. આ વાત સાધનજ્ઞાનની છે. તેના દ્વારા સાધ્યજ્ઞાન એટલે કે પરની અસારતાનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, જે સાધનાનું પ્રથમ પગથિયું છે. સાધનાનું બીજું પગથિયું મોહત્યાગનું છે. એના પછી ભીતર જવા માટે ચિત્તસ્થિરતા બહુ જ મહત્ત્વની છે. એ ત્યારે જ શક્ય બને જ્યારે સાધક માટે જ્ઞાન અને મોહત્યાગ સરળતાથી થતું હોય. સાધનાનું આગળનું પગથિયું છે મગ્નતા. એટલે આત્મલીનતા, આત્માનો અપરોક્ષ અનુભવ (આત્મસ્વરૂપની રમણતામાં આત્મામાં સહજ રીતે મગ્નતા હોવી અત્યંત આવશ્યક છે, અનિવાર્ય છે) છેલ્લે પૂર્ણતા અર્થાત્ જેનાથી એને પૂર્ણ સ્વભાવનો અવિર્ભાવ થાય છે, એ પૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત કરે છે જે પૂર્ણતા અષ્ટકમાં બતાવેલું છે.

આવા ઉત્તમ, મનનીય, ચિંતનશીલ ગ્રંથનું વિવેચન મનુભાઈ દોશીએ આ ગ્રંથમાં કર્યું છે. વચ્ચે વચ્ચે એમણે જૈન ધર્મ ઉપરાંત અન્ય ધર્મ, સંપ્રદાયના જ્ઞાની પુરુષોના મનભાવન દૃષ્ટાંત મૂકેલા છે. લગભગ બધી જ સત્ય ઘટનાઓ છે. તેમ જ શ્રીમદ્ રાજચંદ્ર, કબીર અને અન્ય કવિઓની પંક્તિઓ, દોહા વગેરે સચોટ રીતે મૂકેલી છે.

મોક્ષમાર્ગમાં આગળ વધવા ઈચ્છતા સાધકો માટે 'જ્ઞાનસાર'નો સ્વાધ્યાય અવશ્ય કરવા જેવો છે.

♦♦♦

પુસ્તકનું નામ : **ફૂલની ખુશબો**
લેખક : જયભિખ્ખુ
પ્રકાશક : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
કિંમત : રૂા. ૧૪૦/-
પૃષ્ઠ : ૧૨ + ૨૪૪

આ પુસ્તક જીવન પ્રસંગો વર્ણવતી ચરિત્રકથાઓનો એક સુંદર સંગ્રહ છે જેમાં

૩૮ પ્રકારના ફૂલડા ખીલ્યા છે. શ્રી જયભિખ્ખુએ 'ફૂલની ખુશબો'માં ૩૮ ફૂલોની ફોરમને પ્રસરાવી છે. શ્રી જયભિખ્ખુ જીવનધર્મી સાહિત્યકાર હતા. તેઓ ગળથૂથીમાં ધર્મ અને તેના મૂલ્યો લઈ આવ્યા હતા અને એ મૂલ્યો સાથે એમણે એમનું જીવન ગાળ્યું હતું. તેથી તેમની વાર્તાઓ, નવલકથાઓનો વિષય ધર્મ કે ધર્મકથાઓ રહેલો છે. તાત્ત્વિક રીતે જોઈએ તો કોઈ ધર્મ માનવતાથી વિમુખ નથી. આ પુસ્તક ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે. ટૂંકી વાર્તાઓ લખવાની એમની પદ્ધતિ સીધી, સચોટ અને કથનપ્રધાન છે. એક એક કથામાંથી જીવનના મૂલ્યો ઊપસી આવે છે. ફૂલોની ખુશબો જેવા જીવનપ્રસંગો અનાદિકાળથી વહ્યા જતા સંસાર તરંગલોલમાં માર્ગદર્શક બની શકે છે.

♦♦♦

પુસ્તકનું નામ : **પ્રશ્નોત્તર રત્નમાલા, ભાગ-૨**
લેખક : સુબોધી સતીશ મસાલિયા
પૃષ્ઠ : ૩૨૬
કિંમત : વિનામૂલ્ય
પ્રાપ્તિસ્થાન : ૧૯, ધર્મપ્રતાપ અશોક રોડ, અશોક નગર, પાંચમે માળે, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૧.
ફોન : ૯૮૯૨૧૬૩૬૦૯/૮૮૫૦૦૮૮૫૬૭

સુબોધીબેન મસાલિયાનો 'પ્રશ્નોત્તર રત્નમાલા' આ જૈન તત્ત્વજ્ઞાન વિષયક સવાલ-જવાબનો બીજો ભાગ પ્રકાશિત થયો છે. 'પ્રશ્નોત્તર રત્નમાલા'ના પ્રથમ ભાગને દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી

અને શ્રાવકો પાસેથી બહુ જ સુંદર આવકાર મળ્યો છે. આ બીજા ભાગમાં પણ જૈન તત્ત્વના વિધવિધ વિષયોને સવાલ જવાબરૂપે પ્રસ્તુત કરી એ વિષયો સરળ ભાષામાં સમજાવ્યા છે. નિશ્ચય અને વ્યવહાર માર્ગનું સંતુલન જાળવીને જવાબ આપેલા છે. એમના જ શબ્દમાં કહીએ તો એમણે અનુભવની એરણ પર ઊતરીને આપ્યું છે. મોક્ષમાર્ગ પર પ્રગતિ સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગથી જ થઈ શકે છે.

એમણે અનેક વિષયો આ પુસ્તકમાં આવરી લીધા છે જેમકે લબ્ધિમન અને ઉપયોગ મન, ચિત્તશુદ્ધિ અને આત્મશુદ્ધિ, બંધ અનુબંધ, લોકનું સ્વરૂપ, ૬ દ્રવ્યનું સ્વરૂપ, દ્રવ્યના સામાન્ય ગુણ, અષ્ટપ્રકારી પૂજા અને એનું રહસ્ય, સમુદ્રઘાત, બાહ્ય તપ, અભ્યંતર તપ, ધ્યાન, ધ્યાનના પ્રકારો, સંલેખના, સમ્યક્દર્શન આદિ અનેક વિષયોની સમજણ, એ વિષયોના અનુસંધાનમાં ઉત્પન્ન થતી શંકાઓનું સમાધાન આ પુસ્તકમાં મળે છે. બૌદ્ધ ધર્મની ધ્યાનસાધના પદ્ધતિ 'વિપશ્યના' પર પ્રકાશ પાડયો છે. જેમાં શ્વાસનું આલંબન લઈ શરીરની સ્થૂલસૂક્ષ્મ સંવેદનાઓને નિરાસક્ત ભાવે જોવાનું હોય છે. એના અવલંબનથી સતત પરિવર્તનશીલ દેહધારાનું ને ક્રમશઃ ચિત્તધારાનું નિરીક્ષણ અને પરીક્ષણ કરતા રહી રાગ-દ્વેષ અને મોહના સમસ્ત સંસ્કારોથી મુક્ત થવાય છે.

સુબોધીબેનનું આ પુસ્તક લોકોની તત્ત્વની જિજ્ઞાસાનું સમાધાન ઠરશે. ❑❑❑

ભાવ - પ્રતિભાવ

માનનીય તંત્રીશ્રી /સંપાદક, અન્ય. જય જિનેન્દ્ર પાઠવતાં આનંદ અનુભવું છું. નિયમિત રીતે પ્રબુદ્ધ જીવનના અંકો મળે જ છે પરંતુ શરીર, અન્ય બાબતોને લઈને વાચન, મનન, ચિંતન થાય અનિયમિત સહજ...

સાચે જ દર્પણ જ 'ભાવ-પ્રતિભાવ' કહેવાય. માર્ચ ૨૦૧૯નો અંક છે હાથમાં, વાચન ચાલુ જ છે. જેમ મધપૂડામાંથી ટપકતું બિન્દુ મધ, આસ્વાદ કરાવતાં આનંદ જ. આદર્શ, ઉમદા અને સંગ્રહ કરી ને વંચાવવા ગમે જ તેવું સાહિત્ય પીરસાય જ છે. (૧) સુબોધી સતીશ મસાલિયાજી નો લેખ શરીરમાં... ધ્યાન. વધુ રસપ્રદ રહ્યો. હજી બે વખત ચિત્રો પણ જોયા તેથી વધુ સરળ હૃદયંગમ બન્યું છે.

(૨) અસામાન્ય હોય છે જ દાત. મોહનભાઈ પટેલનો લેખ તેઓશ્રીના સૈનિક પુત્રનો પણ રૂવાંડા ખડાં કરી દે તેવું જ. નિવૃત્ત પ્રતાપરાવ વિશ્વાસરાવના પુત્ર તો પાના નં. ૧૨ થી શરૂ થાય છે. માર્ચ ૨૦૧૯ - સાચે જ સો સો સલામ કરવી જ પડે.

ઈતર પણ વાચક, ચાહક, ગ્રાહકને વધુ સહજ, સરળ કઈ રીતે બની શકે. પ્રબુદ્ધ જીવન સંદર્ભે પણ ખરું જે કાબિલે દાદ જ કહી શકાય. આ જ વાસ્તવિકતા છે. અનુકૂળતાએ વાંચવું, વંચાવવું ગમે જ છે. વર્ષોથી સાહિત્ય સાચે જ આદર્શ લક્ષી જીવન માનવનું બનાવે છે જે, તમામ નામી-અનામી મિત્રોને અભિનંદન.

દામોદર કુ. નાગર
ઉમરેઠ
સંપર્ક : ૨૩૪૪૯૦૩૨

❀❀❀

પ્રબુદ્ધ જીવનના અહિંસા વિશેષાંકમાં મને નીચેના લેખ ખૂબ જ ગમ્યા છે.

(૧) શું તમે જણો છો પ્રાચીન પ્રજાના લોહીમાં વણાઈ ગયેલી અહિંસાને? -સુબોધીબેન મસાલિયા

(૨) હિંસા માટે અહિંસા અને હિંસાથી અહિંસા - બકુલ ગાંધી

(૩) વર્તમાનમાં જૈન ધર્મ પ્રમાણે નૈતિક અને દયામય જીવન જીવવાની સરળ સમજ - શ્રી પ્રવીણ કે. શાહ

બીજુ આ અંક થકી જ મને પ્રશ્નોત્તર રત્નમાલાના બન્ને ભાગ મળ્યા. આ માટે પ્રબુદ્ધ જીવન, સુબોધીબેન અને અમદાવાદના શ્રી હિતેશભાઈ સંઘવીનો આભાર માનું એટલો ઓછો છે.

મારું એક સૂચન છે કે જૈન શ્રાવક વિશેષાંક બહાર પાડી જેમાં જૈનોએ વિવિધ ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવી હોય દા.ત. વિશ્વના સૌથી ઝડપી જાદુગર શ્રી સ્વ કે. લાલ સૌરાષ્ટ્રના જૈન હતા. (૨) ફિલ્મ સંગીતકાર કલ્યાણજી-આણંદજી (૩) Torren group જૈન છે. (૪) અદાણી ગ્રુપ જૈન છે (૪) અમદાવાદના સૌથી વધુ વિશ્વસનીય શ્રી અનિલભાઈ વકેરી જૈન છે અને અન્ય પણ.

આવો એક વિશેષાંક બહાર પાડી શકાય.

જય જિનેન્દ્ર

અનિલ મોતીલાલ શાહ
ડી-૧, પારસમણિ ફ્લેટસ,
રન્ના પાર્ક, અમદાવાદ - ૬૧

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

રૂપિયા	નામ
૨,૦૦૦/-	શ્રીમતી પુષ્પાબેન મહેતા
૨,૦૦૦/-	શ્રીમતી કમલાબેન મહેતા
૧,૦૦૦/-	શ્રી મહેન્દ્રભાઈ મહેતા
૫,૦૦૦/-	

દિપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન

૨૫,૦૦૦/-	ઓરબીટ લાઈફસાયન્સ પ્રા. લી. (હસ્તે : શ્રી સુરેશભાઈ ગાલા)
૨૫,૦૦૦/-	

(અનુસંધાન કવર પાનું ૫૨ થી)

સૌ સૌનો ન્યારો પેંડો હોય છે એ સત્ય સમજી જતાં, નિઃસંગ બની જતાં કાફકા કહે છે તેમ, Tree of life, tree of love થઈને મંજરી સાથે ચોપાસ મહેકી જવું, મહેકી રહેવું એ જ કર્મ અવશેષમાં બચે છે.

મિત્રો, વડીલો હું પ્રસન્ન છું આ અંતિમ ક્ષણે. કોઈને અડયા - નડયા વિના જીવન જીવનારને કશો ભય હોતો નથી. પ્રપંચને કોરાણે મૂકીને સહજ રીતે જીવનારને કશી ચિંતા હોતી નથી. પ્રેમ કરવો અને પ્રેમ વડે જ મુક્ત થવું - એથી જીવનની બીજી કઈ ફિલસૂફી હોઈ શકે? નીતિ, સત્ય, પ્રેમ, સદાચાર તો આપણા મૂળિયા છે. જે એનું ઐશ્વર્ય બાળપણથી જ સમજતો થઈ રહે તેને પછી નિરાશા-પશ્ચાતાપ વગેરે કેવાં?

તમે માનશો? ત્રણ ત્રણ વાર મૃત્યુના દૃઢ આલિંગનને પામ્યો છું. ત્રણેવાર ઉપચાર કરનારાઓ હતોત્સાહ થયા છે, ત્રણેવાર હું સતર્ક હતો - કહેતો રહ્યો છું બધીવાર - મૃત્યુ મારી પ્રિય સખી છે. મારા હિસાબ-કિતાબની તપાસ માટે એ ક્યારેક આવી ચઢે છે પણ હમણાં જ એ હસતે ચહેરે પાછી પણ વળશે. ડૉક્ટરોને કહેતો - ગમે તે ક્ષણે હું તો તૈયારી કરીને જ બેઠો છું. મને જીવન પ્રત્યે ફરિયાદ નથી. અસંતોષ કે નથી મેં કોઈને દુભવ્યાં. સંતાનોને સ્વજનોને મેં હંમેશાં મુક્ત રાખ્યા છે. તેઓ નૈતિક જીવન જીવે, સદાચારભર્યું જીવન જીવે તેવી શિખામણને બદલે હું કહું છું કે - હું મારા પિતાને જીવ્યો છું, તમે બને તો તમારા જીવતરમાં તમારા પિતાને થોડું એક જીવો, તમારા આદર્શોને જાળવીને. હા, મૃત્યુની સમજ પણ આપણી આનંદસૃષ્ટિને જુદી રીતે દઢાવી રહે છે. સીમામાંથી નિઃસીમમાં જવા માટેના પાઠ મૃત્યુ પાસેથી જ જાણવા મળે. હું તો એમ પણ સમજતો આવ્યો છું કે જીવનને પરિભાષિત કરવાનું કાર્ય પરોક્ષ રીતે આ મૃત્યુ કરતું રહ્યું છે. મૃત્યુ જ પેલી અસીમ સૌંદર્યલીલા, અસીમ હૃદયલીલાને પામવાના સંકેતો દર્શાવી રહે છે.

મારા અંતિમ પત્ર વેળા પણ, મારા ચિત્તમાં કલેશ નથી, ચિંતા નથી. હું સૃષ્ટિ સૌંદર્ય અને માનવસૌંદર્યથી તૃપ્ત, પરિતૃપ્ત છું. સંભવ છે કે અગાઉની જેમ ચોથીવાર પણ મૃત્યુનું આલિંગન પામું, અને એ કદાચ મને 'ગ્રીનબેલ્ટ'માંથી પસાર થઈ જવા દે...! અથર્વવેદનો ઋષિ કહે છે તેમ, હું પણ ઉદ્‌ગારીશ : મને દીર્ઘ આયુષ્ય આપો...મારી ચાહનાની યાત્રા દીર્ઘ, અતિદીર્ઘ છે!

❑❑❑ સંપર્ક : ૯૮૨૫૩૫૬૫૫૧

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

આયોજિત

૮૫મી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

આપ સહુનું સ્વાગત કરે છે.

દર વર્ષની માફક આ વ્યાખ્યાનમાળા **૨૬ ઑગસ્ટથી ૨ સપ્ટેમ્બર** સુધી

પાટકર હોલ, ચર્ચગેટ ખાતે જ યોજાશે.

જેમાં રોજના બે વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે.

જેનો સમય સવારે ૮.૩૦ થી ૯.૧૫ અને ૯.૩૦ થી ૧૦.૧૫ રહેશે.

પર્યુષણ જેવા મહાપ્રભાવકારી પર્વ નિમિત્તે ધર્મ અને ચિંતનની આ યાત્રા, વિદ્વાનોના વૈચારિક વક્તવ્ય દ્વારા વધુ મંગલમય, મૂલ્યસંવર્ધક, સમાજોપયોગી અને વૈશ્વિક હિતમાં ઉપકાર બનશે, તેવી અપેક્ષા છે. વૈચારિક સાત્વિક ચર્ચા સમાજને જાગૃત રાખે છે. આ ઉદ્દેશથી તત્ત્વચિંતન અને વૈચારિક પ્રક્રિયાના સમર્થ વ્યાખ્યાતાઓ પધારશે :

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સહુને પ્રેમભર્યું આમંત્રણ છે.

ભારત માટેના લવાજમના દર		પરદેશ માટેના લવાજમના દર	
• વાર્ષિક લવાજમ	₹ ૩૦૦	• ૧ વર્ષના લવાજમના	$ 30
• ત્રણ વર્ષનું લવાજમ	₹ ૭૫૦	• ૩ વર્ષના લવાજમના	$ 80
• પાંચ વર્ષનું લવાજમ	₹ ૧૨૫૦	• ૫ વર્ષના લવાજમના	$ 130
• દસ વર્ષનું લવાજમ	₹ ૨૫૦૦	• ૧૦ વર્ષના લવાજમના	$ 250

વાર્ષિક લવાજમ ડોલરમાં મોકલાવો તો ડોલર પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બૅન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039

'કૃતિ, આકૃતિ અને પ્રકૃતિ'

સવજી છાયા - દ્વારકા

ચાંદ પર પહોંચી માનવી ફાંફાં મારે છે,
પૃથ્વી પર ક્યાં બરફની ચાદરો ઓછી છે!

o

છૂટા પડેલ પીંછાની જેમ મને સરકવા દો,
ખરેલ ફૂલ માફક માટીમાં ભળી જવા દો.

o



હંમેશાં ભ્રમમાં જીવતો માણસ એક દિવસ પસ્તાય. જીવન વાસ્તવિકતાને આધારે હોવું જોઈએ. કલ્પનાઓ પોકળ છે. મન તો મર્કટ તે અહીંથી ત્યાં ફંગોળશે. જો વાસ્તવિકતાનો સબળ પાયો ન હોય તો સ્વપ્નોના મહેલો ટકતા નથી. તમારાં સ્વપ્નો ગંજીપાનાં પાનાની જેમ વેરણ-છેરણ થતાં રહે તે પહેલાં તમારે કઠોર કર્મ કરવું પડશે. કૃષ્ણને પણ કઠોર કર્મવાદ કરવો પડયો હતો. ભ્રમ આકાશે રંગરૂપ, ઘાટ બદલતા વાદળો જેવો છે. ભ્રમ ભાંગતા માનવી વાસ્તવિકતાની એરણ પર જમીન દોસ્ત થાય. ''આપણી કલ્પનાઓ ગમે તેટલી ઉન્નત હોય પણ પગ તો જમીન પર ચોટેલા હોવા જોઈએ.''

સંપર્ક : ૦૯૮૭૯૯૩૨૧૦૩

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2019. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.

જો હોય મારો અંતિમ પત્ર તો...

પ્રવીણ દરજી

લેખનું ઉપર પ્રમાણેનું શીર્ષક બાધું છું ત્યારે મારી સમક્ષ બે બાબત તરવરી રહે છે - મૃત્યુ અને જીવન. જીવન તો જીવી રહ્યો છું - મારી શરતે, તમારી શરતે, એકલો રહીને તો સૌની સંગમાં રહીને પણ. તેને સીમા છે છતાં મારે તેને મહત્તમ રીતે જીવી લેવું છે. અંતિમ પત્રની આ ક્ષણ સુધી. હું ચિરપ્યાસી છું. કણેકણ, તસુએ તસુ તેને મારે માણવું છે અને માણી ચૂક્યો પણ છું. ટાગોરની જેમ જીવનને હું 'જીવનદેવતા' લેખું છું. તેને હંમેશાં હું પ્રણામ કરું છું, અઢળક પ્રેમ કરું છું. આ અકલિત ધરા, તેનું અનર્ગળ સૌંદર્ય મારી કામના રહ્યા છે. અથર્વ વેદના ઋષિનું કથન-દેવોનું કાવ્ય જો - મિત્રના ચક્ષુથી - એ મારું લક્ષ્ય છે. હું જાણું છું કે મારો પરિવાર છે, મિત્રવર્ગ છે, સમાજ અને આખી સૃષ્ટિ વચ્ચે છું. પણ એ સર્વની સાથે મેં સંગ અને નિઃસંગના સત્યને વિસ્તાર્યા કર્યું છે. મારો આત્મા તો ageless છે, timeless છે. હું તેથી કિર્કગાર્ડ અને કંઈક અંશે મિલ્ટનની જેમ, સવેળા મને, મારી રીતે રક્ષતો થઈ ગયેલો. હું ભીતરને પ્રશ્નો પૂછી આજ દિન સુધી રંજાડતો આવ્યો છું. મને ત્યાંથી ઉત્તરો પ્રાપ્ત થતા રહ્યા છે. મને એ ઉત્તરોમાંથી બેસુમાર સુખ મળ્યું છે, અનેક દિશાઓ લાધી છે, નવી નવી ક્ષિતિજોનાં દર્શન કર્યા છે. ત્યાંથી તો છેક ચોથા ધોરણમાં ભણતો હતો ત્યારથી ઘણું ઊઘડી આવ્યું હતું. ગામડું હતું, વૃક્ષો ખચિત હરિયાળી હતી, દૂર નિત્ય નજરે પડતો પાવાગઢ હતો, ગામને અડીને મેશરી નદી વહેતી હતી, મા હતી, પિતા હતા, સરળતા હતી, સહજતા હતી. ઈશ્વરે મને છુટ્ટે હાથે, ખોબલે ખોબલે, પી શકું, પીતો રહું એટલું સૌંદર્ય સતત નીર્યા કર્યું છે. હું એ સર્વને આજ દિન સુધી વાગોળતો રહ્યો છું. મને પેલા ઉત્તરોમાંથી બીજી ઉપલબ્ધિ થઈ તે માનવને ચાહવાની. 'દુર્ભાવ' જેવો શબ્દ મેં હજી મારા જીવનકોશમાં પ્રવેશવા દીધો નથી. મારે તો 'માણવું' છે, 'જાણવું' નથી અથવા નહીંવત્ જાણવું છે. હા, માનવહૃદયને પેલી સૃષ્ટિની માફક જ અઢળક ચાહું છું. હું તેના અનેક રૂપોને આ જન્મમાં જ ને યુગોથી પણ નિહાળતો આવ્યો છું. તેનાં અપરંપાર વૈવિધ્યો છે, ક્યારેક નિષેધાત્મક પણ પુષ્કળ મળ્યું છે છતાં છેવટે મને તેનું સહજરૂપ સ્પર્શી રહે છે. એ માણસને હું કેવી રીતે ધિક્કારી શકું? - તેણે જ ઈશ્વરની મૂર્તિ ઘડી છે, મંદિરો બનાવ્યાં છે, મનુષ્યને બરબાદ થતો બચાવ્યો છે, કળાસર્જનો કર્યા છે. અનાથાલયો અને ઘરડાઘરનો વિચાર તેણે જ કર્યા છે. તેણે જ હોસ્પિટલો પણ બાંધી છે, શાળાઓ બાંધી છે. હું રિલ્કેની જેમ પેલા અનિર્વચનીય The unsyable ને તો ચાહું છું જ પણ તે સાથે જે મારી સાથે જ જીવી રહ્યો છે એવા આ માણસને પણ ચાહું છું. હા, સમુદ્ર, આકાશ, ધરા એથી હું જેટલો અચંબિત થતો આવ્યો છું, એટલો જ માનવના આ ભવ્ય આત્માથી પણ પુલકિત થતો આવ્યો છું. ઉદ્ધવજી અને ગોપીઓમાં ગોપીઓ જીતી જાય છે એ મહત્વનું તો છે જ, પણ ઉદ્ધવજી ખુદે ભાવવશ થઈ 'હૈ પ્રેમ જગત મેં સાર, ઔર કુછ સાર નહીં!' એમ ગાયું હતું તે જાણો છો? આ ગોપીઓનો વિજય છે, પ્રેમનો વિજય છે. પેલો 'આત્મા' પણ જુદી રીતે પ્રેમસમુદ્ર છે. માણસ જે ક્ષણે એ વાત પામી લે છે ત્યારથી આનંદ જ એનું ગોત્ર બની જાય છે.

હું તેથી ઘણીવાર ભીતરના લયને સાંભળું છું, તેનાથી ડોલું છું, ક્યારેક મત્ત થઈ જાઉ છું. મને ત્યારે થાય છે કે જીવનને જંતુ કહેનારા જરૂર છે, પણ કોઈક કોઈ glow worms થઈ શકે, ચળકી-ઝળકી શકે તોય આપણા માટે આનંદભયો એ રૂપ બની જતું હોય છે. બસ, મને આ અંતિમ પત્ર લખતી વેળાએ પણ તેથી ઝૂમળું, મહેકી રહેવું ગમે છે. કોઈની સામે તેથી ફરિયાદ કરવાનું ગમતું નથી. સ્વજનોને સલાહ-સૂચન આપવા પણ પસંદ નથી. ક્યારેક કહું છું તો પછી તે છેલ્લીવારનું હોય છે.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૦)

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**
Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.